# શ્રી સ્વામિનારાયણ

Rs. 5/-


## SHREE SWAMINARAYAN

AUGUST '06


ગુરુ પૂર્ણિમા

પૂ.લાલજી મહારાજ જન્મોત્સવ

પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1




ચરાડવા મંદિરમાં રજત દ્વિ શતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં ૨૨૫ દિવસની ધૂનના પ્રારંભ પ્રસંગે મંગલદીપ પ્રગટાવતા પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી




જીવાપર (મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી

ગૂરુપૂર્ણિમાના રોજ દેશો દેશથી પધારેલા સંત-હરિભક્તો શિસ્તબધ્ધ લાઈનમાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના દર્શન કરતા





પ.પૂ.લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે આરતી ઉતારતા અગ્રગણ્ય હરિભક્તો



નેત્રામલી (ઈડરદેશ)ગામે ડો. કે.કે. પટેલના પુત્રને લગ્ન પ્રસંગે આશીર્વાદ આપતા પૂ. મોટા મહારાજશ્રી




મેમકા (મૂળીદેશ)શ્રી સ્વામિનારાયણ મંદિરની (બહેનોનું) મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે વૃંદાવન સ્વામી અને સંતો પ.પૂ.મહારાજશ્રીના દર્શન કરી આશીર્વાદ લઈ રહ્યા છે.

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

# SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૮ ઓગસ્ટ - ૨૦૦૬



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૬૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧. | અસ્મદીયમ્ | ૨ |
| ૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૩ |
| ૩. | શ્રીહરિના દ્રઢા વંશજ પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં પવિત્ર કૈલાશ-માનસરોવર યાત્રા | ૪ |
| ૪. | 'शतंजीवेम् शरदः' | ૫ |
| ૫. | જપ મહિમા | ૯ |
| ૬. | બ્રહ્મતેજના તણખા | ૧૦ |
| ૭. | મૂર્તિને જીવમાં ધાર્યા વગર કારણ શરીરની વાસના બળતી નથી | ૧૩ |
| ૮. | અમારે અને નરનારાયણદેવને સીધો મેળાપ છે | ૧૪ |
| ૯. | સત્સંગની મર્યાદા | ૧૫ |
| ૧૦. | ખોતરેલા આળા.... | ૧૭ |
| ૧૧. | ક્રોધની કાળાશ | ૧૮ |
| ૧૨. | સત્સંગ સુરભિ : બીજું કોણ સમર્થ એવું દેવા ! | ૧૯ |
| ૧૩. | સત્સંગ બાલવાટિકા<br>(૧) કળિયુગના યોગી (૨) વાંચ્યા વગર વિદ્યા મળે ? | ૨૦ |
| ૧૪. | પ્રશ્નપેટી | ૨૩ |
| ૧૫. | ભક્તિસુધા<br>(૧) "શુરવીર ભક્ત કેસર મિયા" (૨) કઠલાલના ડોશી<br>(૩) સાચું જ્ઞાન (માયાનું સ્વરૂપ) | ૨૪ |
| ૧૬. | સત્સંગ સમાચાર દેશ-વિદેશના | ૨૭ |

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.
Visit us : www.swaminarayan.info
E-mail : sntemple@hotmail.com
www.swaminarayanmuseum.com / org

# અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

પવિત્ર ચાતુર્માસ એટલે વર્ષાઋતુ અને શરદઋતુનું સુંદર સંયોજન ! વર્ષા અને શરદ બન્ને ઋતુ મનુષ્યને આનંદ અને નવો ઉત્સાહ પ્રેરે છે. વર્ષાથી પૃથ્વીપરની જીવ સૃષ્ટિ નવપલ્લવિત બને છે. મનુષ્યના ભૌતિક જીવનમાં ધન-ધાન્યની પ્રાપ્તિ થાય છે અને સાથે-સાથે મનુષ્યના જીવનમાં આનંદ ઉપજાવતા વિવિધ ઉત્સવો પણ વર્ષા અને શરદ ઋતુમાં આવે છે.

ભગવાનની પ્રેમ ભક્તિમાં ઉમેરો કરનાર હિંડોળા ઉત્સવની શોભા તો અનેરી હોય છે. ભક્તજનોની ભાવનાથી તૈયાર થતા વિવિધ હિંડોળામાં પ્રેમરૂપી દોરીથી ભગવાન ઝૂલે છે.

"ઝરમર-ઝરમર મેહા બરસે ગરજે ગરજે ઘનઘોર
હિંડોરડામે હોરે-હોરે ઝૂલો મહારાજ"

હિંડોળાઉત્સવ પછી, જન્માષ્ટમીઉત્સવ, ગણપતિઉત્સવ-જલજીલણી એકાદશી મહોત્સવ, ત્યારબાદ શરદઋતુમાં નવરાત્રા, વિજ્યાદશમી અને દિપાવલી મહોત્સવ.

આવા ઉત્સવો મનુષ્યના જીવનમાં આનંદનો ઉમેરો કરે છે ! ઉત્સવનો આનંદ ઉત્સવ પૂર્ણ થાય એટલે ભૂલાય જાય છે. પણ જીવનમાં ભગવાન મળ્યાનો આનંદ ભૂલાવો ન જોઈએ, શાકભાજીમાં બીજા મસાલા ભૂલાય તો ચાલે, પણ મીઠું ભૂલાય તો ન ચાલે ! તેમ મુમુક્ષુના જીવનમાં બીજી બાબત ગૌણ હોય તો ચાલે પણ ભગવાન ભૂલાવા ન જોઈએ. ભગવાન મળ્યાનો આનંદ વિસરાવો ન જોઈએ !! વચનામૃતમાં ભગવાન શ્રીહરિ કહે છે કે મુમુક્ષુજનોએ ભગવાન મળ્યાનો કેફ કાયમ રાખવો, મને તો ભગવાન મળ્યા છે, હું કંગાલ નથી, સ્વભાવ અને અંતઃશત્રુનો દાસ નથી, ભગવાનના ચરણ કમળનો સેવક છું. અને સેવક ભાવે, દાસભાવે ભગવાનની સેવા-ભક્તિ ભજન અને ઉપાસના કરીને ભગવાનનો રાજીપો દરેક ભક્તજનોએ પ્રાપ્ત કરી જીવનને ધન્ય બનાવી લેવું.

**તંત્રી શ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(જુલાઇ - ૨૦૦૬)

૨. પ.ભ. બચુભાઈ ડી. અમીનને ત્યાં પધરામણી, વસ્ત્રાપુર.
પ.ભ. મનસુખભાઈ ચતુરભાઈ મીસ્ત્રીને ત્યાં પધરામણી, સેટેલાઈટ.

૬. લુણાવાડા (પંચમહાલ) શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૭. સંત મહાદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.
પ.ભ. ગોવિંદભાઈ જીવરાજભાઈ ઠુમરને ત્યાં પધરામણી. (મહાપૂજા પ્રસંગે) અને ત્યાં અન્ય પધરામણીઓ, નવા નરોડા.
પ.ભ. રાજેશભાઈ રણછોડભાઈ પંચાલને ત્યાં પધરામણી અને ત્યાં અન્ય પધરામણીઓ, વટવાગામ.

૯. શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા શ્રી સ્વામિનારાયણ રજત દ્વિશતાબ્દીના ઉપલક્ષમાં આયોજીત ૨૨૫ દિવસની અખંડ મહામંત્ર ધૂન્યના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી.

૧૧. ગુરુપૂર્ણિમાના શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં દેશ-વિદેશના હજારો આશ્રિતોએ ગુરુ પૂજન-અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા.

૧૨. પ.ભ. કિશોરભાઈ ચોકસીના હિમાલય જ્વેલર્સમાં પધરામણી, બાપુનગર.
ત્યાં પ.ભ. ગોરધનભાઈ સીતાપરા (હિરાવાડી) અને અન્ય હરિભક્તોને ત્યાં પધરામણી, બાપુનગર.
પ.ભ. સંજયભાઈ આર. સોનીના "શ્રીજી જ્વેલર્સ"ના નવા શો-રૂમ માણેકચોકમાં પધરામણી.

૧૩ થી ૨૫ અમેરિકામાં ફ્લોરિડા શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ અને ન્યુજર્સીમાં સત્સંગ યુવા કેમ્પ પ્રસંગે પધરામણી.


૨૭. ઊંઝા મંદિરમાં આયોજીત હીંડોળા મહોત્સવ પ્રસંગે પધરામણી.
ત્યાં પ.ભ. પ્રવિણભાઈ મુલચંદભાઈને ત્યાં પધરામણી.

૨૮. પ.ભ. જીતેન્દ્રકુમાર મગનલાલ લીલાધરભાઈને ત્યાં પધરામણી, પ્રહલાદનગર.

# જાહેર સૂચના

આથી સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વ હરિભક્તો ને ખાસ જણાવવાનું કે આપણા સંપ્રદાયના દેશ વિભાગના લેખ તથા સત્સંગિજીવન આદિ શાસ્ત્રોના નિયમ પ્રમાણે ત્યાગી ગૃહી સર્વના ગુરુ સ્થાને બિરાજમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એજ સર્વોપરિ છે. તે પરંપરા પ્રમાણે સંપ્રદાયના આપણા કોઈપણ ગામમાં કે મંદિરમાં સંતો હરિભક્તો પાસે દાન ધર્માદો લેવા કે કથા વાર્તા કરવા આવે ત્યારે આચાર્ય મહારાજશ્રીનો આજ્ઞા પત્ર (મહોરછાપ) લઈને જ આવે છે. આ મહત્વની સંપ્રદાયની પરંપરાનું દરેક સંતો તથા હરિભક્તોએ ખાસ ધ્યાન રાખવું અને મહારાજની આજ્ઞાનું સહેજે પાલન થાય તે માટે દરેકે અમદાવાદ દેશના ગામોમાં આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો આજ્ઞા પત્ર આવનાર સંત હરિભક્તો પાસે ખાત્રી માટે જોવાની અપેક્ષા રાખવી.

*આજ્ઞાથી,*
*લી. મહંત સ્વામી*



## શ્રીહરિના કર્ત્તા વંશજ પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં

# પવિત્ર કૈલાશ-માનસરોવર યાત્રા

આપણા ઇષ્ટદેવ સવાંપારં શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના માતા પિતાના સ્વધામગમન બાદ ૧૧ વર્ષની કુમળી વયે વન વિચરણનો પ્રારંભ કરેલો. આજથી ૨૧૫ વર્ષ પહેલા જ્યાં આ વિશ્વનો કોઈ મહાન વિજ્ઞાનિક પણ નહોતો પહોંચી શક્યો તેવા ભયંકર વિકટ હિમાલયના દુર્ગમ પહાડો-નદીઓ, સરોવરો પાર કરતા કરતા શ્રી નીલકંઠવર્ણી કૈલાસ માનસરોવર પર પધાર્યા અને આતે ઉગ્ર તપશ્ચર્યા કરીને આ સરોવરને અલૌકિક અને દિવ્ય તીર્થક્ષેત્ર બનાવેલ છે. જેનું વર્ણન સ.ગુ. આધારાનંદ સ્વામીએ પોતાના ગ્રંથ શ્રીહરિચરિત્રામૃત સાગરના પુર-૨, તરંગ-૨૦માં આ રીતે વર્ણવેલ છે. "માન સરોવર મહાવિશાલા, કુલ રહે મહીં કમલ લાલા, હંસ બેઠે તેહિ તીર અપારા, મોતિન કો સબ કરત ચારા, સો સરમેં હરિ ન હાયે જાઈ, મગન ભયે મહા હુલસાઈ, તીહાં રહે હરિ પાંચહિ દીના, સબ હંસ તેહી દર્શન કીના." આજે ૨૧૫ વર્ષ પછી સંપ્રદાયમાં સૌ પ્રથમ શ્રીહરિના અપર સ્વરૂપ શ્રી નરનારાયણદેવ પીઠના કર્ત્તા આચાર્યશ્રી પ.પૂ.ધ.ધુ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત-હરિભક્તોના વિશાળ સમૂહ સાથે પવિત્ર કૈલાસ માનસરોવરની યાત્રાએ પધારી રહ્યા છે. જે આપણા સમગ્ર સંપ્રદાય માટે ગૌરવ અને અતિ આનંદની વાત કહેવાય.

દેશ-વિદેશના અનેક હરિભક્તોને પ.પૂ. મહારાજશ્રી સાથે યાત્રા કરવાની ઘણીજ ઉત્કંઠા હોય અને ખરેખર આવો સમય જીવનમાં મળવો બહુ દુર્લભ છે. માટે યાત્રામાં જોડાવા ઈચ્છતા દરેક હરિભક્તોએ વહેલામાં વહેલી તકે સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવી લેવું.

## યાત્રા વિશેની સંપૂર્ણ માહિતી

**કુલ દિવસ : ૧૬ ૩૮ : જમીન માર્ગે કાઠમંડુ-ઝાંગ્મુ - કૈલાસ-ઝાંગ્મુ**

| | | |
|---|---|---|
| ૧. | ૩૦-૯-૦૬ | કાઠમંડુ આગમન - ત્યાં ઉતારો. |
| ૨. | ૧-૧૦-૦૬ | પશુપતિનાથજી - બુધ્ધનાથ વગેરેના દર્શન વગેરે |
| ૩. | ૨-૧૦-૦૬ | કાઠમંડુથી ન્યાલમ જીપ દ્વારા ૧૫૦ કિ.મી. ૮ થી ૯ કલાક ત્યાં રાત્રીરોકાણ. |
| ૪. | ૩-૧૦-૦૬ | ન્યાલમ રોકાણ |
| ૫. | ૪-૧૦-૦૬ | ન્યાલમથી સાગા ૨૫૦ કિ.મી. ૭ થી ૮ કલાક, રાત્રી રોકાણ (ગેસ્ટ હાઉસ) |
| ૬. | ૫-૧૦-૦૬ | સાગાથી પર્યાગ ૨૨૫ કિ.મી. ૭ થી ૮ કલાક ત્યાં વિરામ |
| ૭. | ૬-૧૦-૦૬ | પર્યાગથી માન સરોવર ૨૫૦ કિ.મી. ૯ થી ૧૦ કલાક, ત્યાં રાત્રી વિરામ, માન સરોવર ગેસ્ટ હાઉસ અથવા ટેન્ટમાં |
| ૮. | ૭-૧૦-૦૬ | માનસરોવર સ્નાન-પૂજા અર્ચન ત્યાંથી દારચેન તરફ પ્રયાણ, રાત્રી વિરામ ગેસ્ટ હાઉસ. |
| ૯. | ૮-૧૦-૦૬ | જીપદ્વારા દારચેનથી તારબોચે જવું. અહીંથી કૈલાસ પરિક્રમાનો પ્રથમ દિવસનો પ્રારંભ. તારા બોચેથી ડીરાપુક ૧૨ કિ.મી. ૬ થી ૭ કલાક. રાત્રી વિરામ ટેન્ટમાં. |
| ૧૦. | ૯-૧૦-૦૬ | પરિક્રમા ૨ જો દિવસ ડીરાપુકથી ડોરમાલા પાસ થઈ ઝુથુલપુક ૨૨ કી.મી. ૧૦ થી ૧૧ કલાક, રાત્રી વિરામ ટેન્ટમાં. |
| ૧૧. | ૧૦-૧૦-૦૬ | પરિક્રમા ત્રીજો દિવસ અને છેલ્લો દિવસ ઝુથુલપુકથી હોરક્યુ માનસરોવરના કિનારે ૮ કિ.મી. ૫ કલાક, રાત્રી વિરામ ટેન્ટમાં |
| ૧૨. | ૧૧-૧૦-૦૬ | હોરક્યુથી પર્યાગ રાત્રી વિરામ ગેસ્ટ હાઉસ |
| ૧૩. | ૧૨-૧૦-૦૬ | પર્યાગથી સાગા રાત્રી વિરામ ગેસ્ટ હાઉસ |
| ૧૪. | ૧૩-૧૦-૦૬ | સાગાથી ન્યાલમ રાત્રી વિરામ |
| ૧૫. | ૧૪-૧૦-૦૬ | ન્યાલમથી ઝાંગ્મુ કસ્ટમ ઈમીગ્રેશનની વિધિ પુરીને લકઝરી બસ દ્વારા કાઠમંડુ તરફ પ્રયાણ |
| ૧૬. | ૧૫-૧૦-૦૬ | બસ દ્વારા કાઠમંડુથી બપોરે એરપોર્ટ જવા રવાના (વતન તરફ) |

**માનસરોવર યાત્રામાં જોડાવા ઇચ્છતા યાત્રિકોને સૂચન**

પ.પૂ.મોટા મહારાજશ્રી સાથે માનસરોવર યાત્રા છેક માનસરોવર સુધી બાયરોડ વાહનમાં બેસીને કરવાની છે.

પરંતુ જેમને પરિક્રમા કરવાની ઈચ્છા હોય તેમને ચાલતા પરિક્રમા કરવાની છે. જેઓ પરિક્રમામાં ન જોડાયા હોય તેમના માટે માનસરોવરમાં રહેવા માટેની વ્યવસ્થા કરેલી છે.

આયોજક : નિલકંઠ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

એક યાત્રિકનું કુલ ખર્ચ રૂા. ૬૩૦૦૦-૦૦ (વિદેશ રહેતા પાસપોર્ટ ધારકો માટે) અમેરિકન ડોલર : ૨૦૫૧

કાઠમંડુથી કૈલાસ માનસરોવર-કાઠમંડુ (દેશ-વિદેશના હરિભક્તો આ યાત્રામાં સહ પરિવાર જોડાઈ શકે છે.)

આ યાત્રામાં ૧૨ વર્ષથી ૭૦ વર્ષ સુધીના લોકો જોડાઈ શકે છે. યાત્રા દિવસ -૧૬ પાસપોર્ટ જરૂરી છે. યાત્રા શરૂ થવાનું અને પૂર્ણ થવાનું સ્થળ દિલ્હી ઈન્ટરનેશલન એરપોર્ટ

હૃદય અને દમ (અસ્થમા)ના દર્દી યાત્રામાં જોડાઈ શકશે નહી. **તા. ૩૦-૮-૨૦૦૯** પહેલા રજીસ્ટ્રેશન કરાવી લેવું.

વધુ વિગત માટે સંપર્ક : નીલકંઠ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

૪૧૨ એ/બી. પ્લેટીનમ પ્લાઝા, જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ-૫૪.

મો. : ૯૯૨૫૧૨૫૮૫૩, ૯૮૯૮૧૧૪૬૪૬ ● ફેક્સ : (૦૭૯) ૨૬૮૪૦૦૨૮

E-mail : info@neelkanthtoursandtravels.com / Kailasmansarovar99@yahoo.com

URL : www. kailash-yatra.com

www.issoseva.org

# 'शतंजीवेम् शरदः'

## બ્લડ પ્રેશર

### (લોહીનું દબાણ)

**બ્લડ પ્રેશર એટલે શું ?**

શરીરમાં ફરતું લોહી ધમની (રક્ત વહન કરતી નાડી) ની દિવાલ પર જે દબાણ કરે છે તેને બ્લડ પ્રેશર કહેવામાં આવે છે. લોહીનું દબાણ બે આંકડાઓમાં નોંધવામાં આવે છે. જેને અનુક્રમે સીસ્ટોલિક (એટલે કે હૃદયના ધબકાર સાથેનું) અને ડાયસ્ટોલિક (એટલે કે હૃદય બે ધબકારા વચ્ચે આરામ કરે છે તે સમયનું). આ આંકડા અનુક્રમે અથવા ઉપર નીચે નોંધવામાં આવે છે. સીસ્ટોલિક આંકડો પહેલો હોય છે કે પછી ઉપરના ભાગે હોય છે અને ડાયસ્ટોલિક અંક બીજા ક્રમે કે પછી નીચેના ભાગે નોંધાય છે. સામાન્ય સ્થિતિમાં વ્યક્તિનું સીસ્ટોલિક પ્રેશર ૧૨૦ mmHg થી ઓછું હોય છે અને ડાયસ્ટોલિક પ્રેશર ૮૦ mmHg થી ઓછું હોય છે. આ આંકડા ૧૨૦/૮૦ અથવા $\frac{120}{80}$ એમ બે પ્રકારે મૂકી શકાય.

**હાઇ બ્લડ પ્રેશર**

હાઈ બ્લડ પ્રેશરને કારણે હૃદયરોગ અને કિડનીની બિમારીની શક્યતાઓ વધી જાય છે. સ્ટોકની શક્યતા પણ રહે છે. હાઈ બ્લડપ્રેશર ઘણું જોખણી છે. કારણ કે આ બિમારીની ચેતવણીનું કોઈ નિશાન નથી. ઉમર, જાતિ-પ્રજાતિ કે લિંગ ભેદ વગર કોઈને પણ આ બિમારી લાગુ પડી શકે છે. એવું અનુમાન તારવવામાં આવ્યું છે કે દર ચાર અમેરીકન પુખ્તોમાં, એક ને આ બિમારી હોય છે. એકવાર લાગુ પડેલી હાઈ બ્લડ પ્રેશરની બિમારી દર્દીને જિંદગીભર છોડતી નથી. તમે ઉચિત સાવધાની વરતીને આ બિમારીથી બચી શકો છો અને બિમારી જો લાગુ પડી હોય તો તેને નિયંત્રિત કરી શકો છો.

**હાઈ બ્લડ પ્રેશરનું નિદાન**

લોહીના દબાણની નિયમિત ચકાસણી કરતા રહી ને તમે હાઈ-બ્લડ પ્રેશરની બિમારી છે કે કેમ તે નક્કી કરી શકો છો. મોટા ભાગના ડોકટરો બે કે ત્રણ વખત લોહીનું દબાણ માપીને આંકડાઓને આધારે હાઈ બ્લડ પ્રેશરનું નિદાન કરી શકે છે. દબાંણની માપણી અમુક અમુક સમયને અંતરે કરવામાં આવતી હોય છે. ૧૪૦/૯૦ પરના સ્થિર આંકડા હાઈ બ્લડ પ્રેશર સૂચવે છે.

કેટલાંક લોકો ડોકટરની મુલાકાત કરતાની સાથે હાઈ બ્લડ પ્રેશર અનુભવે છે. આ માનસિક સ્થિતિ ને 'વ્હાઈટ-કોટ હાઈપર ટેન્શન' કહેવામાં આવે છે. તમારા તબીબને આવું કાંઈ જણાય તો, તે તમને બ્લડ પ્રેશરની ચકાસણી ઘર પર કરવાની સલાહ આપી શકે છે કે પછી 'એમ્બ્લુલેટરી બ્લડ પ્રેશર મોનિટર' નામનું સાધન પહેરવાની સલાહ આપી શકે છે. સામાન્ય રીતે આ સાધન ચોવીસ કલાક પહેરવાનું હોય છે અને તે સમય દરમ્યાન દર અરધા કલાકે બ્લડ પ્રેશર નોંધાતું રહે છે. આ પ્રકરણમાં આપણે હાઈ બ્લડ પ્રેશરના નિદાન બાબતે વધુ માહિતી મેળવીશું.

**હાઇ બ્લડ પ્રેશર અને પ્રિ-હાઈપર ટેન્શન શું છે ?**

બ્લડ પ્રેશર એટલે રક્તવાહિનીની દિવાલો પર થતું લોહીનું દબાણ. દિવસ દરમ્યાન આ દબાંણમાં વધઘટ થતી રહે છે. લોહીનું દબાણ જ્યારે વધુ સમય માટે ઊંચુ રહે છે ત્યારે તેને હાઈ બ્લડ પ્રેશર કહેવામાં આવે છે.

'હાઈપર ટેન્શન' એ હાઈ બ્લડ-પ્રેશરનું તબિબિ નામ છે. હાઈ બ્લડ પ્રેશર ઘણું જોખમ કારક છે. કારણ કે તે હૃદય પાસે વધુ કામ કરાવે છે અને રક્તવાહિનીની સ્થિતિ સ્થાપકતા જોખમાવીને બરડ કરી નાખે છે. રક્તવાહિનીની આ બરડ સ્થિતિને એથેરીસ્લેરોસીસ કહેવામાં આવે છે. આ સ્થિતિમાં હૃદય રોગ અને સ્ટ્રોકની શક્યતાઓ વધી જાય છે. આ બન્ને અનુક્રમે પ્રથમ અને ત્રીજા સ્થાને મૃત્યુના કારણો છે. જે અમેરીકન સમાજનો અભ્યાસ કરીને તારવવામાં આવેલું છે. હાઈ બ્લડ પ્રેશરને કારણે અન્ય મુશ્કેલીઓ પણ સર્જાય છે. જેમાં કન્જેસ્ટીવ હાર્ટ ફેઈલ્યર, કિડનીની બિમારી અને અંધાપો મુખ્ય છે.

૧૪૦/૯૦ mmHg અથવા તેથી

વધુ ઊંચુ સ્તર એ હાઈ બ્લડ પ્રેશરની નિશાની છે. પાંસઠ વર્ષની વય વટાવી ચુકેલા લોકોનો ત્રીજો ભાગ આ બીમારીથી પીડાય છે. જો તમારું બ્લડ પ્રેશર ૧૨૦/૮૦ અને ૧૩૯/૮૯ ની વચ્ચે રહેતું હોય તો તે પ્રિ-હાઈપરટેન્શન કહેવાય. એનો અર્થ એ થયો કે હાલમાં તમને હાઈ બ્લડ પ્રેશર નથી. પરંતુ નજીકના ભવિષ્યમાં તે થવાની શક્યતા છે. તંદુરસ્ત જીવન પદ્ધતિ અપનાવી ને તમે આ હાઈ બ્લડ પ્રેશરને રોકી શકો છો.

જે લોકોને ૫૫ વર્ષે પણ હાઈ બ્લડ પ્રેશર નથી તેમને આ બિમારી લાગુ પડવાની શક્યતા ૯૦% સુધીની છે. એટલે કે હાઈ બ્લડ પ્રેશર એ એક એવી સ્થિતિ છે કે જેનો સામનો જીવનની કોઈ એક પળે કરવાનો થશે જ.

બ્લડ પ્રેશર ટેસ્ટના બન્ને આંકડા અગત્યના છે, પરંતુ જે લોકો પચાસ વર્ષ કે વધુ વયના છે, તેમના કિસ્સામાં સીસ્ટોલિક પ્રેશરનો આંકડો હાઈ-બ્લડ પ્રેશર માટે વધુ નિર્ણાયક બની જાય છે. સીસ્ટોલિક પ્રેશર એટલે બ્લડ પ્રેશરની નોંધનો પહેલો કે શરૂઆતનો આંકડો, ઊંચુ દબાણ એટલે ૧૪૦ mmHg કે વધુ

**સિસ્ટોલિક બ્લડ પ્રેશર એટલે શું છે ?**

હૃદય ધબકે ત્યારે ધમનીમાં વહેતું લોહી નાડીની દીવાલ પર જે દબાણ કરે છે તેને સિસ્ટોલિક બ્લડ પ્રેશર કહેવામાં આવે છે. બ્લડ પ્રેશરની નોંધમાં આ દબાણના આંકડા પ્રથમ સ્થાને કે ઉપરની તરફ લખવામાં આવે છે. આગળના પરિચ્છેદમાં દર્શાવેલું ૧૪૦ mmHg પ્રેશર હાઈ બ્લડ પ્રેશર કહેવાય અને તે સિસ્ટોલિક બ્લડ પ્રેશર છે. એ જરૂરી નથી કે હાઈબ્લડ પ્રેશર હોય ત્યારે ડાયસ્ટોલિક બ્લડ પ્રેશર પણ હાઈ હોય. સંજોગવશાત્ આ બન્ને પ્રકારના દબાણ ઉંચા હોય તે સ્થિતિને "આઈસોલેટડ સીસ્ટોલિક હાઈપરટેન્શન' તરીકે ઓળખવામાં આવે છે. તેને ટૂંકમાં ISH થી દર્શાવવામાં આવે છે.

**શું આઇસોલેટેડ સિસ્ટોલિક હાઇ બ્લડપ્રેશરની ફરિયાદનું પ્રમાણ બહોળું છે ?**

હા, અમેરિકન લોકોમાં આ પ્રકારની ફરિયાદ બહોળા પ્રમાણમાં હોય છે. મોટા ભાગના અમેરિકન ઉંમર વધવાની સાથે સિસ્ટોલિક બ્લડ પ્રેશરના દર્દી થતા હોય છે અને પંચાવન વર્ષની વયે પહોંચે ત્યાં સુધી તેમનું ડાયસ્ટોલિક પ્રેશર પણ ઉમરની સાથે વધતુ જ રહે છે. ડાયસ્ટોલિક પ્રેશર પંચાવન વટાવ્યા પછી ક્રમે ક્રમે ઘટે છે. સાંઠ વરસથી ઉપરની વયના હાઈ બ્લડ પ્રેશરના દર્દીઓ પૈકી ૬૫% લોકોને ISH ની ફરિયાદ રહે છે ! એ શક્ય છે કે તમને ISH હોવા છતાં સ્વસ્થતા અનુભવો. અન્ય પ્રકારના બ્લડ પ્રેશરની જેમ કોઈ આગવા લક્ષણો નથી. ISH કે અન્ય પ્રકારનું બ્લડ પ્રેશર છે કે નહી તેની ઉચિત ચકાસણી માટે આપ નિયમિત રૂપે આપના ડોકટરની મુલાકાત કરીને બ્લડ પ્રેશર ટેસ્ટ કરાવવો જોઈએ.

**શું આઇ.એસ.એચ. બ્લડ પ્રેશર જોખમ ભરેલું છે કે ?**

બ્લડ પ્રેશર ચાહે કોઈપણ પ્રકારનું હોય, પણ જો તેની ઉચિત કાળજી ન લેવાય તો તે જોખમકારક નિવડી શકે છે. બ્લડ પ્રેશર ટેસ્ટના બન્ને આંકડા સમાન રૂપે અગત્યના છે, પરંતુ કેટલાંક દર્દીઓના કિસ્સામાં સિસ્ટોલિક બ્લડ પ્રેશરનો અંક વધુ મહત્વપૂર્ણ છે. મધ્યમવયના અને ઉંમરલાયક (ઘરડા) લોકોના કિસ્સામાં સિસ્ટોલિક પ્રેશરનો અંક હાઈ બ્લડ-પ્રેશરનું નિદાન વધુ સ્પષ્ટરૂપે કરી શકે છે. જો આ દબાણને સમયસર નિયંત્રણમાં ન લેવાય તો સિસ્ટોલિક પ્રેશર સ્ટ્રોક, હાર્ટ એટેક કે કન્જેસ્ટીવ હાર્ટ ફેઈલ્યોરમાં પરિણમે છે - અનિયત્રિત પ્રેશર કિડની ફેઈલ્યોર અને અંધાપો પણ નોતરે છે. હાઈ બ્લડ પ્રેશરને ચાહે નિર્મૂળ ન કરી શકાતુ હોય પરંતુ તેને નિયંત્રણમાં તો લઈ જ શકાય છે. તબીબી નિરીક્ષણોથી એ હકીકત સિદ્ધ થયેલી છે કે સિસ્ટોલિક હાઈ બ્લડ પ્રેશરને નિયંત્રિત કરીને દર્દીનો જીવ બચાવી શકાય છે. જીવ બચાવવાની સાથે બીમારીની ગંભીરતા ઓછી થાય છે, અને તેના રોજિંદા જીવનની ગુણવત્તામાં સુધારો થાય છે. આમ હોવા છતાં મોટા ભાગના અમેરિકન પોતાનું સિસ્ટોલિક હાઈ બ્લડ પ્રેશર કાબુમાં રાખતા નથી !

**શું કોઇ વિશેષ પ્રકારની સારવાર જરૂરી છે કે ?**

અન્ય પ્રકારના બ્લડ પ્રેશરમાં જે પ્રકારની કાળજી લેવાય છે તે પ્રકારે જ કાળજી લેવાથી ISH ને નિયંત્રિત કરી શકાય છે. જીવન પદ્ધતિમાં ફેરફાર કરીને અને દવાઓ દ્વારા ISH ને નિયંત્રિત કરાય છે. દરેક પ્રકારના હાઈ બ્લડ પ્રેશરનો ગુરુમંત્ર એટલો જ છે કે યેનકેન પ્રકારેણ પરિસ્થિતિને કાબુમાં

રાખવી. બ્લડ પ્રેશરનું નિયંત્રણ કરીને ૧૪૦/૯૦ mmHg થી ઉપર જવા ન દેવું. તમારું બ્લડ પ્રેશર જો ઉપરોક્ત આંકડાથી ઉપર જતું હોય તો તત્કાળ ડોકટરની મુલાકાત કરો. તમારે જીવન પદ્ધતિ અને ઔષધમાં ફેરફાર કરવાના થશે, જેમ કે ખોરાકમાં મીઠાનું પ્રમાણ ઘટાડવું અને પ્રિસ્ક્રાઈબ્ડ મેડીસીન્સમાં ફેરફાર કરાવવો.

**ડાયસ્ટોલિક બ્લડ પ્રેશર શું છે ?**

હૃદયના બે ધબકાર વચ્ચેના સમયમાં નાડીઓમાં વહેતું લોહી નાડીની સપાટી પર જે દબાણ કરે છે તેને ડાયસ્ટોલિક બ્લડપ્રેશર કહેવામાં આવે છે. બ્લડપ્રેશરના નોંધાયેલા આંકડામાં આ આંકડા છેલ્લે કે નીચે લખવામાં આવે છે.

નાની ઉંમરના લોકોમાં ડાયસ્ટોલિક બ્લડપ્રેશર એ એક અવગણી ન શકાય તે પ્રકારનો હાઈપર ટેન્શન નો અંક છે. આ લોકોમાં ડાયસ્ટોલિક બ્લડ પ્રેશરનો અંક જેટલો ઊંચો જાય છે તેટલા પ્રમાણમાં હાર્ટ એટક, સ્ટ્રોક અને કિડનીની નિષ્ફળતાનું જોખમ વધે છે. અને સીસ્ટોલિક બ્લડ પ્રેશર વધતું જાય છે. વધતું જતું સીસ્ટોલિક બ્લડ પ્રેશરને કારણે કિડની જોખમાય છે, અને સ્ટ્રોક કે હાર્ટ એટક પણ હૂમલો કરે છે. તમારા તબીબી આ બન્ને પ્રકારના દબાણનો અભ્યાસ કરીને તમારા બ્લડ પ્રેશરનો પ્રકાર નિશ્ચિત કરે છે અને એ નિદાન ને આધારે તમારી પ્રવૃત્તિઓ, જીવન શૈલી અને ઉપચાર પદ્ધતિ ગોઠવે છે.

**હાઈબ્લડ પ્રેશરની આટલી અગત્ય કેમ?**

હાઈબ્લડ પ્રેશર ઘણું જોખમકારક છે. કારણ કે આ ઉંચું દબાણ હૃદય પાસે વધુ કામ કરાવે છે. આ દબાણને કારણે નાડીની દિવાલો કઠણ થઈ જાય છે. આ દબાણને કારણે હૃદય રોગ અને સ્ટ્રોકનું જોખમ વધે છે. આ બન્ને બિમારીઓ અમેરિકનો ના મૃત્યુના પ્રથમ અને ત્રીજા ક્રમના કારણોમાં છે. આ દબાણ અન્ય મુશ્કેલીઓ પણ ઊભી કરે છે. જેમાં હાર્ટફેઈલ, કિડનીની બીમારી અને અંધાપો મુખ્ય છે.

**તમારા શરીર પર હાઈબ્લડ-પ્રેશરની અસર**

મુખ્ય અસરો આ પ્રમાણે છે.

**સ્ટ્રોક :** સ્ટ્રોકનો હૂમલો હાઈ બ્લડ-પ્રેશરને કારણે થતો હોય છે. ઊંચું દબાણ નબળી પડેલી રક્ત વાહિનીમાં ભંગાણ સર્જે છે અને ભંગાણમાંથી નીતરતું લોહી મગજમાં ફેલાય છે. આ લીકેજ ને કારણે સ્ટ્રોકનો હુમલો થાય છે. સાંકડી થઈ ગયેલી ધમનીમાં જો લોહીનો ગઠ્ઠો થઈ જાય તો રક્ત પ્રવાહ રૂંધાય છે અને તેને કારણે પણ સ્ટ્રોકનો હુમલો થાય છે. આ બન્ને કારણો માટે હાઈ બ્લડ પ્રેશર જ જવાબદાર છે.

**દૃષ્ટિની ઉણપ :** હાઈ બ્લડ પ્રેશરને કારણે આંખમાં ફેલાયેલી રક્તકોશિકાઓ તૂટી જાય છે અને તે કોશિકામાંથી બહાર પડેલું લોહી દૃષ્ટિ કમજોર બનાવે છે. સ્પષ્ટ જોઈ શકાતું નથી. ધૂંધળુ ધૂંધળુ દેખાય છે અને કોઈ વખતે સંપૂર્ણ અંધાપામાં પરિણમે છે.

**રક્તવાહિની :** ઉંમરના વધવા સાથે શરીરમાં ફેલાયેલી રક્તવાહિનીઓ સ્થિતિ સ્થાપકતા ગુમાવતી જાય છે અને બરડ બને છે. ખાસ કરીને હૃદય, મગજ અને કિડનીની રક્તવાહીનીઓ વધુ જોખમાતી હોય છે. રક્તવાહિનીની બરડતા માટે લોહીનું દાબણ જ જવાબદાર છે. લાંબે ગાળે કિડની અને હૃદય જોખમાય છે.

**કિડનીને નુકસાન :** કિડની એક પ્રકારની ગળણી છે જે શરીરનો કચરો તારવી-ગાળીને દૂર કરે છે. હાઈ બ્લડ પ્રેશરના સાતત્યને કારણે કિડનીમાં ફેલાયેલી રક્તવાહિનીની દીવાલો સ્થિતિ સ્થાપકતા ગુમાવી બેસે છે અને આ નળીઓ સાંકડી અને બરડ થઈ જાય છે. આ અક્ષમ નળીઓ ઓછા પ્રવાહીને સાફ કરી શકે છે અને લોહીમાં કચરો રહી જાય છે. આગળ જતા કિડની નિષ્ફળ જાય છે. કિડની નિષ્ક્રિય થતા દર્દી ને ડાયાલિસીસ પર રાખવો પડે છે કે કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવી પડે છે.

**હાર્ટએટેક :** હાઈબ્લડ પ્રેશર એ હાર્ટએટેકનું મુખ્ય કારણ છે. રક્ત વાહિનીઓ ઓકસીજન વાળુ લોહી હાર્ટના સ્નાયુઓને પહોંચાડતી હોય છે. હાર્ટને જો પૂરતા પ્રમાણમાં ઓકસીજન ના મળે તો છાતીમાં દુઃખાવો થાય છે - જેને તબીબી ભાષામાં 'એન્જીના' કહેવામાં આવે છે. રક્તપ્રવાહ જો રુંધાય તો 'હાર્ટ એટેક' થાય છે.

**કન્જેસ્ટીવ હાર્ટ ફેઈલ્યોર :** કન્જેસ્ટીવ હાર્ટ ફેઈલ્યોર, કે જેને ટૂંકમાં CHF કહેવામાં આવે છે, તેનું મુખ્ય કારણ છે. હાઈ બ્લડ પ્રેશર. CHF એ એક ગંભીર સ્થિતિ છે. આ સ્થિતિમાં હૃદય પૂરતા પ્રમાણ લોહી પહોંચાડી શકતું નથી. અને શરીરમાં લોહી પૂરતા પ્રમાણમાં વહેતુ નથી. શરીરની માંગ સંતોષાતી નથી.

**હાઈબ્લડ પ્રેશર થવાના કારણો ?**

હાઈબ્લડ પ્રેશર માટે ઘણા કારણો

૮ ❋❋❋

# જપ મહિમા

– સાધુ પ્રિયવ્રતદાસ

ભગવાનના નામનો જપ એ જ ખરો જપ છે. એ જપ જન્મ મરણ નો અને પાપ માત્ર નો નાશ કરનારો અને પરમકૃપાળુ પરમાત્મા નો ભેટો કરાવનારો છે. દેવ-દેવીઓના નામ મંત્ર તો આ લોકના અને દેવાદિલોક ના નિઃસાર, તુચ્છ અને નાશવંત સુખને આપનારા છે, અને ભગવાન ના નામનો જપ તો આ લોક માં જીવતા ઈચ્છિત સુખ આપનારો અને મરણ પછી પણ અનંત અપાર- શાશ્વત સુખ નો આપનારો છે.

જપ શબ્દ નો અર્થ

जकारो जन्मविच्छेदः पकारः
पापनाशकः ।
तस्माज्जपइति प्रोक्तो
जन्मपापविनाशकः ।

જપ શબ્દ મા જ અને પ એ બે શબ્દ છે, તેમાં જ જન્મમરણ નો નાશ કરનારો અને પ એ પાપ નો નાશ કરનારો છે. જન્મમરણ તથા પાપ માત્ર નો જપ કરે તે જપ કહેવાય. માટે દરેક મુમુક્ષુઓ એ દરેક ક્રિયા માં ભગવાન ના નામ મંત્રનો જાપ કરવો અને ખરેખર જપ મંત્ર તો એક ભગવાન ના નામનો જ કરાય છે.

हरिर्हरति पापनि दुष्टचितैरपि स्मृतः ।
अनिच्छयापि संस्पृष्टो दहत्येव
हिपावकः ॥

જેમ અજાણતા અગ્નિને અડી જવાય તોય તે બાળે છે, તેમ અજાણતા ભગવાનનું નામ લેવાય તોય પાપ માત્ર ને બાળી દે છે. જેમ જળ થી અગ્નિ શાંત થાય છે, સૂર્ય થી અંધકાર ટળે છે તેમ શ્રીહરિના નામથી પાપ માત્રનો પ્રલય થઈ જાય છે.

જેમ કે, આપણા સંપ્રદાય નો જ દાખલો છે કે જયારે ડભાણમાં મહારાજે યજ્ઞ કરાવ્યો હતો તે દરમ્યાન એક રાત્રિ એ જોબનપગી ઘોડા ના તબેલા માં જ્યાં ઘોડા બાંધેલા હતા તેમાં ઘુસ્યો. ત્યાં દરેક ઘોડા આગળ મહારાજ ઘોડા ને ઘાસ ખવરાવતા હતા. તેવા તેને દર્શન થયા ! અને આશ્ચર્ય થયું કે દરેક ઘોડા આગળ એક મુખવાળા માણસ ઘાસ ખવરાવે છે. ત્યારે તેને યાદ આવ્યુ કે પેલા લોકો કહતા હતા કે સ્વામિનારાયણ ભગવાન અહીં યજ્ઞ કરાવે છે. અને તે હાલ અહીં આવ્યા છે. ત્યાં જ તેને મહારાજે દિવ્ય ઐશ્વર્ય બતાવીને તેમને પોતાના આશ્રિત કર્યા. અને ડોક માં કંઠી પહેરાવી અને ભર સભા માં તેને હાર પહેરાવ્યો. ત્યાર થી જોબનપગી તે જોબન ભકત ના નામ થી ઓળખાય છે.

જેમ અગ્નિ ને શાંત કરવા જળ શકિતશાળી છે, અંધકાર ને ટાળવા સૂર્યોદય શકિતશાળી છે, તેમ પાપાત્માઓના પાપ ને ટાળવા ને માત્ર એક ભગવાનનું જ નામ સાર્થક છે. કળિયુગમાં ભગવાનનું નામ એક સંસારસાગર તરવાનુ ખરુ સાધન છે. જીવના જીવનભૂત અને આશ્રય કરવા યોગ્ય એક ભગવાનનું જ નામ છે. જે ભકત દિવસ અને રાત્રિ ભગવાનના નામને ઉચ્ચારે છે, ભગવાનનું પૂજન કરે છે. તો તેને કળિકાળમાં તથા કામક્રોધાદિ દોષો પરાભવ કરી શકતા નથી. કળિયુગમાં પરમાત્માનું નામોચ્ચારણ કરે છે, ભગવાનની પ્રસન્નતાના સાધનો સાધે છે અને ભગવાન ના આદેશ (આજ્ઞા) પ્રમાણે વર્તે છે એ જ યોગી, યતિ, મુનિ, મહાત્મા અને સિધ્ધપુરુષ છે.

अहोभाग्यमहोभाग्यं
हरिनामरतात्मनाम् ।
त्रिदसौरपि ते पूज्याः
किमन्यैर्बहुभाषित्वैः ॥

જેઓ ભકતપતિ ભગવાનનું નામ લેવામાં પ્રીતિવાળા છે તેમના અહોભાગ્ય છે. કેમ કે, તેમના દર્શન ને મોટા મોટા દેવતાઓ પણ ઈચ્છે છે. તેમને ડરાળ કળિકાળ બાધ કરતો નથી.

અને કળિકાળ માં ભગવાનનું નામ-કીર્તન-ભકિત(જપ-કીર્તન) ભકિત શ્રેષ્ઠ ગણવામા આવી છે. માટે આપણા નંદ સંતો પણ આપણને કીર્તનોની હારમાળાઓ આપી ગયા છે.કારણકે નંદ સંતોને ખ્યાલ હતો કે કળિકાળમાં ભકતો કીર્તન ભક્તિને જ શ્રેષ્ઠ માનશે. તે માટે નંદ સંતોએ આપણને અદ્‌ભૂત કીર્તનની હારમાળા આપી છે.

માટે જેમ બને તેમ વધુને વધુ કીર્તન ભકિત કરીએ જેથી ભગવાનની સાથે આપણે જોડાયેલા અને આપણને ભવ પાર ઉતારે. "જેમ લાકડામાં ખીલ્લી લગાવીયે ને તરી જાય" તેમ કીર્તન રુપી ભકિત અને ભગવત નામરુપી ભકિત કરી અને આ ભવ પાર તરી જઈએ.

# બ્રહ્મતેજના તણખા

- ચંદ્રકાંત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

ભગવાનના ભક્ત હોય તે ભગવાનના ધામને પામીને પાછા ત્યાંથી પડતા નથી એવું ગીતામાં કહ્યું છે, તો પછી જે પડતા હશે તે શા કારણથી પડતા હશે ? આવો પ્રશ્ન સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ શ્રીહરિને પૂછ્યો ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, ભગવાનના ધામને પામીને કોણ પાછો પડ્યો ? એક તો બતાવો ?

વૈકુંઠલોકમાંથી જય વિજય પડ્યા. ગૌલોકમાંથી રાધિકાજી અને શ્રીદામા પડ્યા એ શું કહેવાય ? સ્વામીએ દાખલો આપતાં કહ્યું.

જય વિજય તો ત્રીજે જન્મે પાછા ભગવાનના ધામને પામ્યા. માટે એ કંઈ પડ્યા ન કહેવાય. એ તો ભગવાનની ઈચ્છાએ થયું. રાધિકાજી પડ્યા એ પણ ભગવાનની ઈચ્છા જ હતી. કારણ કે પોતાને પણ મનુષ્યદેહ ધરવાનો હતો. પડયો તો તે કહેવાય જેને પાછો ભગવાનનો સંબંધ જ ન રહે. શ્રીજી મહારાજે ઉત્તર આપતાં કહ્યું.

આવી વાત વચનામૃતમાં આવે છે. જય વિજય કોણ હતા ? ભગવાનના ધામમાંથી કેમ પડ્યાં ? શા માટે જન્મ ધરવો પડ્યો ? શા માટે અસુર જાતિમાં અવતાર ધર્યો ? શા મટે ભગવાનની સાથે યુદ્ધ કરવું પડ્યું ? વળી સનકાદિક મુનિઓએ તેમને ક્યાં સંજોગોમાં શાપ આપ્યો ? આ સમગ્ર પ્રસંગ રસદાયક છે. જાણવા જેવો છે. જો કે આ પ્રસંગ ઉભો થયો તેમાં ભગવાનની ઈચ્છા જ પૂર્વ



ભૂમિકામાં રહેલી છે.

સનકાદિક શબ્દ વ્યક્તિ સમૂહ માટે પ્રયોજાયો છે. બ્રહ્માએ જ્યારે સૃષ્ટિના સર્જનના શ્રી ગણેશ કર્યા ત્યારે સૌ પ્રથમ અજ્ઞાન, વિપર્યાસ (મિથ્યાજ્ઞાન), ભેદ, ભય અને શોક એમ પાંચ મનોભાવ પેદા કર્યા. યોગદર્શનમાં અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ (તન્મયતા) સંજ્ઞિત પાંચ વૃત્તિઓનું સર્જન કર્યું એમ જણાવ્યું છે. આ વૃત્તિઓ સાત્વિક સૃષ્ટિના સર્જનમાં ઉપયોગી થશે નહિ એમ વિશ્વસૃષ્ટાને પોતાને જ લાગતાં તેમણે ભગવાનનું ધ્યાન કરી માનસિક શક્તિથી ચાર કુમારોને ઉત્પન્ન કર્યા. આ ચાર કુમારો તે સનક, સનંદન, સનાતન અને સનત્કુમાર. શાસ્ત્રકારો તેને સનકાદિક તરીકે ઓળખાવે છે. પિતાશ્રીએ ચારેય કુમારોને આજ્ઞા કરી. બેટાઓ ! તમે પ્રજાનું સર્જન કરો. બેટાઓ જુદી માટીના નીકળ્યા ! એ તો ધર્મ, ભક્તિ અને મોક્ષમાં અનુરાગવાળા હતા. સગા બાપને ના પાડી દીધી. પિતાજી ! અમારાથી એવું કામ નહિ થાય. અમારે તો ભગવાન વૈકુંઠનાથની આરાધના જ કરવી છે. આજ્ઞાની અવગણનાથી વિધાતાને આખા શરીરે ક્રોધ વ્યાપી ગયો. મરું કે મારું એવું થઈ ગયું. સંયમ શક્તિથી ક્રોધને કાબુમાં રાખવા ગયા પણ ગુસ્સો સહન થયો નહિ. ભૃકુટિની મધ્યમાંથી પુત્ર રૂપે તે બહાર આવિર્ભાવ પામ્યો. એ પુત્ર તે મહાદેવજી - શિવજી. બ્રહ્માએ શીવજીને પ્રજા ઉત્પન્ન કરવાની

આજ્ઞા કરી. શિવજીએ તો પોતાના સ્વભાવ પ્રમાણે ભુત, પ્રેત, પિશાચ એવી ભયાનક સૃષ્ટિ રચવા માંડી. બ્રહ્મા નારાજ થયા. પુત્રને કહ્યું, બેટા ! આવી પ્રજાની મેં અપેક્ષા રાખી ન હતી. આ પ્રજા તો ભવિષ્યની બીજી પ્રજાનો નાશ કરી નાખશે ! હવે તમે આ કાર્ય જ બંધ કરો. અને પ્રજાના સુખ માટે તપ કરો. તપના પ્રભાવથી જ તમે પ્રાણીઓને સુખી કરી શકશો. આમ બ્રહ્માજીને પાંચેય પુત્રો સૃષ્ટિ સર્જનમાં ઉપયોગી ન થયા.

એક સમયે ભગવાન લક્ષ્મીનારાયણ સુખાસને વિરાજમાન હતા. સાન્નિધ્યમાં લક્ષ્મીજી પણ હતા. ભગવાને કહ્યું, હે મહાદેવી ! મને અત્યારે યુદ્ધ કરવાનો એક વિચાર આવે છે.

યુદ્ધ કરવાનો ?

હા, મારે કોઈ બળિયા સાથે યુદ્ધ કરવું છે.

યુદ્ધ કરવાનું કોઈ પ્રયોજન ?

પ્રયોજન કોઈ નહિ. એમ સમજોને કે મને લડવાની ઈચ્છા થઈ છે.

ધન્ય છે તમારી ઈચ્છાને ! કોની સાથે લડાઈ કરશો ?

એજ વિચારું છું. કોઈ મારા સમાન બળવાન હોય તેની સાથે જ યુદ્ધ થાય.

ભગવાનની નજર જયવિજય પર પડી. જય વિજય ભગવાનના મહેલના દરવાજે દ્વારપાળ તરીકે સેવા કરતા હતા. બંને શ્રીહરિના પરમ ભક્ત હતા. શ્રીહરિ એજ એમનું સર્વસ્વ હતું. તેથીજ ભગવાને તે બંનેને દ્વારપાળ તરીકે પોતાની નજીક સેવામાં રાખ્યા હતા. લક્ષ્મીપતિએ વિચાર્યું કે મારા દ્વારપાળ સશક્ત છે. અસ્ત્ર-શસ્ત્રના જાણકાર છે. યુદ્ધ વિદ્યામાં નિપૂણ છે. એમની જોડે યુદ્ધ ખેલવા જેવું છે. પરંતુ એમને મારી સાથે યુદ્ધ કરવા કહું તો પણ તે યુદ્ધ કરે તેવા નથી. કારણ કે હું તેમનો આરાધ્ય ઈષ્ટદેવ છું. સ્વામિ છું. તેઓ મારા સેવક છે. પરંતુ મારે યુદ્ધ તો તેમની સાથે જ કરવું છે. પ્રભુએ મનોમન કોઈ યોજના વિચારી લીધી.

એક દિવસ સનકાદિક કુમારોને ભગવાન વિષ્ણુના દર્શન કરવાની ઈચ્છા થઈ. શ્રીહરિનું સ્મરણ કરતા કરતા ચારેય જણા આકાશ માર્ગે વૈકુંઠધામ તરફ જવા લાગ્યા. સર્વત્ર અતિશય મનમોહક સુંદરતા ધરાવતા પરમ શાંતિદાયક એ દિવ્ય ધામની સૃષ્ટિની શોભા તરફ નજર પણ નાખ્યા વિના, એકમાત્ર ભગવાનના દર્શનનું લક્ષ્ય રાખતા તે કુમારો ધામના છ દરવાજા પસાર કરીને સાતમે દરવાજે આવ્યા. દરવાજે બે શસ્ત્રધારી દ્વારપાળ ઉભા હતા. તેમની પરવા કર્યા વિના આત્મતત્વને પામેલા તે કુમારો અંદર જવા લાગ્યા. પાંચ વર્ષના બાળક સમાન અને નગ્ન અવસ્થામાં રહેલા કુમારોને જોઈ દ્વારપાળ જય વિજયે તેમને ટપાર્યા. અંદર જતાં અટકાવ્યા.

અમારી હાજરીની અવગણના કરીને દરવાજામાં પ્રવેશ કરનાર તમે કોણ છો ?

પ્રભુના ધામમાં પ્રભુના સેવક વિના બીજા કોણ હોય ? છતાં તમે પૂછો છો તો તમારા મનમાં કઈ શંકા છે ? સમદ્રષ્ટિવાળા દેવોની મધ્યમાં વિષમ દૃષ્ટિ ધરાવતા તમે કપટી જણાઓ છો. કુમારોએ પણ કડકાઈથી કહ્યું.

વસ્ત્ર વિહીન દશામાં પ્રભુ પાસે જવાની ઉધ્ધતાઈ કરનારને પૂછવું પડે. અમારી ફરજ છે. દ્વારપાળોએ કહ્યું.

નિરાવરણ દૃષ્ટિવાળાને આવરણ શાનું ? ભગવાનના ત્વરિત દર્શનની ઉત્કંઠાવાળા સનકાદિકે કહ્યું. આજુબાજુમાં આવતા જતાં દેવોની હાજરીમાં બોલાચાલી થઈ રહી હતી. કુમારોને અટકાવ્યા તેથી ગુસ્સે થયેલા તેમણે દ્વારપાળ એવા જય વિજયને શાપ આપ્યો. તમે આ ધામમાં રહેવાને લાયક નથી. અહીંથી તમારું પતન થાઓ. આસુર ભાવને પામો. કામ, ક્રોધ અને લોભનું શાસન હોય તેવા લોકમાં ભટકો.

જય વિજય ઢીલા પડી ગયા. તેમને લાગ્યું કે કંઈક અનિષ્ટ બની ગયું. આ કોઈ સમર્થ મુક્ત પુરુષ જણાય છે. તેમને આપણે દુભવ્યા. પસ્તાવો થયો તેથી પગમાં પડ્યા. માફી માગી. વિનય વચનોથી સ્તુતિ કરતાં કહ્યું, કે કુમારો અમે આપને ઓળખ્યા નહિ તેથી અઘટિત વચનો કહ્યા તે અમારી ભૂલ થઈ ગઈ. આપે જે સજા કરી તે અમે ભોગવીશું પરંતુ હે મહાભાગ ! અમે જ્યાં જઈએ ત્યાં ભગવાન નારાયણની સ્મૃતિનો ધ્વંસ કરે તેવો મોહ અમને ન થાય એટલે અનુગ્રહ આપ કરો.

સર્વજ્ઞ મહાપ્રભુએ લક્ષ્મીજીને કહ્યું, ભાગ્યવાન ! દરવાજે કંઈક થયું જણાય છે. જુઓ, દેવ સમૂહ ભેગો થયો છે. કોઈ અનિચ્છનીય ઘટના તો નહિ બની હોય ? જલ્દી ચાલો આપણે તપાસ કરીએ. ભગવાને પગમાં પાદૂકા પણ પહેરી નહિ. ઝડપથી દરવાજા તરફ ચાલતા થયા. લક્ષ્મીજી પણ પ્રભુની પાછળ પાછળ ત્વરીત ગતિથી ખેંચાવા લાગ્યા. ભગવાનને - વૈકુંઠાધિપતિને જોતાં જ સનકાદિકોના તન-મનમાં રોમાંચ થઈ આવ્યો. ચરણસ્પર્શ કરી કહ્યું, હે મહા પ્રભુ ! આપના દર્શન કરી અમે કૃતાર્થ થયા. અમારા પિતાશ્રીએ આપનો અપૂર્વ મહિમા અમારી આગળ કહ્યો છે. ત્યારથી જ આપને મળવાની ઝંખના હતી. છતાં પ્રત્યક્ષ દર્શનનો લાભ આજે મળ્યો. તેનો અપાર આનંદ છે. પરંતુ હમણાં એક ઘટના

બની ગઈ તેનું દુઃખ પણ છે. આપના દ્વારપાળોએ અમને દરવાજામાં પ્રવેશતાં અટકાવ્યા. અયોગ્ય શબ્દો કહ્યા. અમે આપના દર્શનનો વિલંબ સહન કરી શક્ય નહિ. ગુસ્સાના આવેગમાં અમારાથી તેને શાપ દેવાઈ ગયો. આ જે બન્યું તે કહ્યું. આપ સર્વજ્ઞ છો સ્વતંત્ર છો. જે શિક્ષા કરવી ઘટે તે કરો.

વિષ્ણુ ભગવાને તો બ્રહ્મમુનિઓને અભિનંદન આપ્યા. તેમનું સ્વાગત કરતાં કહ્યું, મારા પાર્ષદ જય વિજયે તમારી અવગના કરી તે મોટો અપરાધ કર્યો છે. ખરેખર તો તેમણે જે કર્યું તે મેં જ કર્યું કહેવાય. મેં જ તમારો અપરાધ કર્યો છે એમ હું માનું છું. હે કુમારો સમગ્ર જગત મને પગે લાગે છે પરંતુ હું તમને પગે લાગું છું. મારું ચરણોદક દેવ-મહાદેવ, ગંગા વગેરેને પવિત્ર કરનારું છે એવો હું આપ સરખા બ્રહ્મદેવોની ચરણરજ મારા મુકુટ પર ચડાવું છું. મારો હાથ તમારો અપરાધ કરે તો તે હાથને પણ કાપી નાખું. મારા પાર્ષદો મારા અભિપ્રાયથી અનભિજ્ઞ હોવાથી આ બન્યું છે તે માટે હું તમારી ક્ષમા માગું છું. તમે એમને શિક્ષા કરી તે સર્વથા યોગ્ય છે. હું તે માન્ય રાખું છું. ભલે તે અસુર યોનિમાં જન્મ પામે. છતાં આપ એટલો અનુગ્રહ કરો કે તેઓ પાછા ઝડપથી મારી સમીપે આવે.

કઠોર હૃદયને પણ વિનમ્ર-વિવેકી બનાવી દે એવી મધૂર વાણીથી શ્રીહરિએ કરેલી સરાહનાથી સનકાદિકો મુંઝાયા. આ તે ખરેખર અભિનંદન છે ? પ્રશંસા છે ? કે વ્યાજ સ્તુતિ છે ? છેવટે અભિનંદન જ આપ્યા છે એવું માનીને બોલ્યા - હે વૈકુંઠાધિનાથ ! જગત ઉપર સર્વોપરિતા આપની છે. આપ દેવ મનુષ્ય પ્રાણી માત્રના નિયામક છો. તેમના પાલક છો. રક્ષક છો. આધાર છો. અમે આપને પ્રણામ કરીએ છીએ આપે અમારી આગળ ક્ષમા યાચી તથા અનુગ્રહ કરવાની વાત કરી એ તો આપનો વિનોદ છે. મહાનતા છે. દોષિત તો અમે પણ છીએ. આપે જય વિજયને અમે કરેલી સજા હળવી, કરવી હોય અથવા પુરસ્કૃત કરવા હોય, જે કરવું હોય તે કરો. અમને પણ યોગ્ય જ ણાય તે શિક્ષા કરો. આપ સર્વ સત્તાધિશ છો. સૌના નિયામક છો. સ્વતંત્ર છો. આપથી મહાન કોઈ નથી.

સારંગધારી બોલ્યા, હે કુમારો ! હું ઈચ્છું છું કે જય વિજયને તમે આપેલો શાપ સત્ય થાઓ. બંને પાર્ષદો ભલે અસુરભાવ પામીને અવતાર ધારણ કરે. પરંતુ થોડા સમયમાં તેઓ મારા ધામમાં પાછા આવે એમ પણ હું ઈચ્છું છું. તમે શાપ આપ્યો તે મારી જ પ્રેરણા હતી. જે પ્રસંગ બન્યો તેનું નિર્માણ મેં જ અવધારેલું હતું. તમે દોષ રહિત છો. હું તમારા પર પ્રસન્ન છું. હળવાશ અનુભવતા અને હરિદર્શનથી મહા આનંદ પામેલા સનાકાદિક કુમારો ભગવાનને પગે લાગી પોતાના નિવાસ તરફ ગયા.

પછી ભગવાને જય વિજય તરફ જોયું. બંનેના શોકગ્રસ્ત ચહેરા પર ઉદાસીનતા હતી. આંખોમાં વિષાદ હતો. અપરાધ ભાવથી પીડિત થતા નીચું જોઈ ઉભા રહ્યા. લક્ષ્મીપતિએ કહ્યું, હે દ્વારપાલો ! તમે દુઃખ ના લગાડશો. ભય ન પામશો. કોઈ ડર ન રાખશો. તમારું શ્રેય થાઓ. કલ્યાણ થાઓ. હાલ જે કાંઈ બન્યું તે મારી ઈચ્છા પ્રમાણે જ થયું છે. સનકાદિકે આપેલ શાપ ટાળવાને હું સમર્થ છું. પરંતુ બ્રહ્મતેજને ઝાંખુ પાડવા હું ઈચ્છતો નથી. પરિસ્થિતિ સ્વીકારી લો. પૂર્વે એકવાર હું યોગ નિંદ્રામાં હતો ત્યારે તમે લક્ષ્મીજીને દ્વારમાં પ્રવેશ કરતા અટકાવ્યા હતા. ક્રોધિત થયેલા લક્ષ્મીજીએ તે સમયે જ તમને બ્રહ્મકુમારો દ્વારા શાપ થવાની આગાહી કરી હતી. તમે જાઓ. અસુરયોનિમાં અવતાર ધરો. મારા શત્રુ બનશો છતાં વૈરભાવે તમારી વૃત્તિ મારામાં રહેશે અને અલ્પ સમયમાં જ શાપથી મુક્ત થઈ અહીં મારા ધામમાં આવશો.

શ્રીહરિની ઈચ્છાથી જય વિજયે શાપને સ્વીકાર્યો. બંને ત્યાં જ તેજહીન થઈ ગયા. દેવત્વનો પ્રભાવ ઓસરી ગયો. વૈકુંઠથી વિદાય લીધી અને ભવિષ્યના નિર્માણ અનુસાર કશ્યપ મુનિથી દિતિના ઉદરમાં પ્રવેશ પામ્યા. તેમનું પતન વૈકુંઠવાસીઓને પણ દુઃખદ લાગ્યું. આમ કેમ બન્યું ? અમરવૃંદમાંથી કોઈએ પૂછ્યું.

ભગવાન વૈકુંઠનાથ કહેતા હતા કે બ્રહ્મતેજનો તિરસ્કાર વિનિપાત તરફ લઈ જાય છે.

પુરાણ કથા કહે છે કે જય વિજય પૂર્વ કલ્પમાં કૈટભ અને મધુ નામના બે સગા ભાઈઓ હતા. તેઓ દાનવકુળના હતા. આ બંને ભાઈઓ ઉપર કોઈ કાર્ય નિમિત્તથી ભગવાન રાજી થયા. અને તેમને પોતાના વૈકુંઠધામમાં દ્વારપાળ તરીકે સ્થાન આપ્યું હતું.

### જેતલપુરધામમાં ભવ્ય હિરના હિંડોળા દર્શન

જેતલપુર ધામના નિજ મંદિરમાં શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના ભવ્ય કલાત્મક હિરના હિંડોળા દર્શન તા. ૨૬-૭-૨૦૦૬ થી ૨૫-૮-૨૦૦૬ પર્યન્ત દર્શન થશે. તો હરિભક્તોએ દર્શનનો અવશ્ય લાભ લેવો.

*(મહંત સ્વામી, જતેલપુર)*

# મૂર્તિને જીવમાં ધાર્યા વગર કારણ શરીરની વાસના બળતી નથી

- જયંતીભાઇ કે. સોની (અમદાવાદ)

દેહાભિમાન છોડ્યા વિના મૂર્તિ નહિ મળે. આખી દુનિયાનું રાજ્ય હોય કે ગમે તેવી મોટાઈ હોય પણ કાળનાં એક ઝપાટે નાશ પામી જાશે. અંતે કોઈ રહેનાર નથી, એક ભગવાન સિવાય કોઈ આત્માને સુખ આપનાર નથી. કરોડો જન્મ સ્ત્રી માટે ધન માટે અને જગતના માન-મોટાઈ અને વ્યવહાર માટે વ્યર્થ ગુમાવ્યા છે, વિચારો કે હવે આ દેહે ભગવાન માટે શું ન થાય ? માટે ભગવાનને સંભારવામાં અખંડવૃત્તિ સિદ્ધિ કરવામાં આજ થી જ લાગી પડીએ. આજ આપણને સર્વોપરિ ભગવાન મળ્યા છે, સર્વોપરિની બાંધેલી ધર્મમર્યાદામાં વર્તાવનાર આપણા સર્વેના ગુરુ પૂજનીય આચાર્ય મહારાજશ્રી મળ્યા છે, તેમના દીક્ષીત અને તેમની આજ્ઞામાં રહેનારા પૂજ્ય સંતો તેમજ ભક્તોનો યોગ પ્રાપ્ત થયો છે. હવે ભગવાન મેળવવાનું કાંઈ બાકી નથી. માટે ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતન કરવા સતત કથાવાર્તા કીર્તન કર્યા કરવા નહિ તો મન અને ઈન્દ્રિયો રૂપી શત્રુતો ભગવાનને પડ્યા મુકાવી અને મહારાજના માર્ગને બદલે માયાના માર્ગે ચડાવી કલ્યાણથી પડાવી દે એવા છે.

એક વખત શ્રીજી મહારાજ દાદાખાચરના આથમણા બારના ઓરડાની ઓસરીની પાસે ઓટો હતો તે ઓટા ઉપર દક્ષિણાદે મુખારવિંદે થાળ જમવા બેઠા હતા. તે જમી રહ્યા પછી મુખવાસ જમતા જમતા ચાલ્યા તે વાસુદેવ નારાયણનાં ઓરડે ઢોલીયો બિછાવ્યો હતો તે ઢોલીયા ઉપર ઉગમણે મુખારવિંદ વિરાજમાન થયા. તે વખતે નૃસિંહાનંદસ્વામી વગેરે સાધુ બેઠા હતા ને શ્રીજી મહારાજનાં ઉઘાડે શરીરે દર્શન કરીને સાધુ સુખ લેતા હતા તે જોઈને શ્રીજી મહારાજને નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું કે હે મહારાજ આવું ને આવું હંમેશા દર્શનનું ને મૂર્તિનું સુખ રહે ખરૂ ? ત્યારે મહારાજ કહે જે જીવમાં ત્રણ ગુણ છે - રજો ગુણ, તમો ગુણ અને સત્વ ગુણ તે જ્યારે જીવને વિષે આવે છે ત્યારે અંતઃકરણ ફેરવી નાંખે છે ને મૂર્તિનું સુખ રહેતું નથી અને તેની સમજણ ચુંથી નાંખે છે તે ગુણ કારણ શરીરને વિષે રહે છે. તે કારણ શરીર કેવું છે તો કોઈ રીતે ટાળ્યું ટળે તેવું નથી ને કરોડો બ્રહ્મહત્યા જેવું છે તે એને સુખ આવવા દેતું નથી. તે ઉપર શ્રીજી મહારાજે ઈન્દ્રની વાત કરી જે ઈન્દ્રને એક બ્રહ્મહત્યા વળગી હતી તે કાંઈ સુખ આવવા દેતી નહોતી તેથી તે શરીરે ઘણો સુકાઈ ગયો. પછી નારદજી મળ્યા તેમણે પૂછ્યું કે હે ઈન્દ્ર તું આટલો બધો દુબળો કેમ છે ? ત્યારે ઈન્દ્રે કહ્યું જે મારે દુઃખ છે એવું દુઃખ બીજી કોઈને નથી, નારદજી કહે કે તારે દુઃખ હોય તો કહે, ત્યારે ઈન્દ્રે કહ્યું મને બ્રહ્મહત્યા વળગી છે તે કાંઈ સુખ આવવા દેતી નથી. ત્યારે નાદજી કહે તને મારૂ માનવામાં આવે તો એક ઉપાય કહું, પણ તને મનાય એવું નથી. ત્યારે તે કહે મને સુખ થાય એવું કહેશો તો શા સારૂ નહિ મનાય, તે તો મનાશેજ, ત્યારે નારદજી કહે તારા નાના ભાઈને હૃદયમાં ધાર્ય. ત્યારે તે ઈન્દ્રે માથુ ડોલાવ્યું ને હસ્યો અને બોલ્યો જે તમે મારી ઠેકડી કરી. ત્યારે નારદજીએ કહ્યું જે મેં તને કહ્યું નહોતું જે તને નહિ મનાય. ત્યારે ઈન્દ્ર કહે કે મહારાજ, કોઈ મોટા મોટા દેવ છે તેનું કહ્યું હોત તો પણ ઠીક હતું પણ આ તો બાળક છે. તેને કોઈ ખબર નથી તો તે શું મારી બ્રહ્મહત્યા ટાળશે. ત્યારે નારદજી કચવાઈને ચાલી નીકળ્યા. પછી બ્રહ્મહત્યા આવીને ઈન્દ્રની છાતી ઉપર ચડી બેઠી ત્યારે ઈન્દ્રને એમ થયું જે નારદજીએ મને જે વચન કહ્યું હતું તે સાચું છે કે મારી ઠેકડી કરી છે. તે સમજીને પોતાનો ભાઈ જે નાનો બાળક તેની સ્મૃતિ કરી ત્યારે બ્રહ્મહત્યા છેટે રહી ને નારદજીનો ભરોંસો આવ્યો ને વામનજીની મૂર્તિને સમીપે રાખવા માંડી ને એની સ્મૃતિ રાખવા માંડી ત્યારે બ્રહ્મહત્યા છેટે રહી. તે જોઈ ઈન્દ્રને વિચાર થયો કે જે નારદજીને કહ્યું હતું જે એજ મૂર્તિને જીવમાં ધારજે ત્યારે તે ઈન્દ્રે જીવમાં ધારવાનો અભ્યાસ કર્યો ત્યારે મૂર્તિ નિરંતર જીવને વિષે રહેવા માંડી ત્યારે બ્રહ્મહત્યા નાશ પામી. - તેમજ અભ્યાસ કરતા કરતા મૂર્તિ અખંડ જીવમાં રહેતો કારણ શરીર છે તે નાશ પામે તે વિના કોટી ઉપાય કરે તો પણ કારણ શરીર નાશ પામે નહિ. માટે તમારે સુખ જોઈતું હોય તો તે મૂર્તિ જીવને વિષે ધારો ને ધારતા ધારતા મૂર્તિ જીવમાં રહેશે ત્યારે જ કારણ શરીર નાશ પામી જશે ને ભગવાન અખંડ

( અનુસંધાન પાના નં. ૧૬ પર)

# અમારે અને નરનારાયણને સીધો મેળાપ છે

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

આ માયાવી સંસારમાંથી મુક્ત થવા કે મુક્તિ પ્રાપ્ત કરવા ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવા તથા ધાતુની કે પાષાણની મૂર્તિ કે ચિત્ર પ્રતિમા જે પૂજવા મળી હોય, તેમાંથી મૂર્તિ ભાવ ટાળવા શ્રીહરિએ સ્વયં જણાવ્યું છે. આજે સંતો તથા સદ્‌ગુરુવર્યો એ બાબતપર જ ભાર મૂકીને સમજાવી રહ્યા છે કે, "જ્યાં સુધી ચિત્ર પ્રતિમા કે મૂર્તિમાં સાક્ષાત્ ભગવાન સ્વયં ઉપસ્થિત છે તેવી લાગણી, તેવો અંતરનો ભાવ મનુષ્યને ન જાગે ત્યાં સુધી જીવની મુક્તિ થવી મુશ્કેલ છે." પરંતુ જ્યારે મૂર્તિભાવ ટળી જાય ત્યારે મનુષ્ય આ જગતને જીતી જાય છે. ભગવાન સંબંધી સુચારૂ પંચવિષયો એકજ ક્ષણમાં એક સાથે ભોગવવાનું સૌભાગ્ય તેને પ્રાપ્ત થાય છે. મનુષ્ય નિજાનંદમાં દિવ્યાનંદમાં ડૂબી જવા પામે છે. આવી દિવ્યાનુંભૂતિ માટે મનુષ્યે આ લોકના પંચવિષયના રાગો ટાળવા પડે છે. ભગવાનને પામવાનો કે સાક્ષાત્કારનો તબક્કો મૂર્તિભાવ ટાળવાથી પ્રાપ્ત થાય છે.

ગઢડા પ્રથમ પ્રકરણના ૪૮માં વચનામૃતમાં શ્રીજી મહારાજે અષ્ટ પ્રકારની મૂર્તિનું પ્રમાણ આપ્યું છે. સાવધાન થઈને આ વાત સાંભળવા આજ્ઞા, સભામાં ઉપસ્થિત સંતો, હરિભક્તો અને મુનિજનોને આપીને બોલ્યા જે હરિભક્ત માત્રને શ્રી નરનારાયણદેવની મૂર્તિ કાગળમાં લખાવી દેશું તે પૂજજયો અને એ પૂજા સર્વ શાસ્ત્રે કરીને પ્રમાણ છે અને શ્રીમદ્ ભાગવતને વિષે પણ અષ્ટ પ્રકારની મૂર્તિ કહી છે. માટે ચિત્ર મૂર્તિ પણ અતિ પ્રમાણ છે. અને અમારી આજ્ઞા પણ છે, માટે હરિભક્ત માત્રને પ્રાતઃકાળમાં સ્નાન કરીને શ્રી નરનારાયણની પૂજા કરવી, પૂજા કર્યા પછી પરિક્રમા કરવી અને સાષ્ટાંગ પ્રણામ કરવા. પછી ભગવાન પાસે એમ માગવું જે, હે મહારાજ ! અમારી કુસંગ થકી રક્ષા કરજો. તે કુસંગ ચાર પ્રકારનો છે. એક તો કુડાપંથી, બીજા શક્તિ પંથી, ત્રીજો વેદાંતી ને ચોથા નાસ્તિક. માટે જો કુડાપંથીનો સંગ થાય તો વર્તમાનમાં ચૂકાડે અને શક્તિપંથીનો સંગ થાય તો દારૂ-માટી ખવડાવીને ભ્રષ્ટ કરે અને વેદાંતીનો સંગ થાય તો આકાર માત્ર ખોટા કરે અને ભગવાનના ધામ અને ભગવાનની મૂર્તિઓ ખોટી કરી દેખાડે અને ભ્રષ્ટ કરે અને નાસ્તિક હોય તે કર્મને જ સાચાં કરીને ઈશ્વરને ખોટા કરી દેખાડીને ભ્રષ્ટ કરે. માટે એવા કુસંગથી તથા ક્રોધ લોભ આદિકથી રહિત થવા વાસ્તે નરનારાયણનું સ્તવન કરવું."

શ્રીજી મહારાજે સ્વસ્વરૂપ વિષે સુક્ષ્મ રીતે સ્પષ્ટતા કરી અને પોતાના અતિ દિવ્ય ઐશ્વર્ય અને સામર્થ્યની વાત પણ રજુ કરી. તેઓશ્રીએ જીવના આત્યંતિક કલ્યાણનો અતિ સરળ માર્ગ બતાવતાં વર્ણવ્યું કે, "તમે સર્વે હરિભક્ત મનમાં લાવશો નહિં જે એ તો કાગળ ઉપર ચિત્રામણ છે. તે આપણી કેમ કુસંગ થકી કરશે ? અમારી આજ્ઞાએ કરીને તમે સર્વે નરનારાયણની પૂજા રાખશો તો અમારે અને નરનારાયણને તો સીધો મન મેળાપ છે. તે અમે નરનારાયણને કહેશું જે, હે મહારાજ ! જે પંચવર્તમાનમાં રહીને અમારી આપેલ જે તમારી મૂર્તિ તેને પૂજે તેમાં અખંડ વાસ કરીને રહેજો. માટે એ નરનારાયણદેવ છે તેને અમે સ્નેહરૂપી પાશે બાંધીને જોરાવરી પણે રાખીશું, માટે તમે સર્વે એમ નિશ્ચય જાણજો જે એ મૂર્તિ છે તે શ્રી નરનારાયણદેવ પંડેજ છે એમ જાણીને કોઈ દહાડો મૂર્તિ અપૂજ્ય રહેવા દેશોમાં.... પૂજા કરશો ત્યાં સુધી એ મૂર્તિને વિષે શ્રી નરનારાયણ વિરાજમાન રહેશે એ અમારી આજ્ઞા છે તે સર્વે દૃઢ કરીને માનજ્યો."

આમ શ્રીજી મહારાજે આપણા આ ભવરોગને ટાળવા કે પછી આ ભવને અતિ સરળતાથી તરી જવા ઉપાસનાનો સરળ માર્ગ દર્શાવ્યો છે. કોઈ પણ અવતારે આવી વાત ઉચ્ચારી નથી. પરંતુ શ્રીજી મહારાજ તો સર્વ અવતારના અવતારી છે. ભગવાનનું આટ આટલું પ્રત્યક્ષપણુ તો ભગવાન શ્રીહરિ ભાવના ભૂખ્યા છે. તેઓની સંગાથે જો જીવની ભાવાત્મક એકતા સર્જાય તો જીવ સદેહે મોક્ષભાગી બનવા પામે.

કમનસીબીની વાત તો એ છે કે ઘણા અલ્પપ્રમાણમાં શ્રીહરિની આ આજ્ઞા ને ભક્તો અંગિકાર કરે છે. આજે પણ સંતવર્યો કે જેઓ નખશીખ આજ્ઞા પાળી રહ્યા છે તેઓ તો ચિત્ર પ્રતિમામાં શ્રીહરિને નિરખી ભાવ વિભોર બની જઈ દિવ્યાતીદિવ્ય મહામૂલું સુખ ભોગવતાં સમાધિસ્થ બની જાય છે. આવા સંતોની દૃષ્ટિ અને દેહ નિરાવરણ બની જાય છે.

( અનુસંધાન પાના નં. ૨૨ પર)

# સત્સંગની મર્યાદા

- પટેલ અમૃતલાલ હીરજીભાઇ (લખતર)

## દેવની મર્યાદા

(૧) શ્રીહરિની આજ્ઞાથી પોતાની ગાદી ઉપર વિરાજતા પોતાના પુત્રો - આચાર્યશ્રીએ સ્થાપિત પ્રતિષ્ઠા કરેલ મૂર્તિઓ કે પૂજવા માટે આપેલ ચિત્ર પ્રતિમાઓમાં પ્રત્યક્ષ દેવ બિરાજે છે એવો ભાવ રહે ત્યારે દેવની મર્યાદા રાખી શકાય.

(૨) અખંડ પૂજા કરનાર પૂજારીને પ્રત્યક્ષ દેવ બિરાજમાન છે તેવો ભાવ રાખીને પૂજા કરવી જોઈએ.

(૩) પરમેશ્વરે પોતાની આજ્ઞા કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને વિરાજમાન રહે છે. તે મૂર્તિને ભગવાનનો ભક્ત પૂજતો હોય ત્યારે જેમ પ્રત્યક્ષ ભગવાન વિરાજતા હોય અને તેની મર્યાદા રાખે તેમ તે મૂર્તિની પણ રાખવી જોઈએ. તેમજ ધર્મકુળ આશ્રિત સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહી છે તે સંતની પણ મર્યાદા રાખવી જોઈએ.

(૪) જ્યારે ભગવાનને અંતર્યામી જાણીને મર્યાદા નથી રાખતો તો એને ભગવાનનો નિશ્ચયજ નથી.

(૫) ભગવાનની મૂર્તિ સામે પીઠ કરીને બેસવુ નહિ અને ભગવાનની મૂર્તિ સામે પગરખા પહેરીને જવું નહિ.

(૬) ભગવાનની મૂર્તિ સામે ફુલનો હાર ધારણ કરીને જવુ નહિ.

(૭) મળ ત્યાગ કરી નાહિને કપડા બદલીને મંદિરમાં પ્રવેશ કરાય. બેસણામાં જઈ આવ્યા પછી સ્નાન કરીને કપડા બદલીને ભગવાનના મંદિરે જવું.

(૮) કેટલાક માણસો પગમાં ચંપલ જેવા મોજા પહેરીને નિજ મંદિરમાં ફરે છે તેનાથી દેવનો અપરાધ થાય છે.

(૯) ભગવાન પોઢ્યા હોય કે ભગવાન થાળ જમતા હોય ત્યારે પ્રદક્ષિણા કરવી નહિ.

(૧૦) આપણા સંપ્રદાયની વિશેષતા દંડવતે કરીને છે. પુરુષોએ આઠ અંગ (૧) હાથ, (૨) પગ, (૩) ઢીંચણ, (૪) છાતી, (૫) મસ્તક, (૬) મન, (૭) વાણી, (૮) દ્રષ્ટિ સહિત દંડવત કરવાં.

(૧૧) સ્ત્રીઓએ પંચાગ નમસ્કાર (૧) હાથ, (૨) મસ્તક, (૩) મન, (૪) વાણી, (૫) દ્રષ્ટિ સહિત નમસ્કાર કરવા.

(૧૨) દેવના દર્શન કરતી વખતે ભગવાને પહેરેલા શણગારના ઘરેણા વસ્ત્ર અને અંગો અંગ નીરખવા.

(૧૩) હરિભક્તને બહારગામ જવાનું થાય ત્યારે પાણી ધરાવી પડદો રાખી પ્રાર્થના કરવી હે મહારાજ બહારગામ જવાનું થયું છે તો આપ અમદાવા નર-નારાયણદેવ ભેળા થાળ વિગેરે જમવા પધારજો.

## શાસ્ત્રની મર્યાદા

(૧) ધર્મશાસ્ત્રનું વાંચન કરતા પહેલા ધર્મશાસ્ત્રને પગે લાગવું.

(૨) શાસ્ત્રને વાંચતા અધવચ્ચે ક્યાંક જવું પડે તો શાસ્ત્ર બંધ કરીને યથા સ્થાને મૂકીને જવું.

(૩) શાસ્ત્રના પાના વાળવા નહિ તેનો તકિયો કે અડકણ બનાવવું નહિ પગ નીચે રાખવું નહિ.

(૪) શાસ્ત્ર બહાર લઈ જવુ હોય તો કપડામાં બરાબર બાંધીને કોથળીમાં લઈ જવું જેથી હાથનો પરસેવો શાસ્ત્રને ન લાગે (અડે નહિ) શાસ્ત્ર ભગવાનનું સ્વરૂપ છે.

(૫) શાસ્ત્રના પાના ખોલવા થૂંક ન લગાડવું. અધ્યાય પુરો થયા પછી ઉઠવુ કે વાત કરવી.

(૬) શાસ્ત્રને ઉંચા આસન પર રાખવું. પવિત્ર થઈ અડવુ. શાસ્ત્ર એ શ્રીહરિનું સ્વરૂપ છે.

## તીર્થસ્થાનોની મર્યાદા

(૧) કૂવાથી દૂર સ્નાન કરવું કે હાથ પગ ધોવા જેથી સ્નાન કર્યાનું પાણી કૂવામાં ન જાય.

(૨) નદી કે તળવામાં કોગળા કરવા નહિ મળમૂત્ર, કચરો, પથ્થર, કાંટા આદિ નાખવું તે બહુજ ખરાબ છે.

(૩) નદી તળાવ કે સરોવરના કિનારાથી (૧૨૫ ફૂટ) દૂર મળ, મૂત્ર કરવું.

(૪) તીર્થસ્થાનમાં પાપ ધોવા માટે આવીએ છીએ. તો બને તો સફાઈ કરીએ પણ ગંદકી તો કરવી નહીં.

(૫) તીર્થસ્થાનમાં મનને પવિત્ર રાખવું. ભગવાનમાં વૃતિ જોડવી. સંત સમાગમ કરવો. તીર્થસ્થાનોમાં મળતી સગવડ-અગવડને યાદ ન કરવી. મુખ્ય હેતુ દર્શન છે તેનું અનુસંધાન રાખવું. તીર્થસ્થાનમાં ભગવાનની મૂર્તિના

શણગાર, પ્રસાદીના સ્થાનને યાદ રાખવાં.

(૬) વિધિ પ્રમાણે તીર્થયાત્રા કરે તો યથાર્થ ફળ મળે છે. પાંચ વ્યક્તિઓને તીર્થનું ફળ મળતુ નથી. (૧) શ્રધ્ધા વગરનો (૨) બીજો પાપી (૩) ત્રીજો નાસ્તિક (૪) ચોથો શંકાશીલ અને (૫) પાંચમો કૃતર્ક કરવાના સ્વભાવવાળો. એ પાંચ પ્રકારના માણસોને તીર્થનું ફળ મળતું નથી. જે પુરૂષ કામ-ક્રોધ-લોભ-જીતીને તીર્થયાત્રા કરે તેને સંપૂર્ણ ફળની પ્રાપ્તિ થાય છે.

(૭) હે શ્રીહરિના વ્હાલા ભક્તો તીર્થમાં જઈને ઉપવાસ કરવો. મુંડન કરાવવું, સપિંડ શ્રાધ્ધ કરવું અને શક્તિ પ્રમાણે દાન આપવું. હે સજજનો પવિત્ર તીર્થમાં જઈને પરમાત્માનું નામ કીર્તન દાન આદિક જે જે સત્કર્મ કરે છે તેને હજારગણું ફળ મળે છે. જેમ તીર્થમાં કરેલું પુણ્ય વૃદ્ધિ પામે છે તેમ તીર્થમાં કરેલુ પાપ પણ વૃદ્ધિ પામે છે. ઘરમાં કરેલું પાપ તીર્થમાં જવાથી નાશ પામે છે. પણ તીર્થમાં કરેલુ પાપ એ તો વ્રજલેપ થઈ જાય છે. તેનું કોઈ પ્રાયશ્ચિત પણ હોતું નથી.

(૮) જે માણસ પૈસા હોવા છતાં તીર્થમાં જઈને વાપરતો નથી, બીજાની ગુપ્ત વાતો જેને તેને કહેતો હોય, જે અતિ નિર્દય હોય, અતિ લોભી હોય, અતિ દંભી હોય, વિષય લાલચું હોય, તેવા પુરૂષો સર્વે તીર્થમાં સ્નાન કરે તો પણ મલિન જ રહે છે. શરીર ધોવાથી માણસ પવિત્ર બનતો નથી પણ મનનો મેલ ધોવાથી પવિત્ર બને છે. માટે તીર્થમાં મનને વશ કરીને રાખવું.

## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની મર્યાદા

(૧) પોતાના આચાર્ય સાથે ક્યારેય પણ વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન, ધન, વસ્ત્રાદિકે કરીને પોતાના આચાર્યને પૂજવા. (શિક્ષાપત્રી શ્લોક-૭૧)

(૨) પોતાના આચાર્યને આવતા સાંભળીને આદર થકી તત્કાળ સન્મુખ જવું તે આચાર્ય ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવાં જવું. (શિક્ષાપત્રી શ્લોક-૭૨)

(૩) પોતાના આચાર્ય પાસેથી તથા શ્રીકૃષ્ણ ભગવાનના મંદિરમાંથી કરજ ન લેવું. વળી પોતાના વ્યવહારના અર્થે ઘરેણા, વસ્ત્રાદિક, પાત્ર-વસ્તુ તે માગી લાવવા નહીં. (શિક્ષાપત્રી શ્લોક-૧૫૦)

(૪) આચાર્ય મહારાજશ્રીના દર્શને જઈએ ત્યારે દંડવત પ્રણામ કરવા. મસ્તકેથી ટોપી, પાઘડી કે સાફો ઉતારી મસ્તક નમાવવું.

(૫) પૂ. મહારાજશ્રી સભામાં પધારે ત્યારે આદર થકી ઉભા થવું. પોતે ગાદી પર બિરાજે પછી બેસવું. આચાર્ય મહારાજશ્રી સભામાંથી પધારે ત્યારે ઉભા થઈને નમસ્કાર કરવા.

(૬) પૂ. આચાર્ય મહારાજશ્રીના દર્શને જઈએ ત્યારે ફૂલનો હાર ધરાવવો કે શ્રીફળ અથવા ભેટ આગળ મુકવી.

(૭) સમૈયામાં હોય ત્યારે આચાર્ય મહારાજશ્રી ચાલતા પસાર થતા હોય ત્યારે ચરણ સ્પર્શ કરવા પડા-પડી ન કરવી, ધક્કામુક્કી ન કરવી. માત્ર હાથજોડીને ઉભા રહી પ્રણામ કરવા. ભીડમાં બે બાજુ હાથ જોડી ઉભા રહી વચ્ચે રસ્તો કરી આપવો જે ચરણ સ્પર્શ કરતા અધિક છે. આચાર્ય મહારાજશ્રીના ચરણ સ્પર્શ કરવાનો મહિમા છે. આચાર્ય મહારાજશ્રીને ચરણ સ્પર્શ સિવાય શરીરના કોઈપણ અંગને અડવુ નહિ. (તે પણ અવિવેક છે).

(૮) પુરૂષ હરિભક્તોએ આચાર્ય મહારાજશ્રી પાસેથી ગુરુમંત્ર અવશ્ય લેવો અને તે મંત્રની અવશ્ય એક માળા કરવી. બહેનોએ પૂજ્ય ગાદીવાળા પાસે ગુરુમંત્ર અવશ્ય લેવો.

(૯) લગ્ન આદિ વ્યક્તિગત વ્યવહારિક કાર્યક્રમોમાં આપણે આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ લેવા આપણે સામેથી જવું પણ આશીર્વાદ આપવા આપણા ઘેર તેડાવવાનો આગ્રહ રાખવો નહિ.

---

### મૂર્તિને જીવમાં ધાર્યા .....

(પાના નં. ૧૩નું ચાલું)

જીવમાં રહેશે ત્યારે તમને ઘણું સુખ આવશે અને કોઈ દહાડો ટળે નહિ એવું નિરંતર સુખ રહશે. એવું સ્વામિનારાયણ ભગવાને સ્વયં કહ્યું છે. ગઢડા પ્રથમનાં પહેલા વચનામૃતમાં પણ સ્વયં શ્રીહરિએ કહ્યું છે કે ભગવાનની મૂર્તિ છે તે તો ચિંતામણી તુલ્ય છે. અને ભગવાનની મૂર્તિને વિષે જેના મનની અખંડ વૃત્તિ રહે છે તે તો જીવ ઈશ્વર, માયા અને બ્રહ્મ એમના સ્વરૂપને જો જોવાને ઈચ્છે તો તત્કાલ દેખે છે. તથા વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમહોલ એ આદિક જે જે ભગવાનના ધામ છે તેને પણ દેખે છે. તો આટલી મોટી પ્રાપ્તિ અન્ય કોઈ સાધનથી થતી નથી તે તો મૂર્તિના પ્રતાપથી જ થાય છે. - માટે જીવમાં મૂર્તિ ધાર્યા કરવી અને કલ્યાણ સાધી લેવું.

# ખોતરેલા ચાળા...

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ
(મહંત સ્વામી, નારાયણઘાટ)

ભગવાન રામચંદ્રજીએ રાક્ષસરાજ લંકેશનો વધ કરીને લંકા ઉપર વિજય મેળવી સીતાજીને કારાવાસમાંથી મુક્ત કરાવ્યા પછી પોતાના શૂરવીર યોધ્ધાઓ સાથે સમગ્ર વાનર સેનાનું અભિવાદન કરવા એક વિશાળ સભાનું આયોજન કરેલું અને તેમાં નાના-મોટા તમામ વાનરોની ખૂબજ પ્રસંશા કરી તે સર્વેને મિષ્ટ ભોજનની મિજબાની આપવા પંગતો પાડી પત્રાવડામાં વિવિધ જાતના મિષ્ટાનો પીરસાવ્યા. તેમાં એક વાંદરાની ઉપર લીંબડાની લીંબોડી ખરી. તેણે કૌતુક ખાતર તે દબાવી તેથી તેમાંનો ઠળીયો ઉડ્યો અને તે બીજા વાંદરા ઉપર પડ્યો. તેને લાગ્યું કે તેને કોઈએ કાંકરી મારી તેથી તેણે કાંકરો લઈ બીજા વાંદરાને માર્યો અને જોત જોતામાં કાંકરી ચાળામાં લાડવા, ભજીયા, બરફી અને મોહનથાળ એક બીજા ઉપર ફેંકતા-ફેંકતા સર્વત્ર હુપાહુપ થઈ ગઈ અને જમણવાર વાનર સેનાનો રણસંગ્રામ બની ચૂક્યો.

ભગવાનતો જીવન સંગ્રામના યુદ્ધમાંથી પસાર થયેલા આપણા સૌ પર પ્રસન્ન થઈ સુખ-શાંતિ અને સુમેળ ભર્યા સત્સંગમાં ભગવત્ નિષ્ઠાથી લચપચતા જ્ઞાન-ભક્તિના પ્રસંગો ઉભા કરી પીરસતા રહે છે. કાંકરીચાળાના પેલા સ્વભાવો સમૈયાઓને સમરાંગણ ન બનાવી દે તેવી દહેશત હજી ક્યાં પરવારી છે ?

સુખપાલમાં બેસીને પ્રભુ ભજી લ્યો એમ કરી મૂક્યું છે, ને હવે તો ખોતરીને દુઃખ ઉભા કરો તો છે. જેમ એક વાંદરાનું આળુ જોઈને બીજા વાંદરા ખોતરીને દુઃખ કરે છે. તેમ તમે પણ ભેગા થઈને ખોતરીને દુઃખ ઉભા કરો તો.... છે. એમ કહીને બોલ્યા જે જુઓને સર્વોપરિ શ્રીહરિ અને સર્વોપરિ આચાર્ય મહારાજશ્રીને ધર્મકુળ આશ્રિત સાધુને સર્વોપરિ આ સ્થાન તેને વિષે દુઃખ ટળશે. ત્યારે કિયે ઠેકાણે દુઃખ ટળશે ? નહિ જ ટળે. માટે જેને સુખીયા થવું હોય તેને આ સત્સંગ બરોબર કોઈ નથી. (સ્વામીની વાતો પ્ર-૨ વાત-૭૦)

એક વાંદરાને સાથળમાં ગુંમડું થયું. ખોતરી-ખોતરીને તેણે ચાંદુ પાડ્યું. એક ચિત્તે તેને કાંઈક કરતો જોઈ બીજા બધા વાંદરાઓએ તેનું અનુકરણ કર્યું. સરવાળે બધા વાંદરાઓની જાંઘ ખરડાઈ ગઈ. સમયાંતરે દેહ બદલાયા. વાનરમાંથી માનવ થયા પણ જન્મ રાશી વૃશ્ચિક અને વૃષભ એટલે કે સ્વભાવો તો પૂર્વ જન્મનાં સાંગોપાંગ સાથેને સાથે જ આવ્યા છે. તે સમાજ અને સત્સંગમાં સદંતર દેખાયા જ કરે છે.

ભગવાન તો શરણાગત વત્સલ હોવાથી કોઈના ઉપકારોનો બોજો પોતાના શિરે રહેવા ન દેતા તરત જ ફળ આપી વળતર ચૂકવી દે છે. રામચંદ્ર ભગવાને સર્વે વાંદરાઓને વૈકુંઠ ધામમાં ગતિ કરાવી દીધી. પરંતુ શાસ્ત્રો સાખ પુરે છે કે એમાનો એકેય વાંદરો વૈકુંઠમાં ટક્યો નથી. એજ રીતે ભગવાન સ્વામિનારાયણે અતિ કરૂણા કરી આખા અલૈયા ગામને અક્ષરધામમાં લઈ ગયા હતા. પરંતુ જે ધામને પામીને જ્યાંથી કદી પાછા આવવાનું રહેતુ નથી એવા પરમ અક્ષર-અમૃત ધામમાં પણ એમાનું કોઈ રહ્યું ન હતું અને તે બધા જેના કારણે ધામમાંથી પણ પાછા આવ્યા તે સ્વભાવો આ લોકના વ્યવહારોમાં પણ સુખ અને શાંતિ રહેવા દેશે ખરા ??? ના રેના ભગવાને તો ઘણું સુખ આપ્યું છતાં પણ સ્વભાવો તેમાંથી પણ ખોતરીને દુઃખ ઉભા કરશે. ખાખરાની ખીસકોલીને આંબાનો રસ શે ભાવે ?

ખરને જેમ સાકર શત્રુ,
પયપાક કુકકુર કેમ ઝરે,
ગીગાને જેમ ગોળ ન ગમે,
ઘી મિસરીથી કિટ મરે.
ખાતાં ખારેક જેમ હય દુઃખી,
સુખ નોય કોટી ઉપાય,
સુખદ વસ્તુ એ છે કે સઈ,
પણ દુરભાગીને દુઃખદાય.

*(ભક્ત ચિંતામણી પ્ર.-૩)*

ગીગાને ઉકરડો જ ગમે, બગીચાની મધમધતી ફોરમમાં ઉલટો તે મુંઝાય જાય. કૂતરાને ખીર ને ઘોડાને ખારેક ક્યાં પચે છે.

ભગવાન સ્વામિનારાયણે અતિ કરૂણા કરીને પોતાનું અક્ષરધામ, અનંત કોટી પાર્ષદો અને સમગ્ર ઐશ્વર્ય સાથે લઈને અહીં પધાર્યા છે. જીવના અધોમુખી સ્વભાવોને ઉર્ધ્વમુખી દિવ્યતા સભર કરવા સંતો જ્ઞાન-ભક્તિની સરિતા અખંડ વહાવી રહ્યા છે. તે સત્સંગમાં મન-બુદ્ધિને વારંવાર ઝબોળી ઝબોળીને સ્નાન કરાવીએ તો જરૂરા જરૂર દુઃખ કોતરણા સ્વભાવ સુખ કોતરણા થઈ પરમ શાંતિપ્રદ નિવડશે. આપણે સૌ એવા બડભાગી થઈએ એવી પ્રાર્થના સહ.

# ક્રોધની કાળાશ

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

કામ, ક્રોધ અને લોભ આત્માનો નાશ કરવાવાળા ત્રણ ઘોર શત્રુ અને નરકના દ્વાર છે. આ ત્રણમાંથી ક્રોધ સૌથી ભયંકર છે. ક્રોધની કાળાશ મનુષ્યની રાહમાં કંટક બને છે. ક્રોધ એવા દારૂગોળા સમાન છે, જે બીજાનો નાશ કરતાં પહેલાં જેમાં એ રહે છે તેનેજ ભસ્મીભૂત કરી નાખે છે. ક્રોધાગ્નિ અન્યને બાળતાં પહેલાં જ્યાં ઉત્પન્ન થાય છે, તેને જ બાળે છે.

ક્રોધ એ પાપનું મૂળ છે, પાપનું મુખ્ય કારણ છે. ક્રોધ, રાગ-દ્વેષ મિશ્રિત મનુષ્યને ઉત્થાનના રાહમાં કંટક બનીને ચોટ પહોંચાડે છે. વિશેષતઃ ગુરુજનો અને શ્રેષ્ઠજનો પ્રતિ ક્રોધની રેખા કદી દાખવવી ન જોઈએ. કામ, ક્રોધ અને લોભ આ દોષો જીવાત્માને ક્યારેય સુખી થવા દેતા નથી, તેથી આ દોષો ત્યજી દેવા એમ સત્શાસ્ત્રો કહે છે.

માણસ ગમે તેટલો સમર્થ હોય પણ ઉકળતા પાણીમાં એ કદી પોતાનું પ્રતિબિંબ નિહાળી શકતો નથી. ક્રોધ પણ ઉકળતા પાણી જેવો છે. માણસ, ક્રોધાવેશમાં આવે ત્યારે પોતાનું હિત શેમાં સમાયેલું છે તે જોઈ શકતો નથી. સજ્જનનો ક્રોધ એક ક્ષણ ટકે, સાધારણ માણસનો બે કલાક, નીચ માણસનો એક દિવસ અને મહાપાપીનો જીવંત પર્યંત, મરતા સુધી.

હંમેશાં સહનશીલતાના અભાવે ક્રોધ થઈ આવે છે. ક્રોધ મૂર્ખ મનુષ્યના હૃદયમાં આજીવન રહે છે અને જ્ઞાનીઓના હૃદયમાં ક્યારેક ડોકિયું કરી જાય છે. મૂર્ખ માણસ પોતાના ક્રોધને ઓકી દે છે, જ્યારે ડાહ્યો માણસ તેને પી જાય છે. ક્રોધ કરવો એટલે મધપુડાની માખીઓ ઉપર પથ્થર ફેંકવાની ક્રિયા કરવી. ક્ષણિક આવેગ પણ તમારી નેતૃત્વ શક્તિને ખીલવવા દેતો નથી, તમારી ગતીશીલતાને અસર કરે છે. માનસિક સમતુલા ગુમાવતો મનુષ્ય બીજાની નારાજગી વહોરી લે છે, તેના મિત્રો કરતાં દુશ્મનો વધી જાય છે. ક્ષણિક ઉશ્કેરાટ કે ક્રોધાવેશમાં આવી જનારા માણસનું વ્યક્તિત્વ કુંઠિત થઈ જાય છે અને આખરે તે નિરાશા અને નિષ્ફળતાને પામે છે.

ક્રોધ શું છે? ક્રોધ પોતાની અશક્તિનો મોટેથી કરેલો સ્વીકાર છે. ક્રોધ જવાળા વગરનો શરીરને પ્રજાળતો અગ્નિ છે. ક્રોધનું ઝેર રગેરગમાં પ્રસરી જઈ, લોહીને બાળી નાખી, શરીરને કમજોર બનાવી, અંતે તેનો નાશ કરે છે. ક્રોધની જવાળા ક્રોધ કરનારને પ્રથમ સળગાવે છે, અને પછી ઘણીવાર બીજાને પણ બાળે છે. જો ક્રોધ વધારે હોય, તમારો સ્વભાવ ક્રોધી હોય તો, ક્રોધ આવે ત્યારે મૌન સેવી, સો સુધી ગણીને ક્રોધ કરજો. ક્રોધ કાયાને કૌવતહીન કરી, મનને નબળું પાડી આત્માને ડૂબાડે છે. કોઈનાય હૈયાને ડંખ ન લાગે તેવું બોલવા માટે જ મુખનું દ્વાર ખોલજો.

ક્રોધમાં આંખો લાલ થઈ જાય છે, ચહેરો ભયંકર અને વિકરાળ થઈ જાય છે. તે શરીરને બાળે છે, હૃદયને તપાવે છે. લોહીનાં પરિભ્રમણને અનિયમિત કરી દે છે, વ્યાકુળતા વધારે છે, વાણીને કઠોર-કર્કશ બનાવે છે અને ક્યારેક હૃદય રોગનો હુમલો પણ કરાવે છે ! ક્રોધથી મનુષ્યનું ધૈર્ય, વિદ્યા, જ્ઞાન, વિવેક વગેરેનો નાશ થાય છે.

ક્રોધ અહંકારથી ઉત્પન્ન થાય છે, મૂર્ખતાથી વધે છે અને પસ્તાવાથી સમાપ્ત થાય છે. ક્રોધને લીધે શારીરિક, માનસિક, આત્મિક-દરેક પ્રકારની દુર્ગતિ થાય છે. ક્રોધની સાથે જો વિવેકનો અંકુશ રહે તો તે એક રામબાણ ઔષધિનું કામ કરે છે.

ક્રોધ પાપનું મૂળ છે. ક્રોધના અગ્નિને શાંત કરવા સમભાવને કેળવી ક્ષમાશીલ બનો, માનના પર્વતને ભેદવા નરમાશને કેળવો. માયાની વાંસજાળને ભેદવા અંતરમાં સરળતા લાવો, અને લોભની અખૂટ ખાઈને પૂરવા સંતોષી બનો. માનસિક તનાવ અને સદ્બુદ્ધિના અભાવે, ક્રોધ જન્મે છે. ક્રોધ-કાંતિને જન્માવે છે. સંતોષ વિના સુખ મળતું નથી. ક્રોધ કરવો એટલે પોતે બળવું, ક્રોધે ભરાવું એટલે સમજને છોડીને શરમની ઓથેથી બહાર આવવું, બાળનાર અગ્નિ જેમ પોતે જ બળતો હોય છે, તેમ તમારા ક્રોધનું કોઈ ભોગ બને તે પહેલાં તમે જ ભોગ બનતા હો છો !

ક્રોધે ભરાવું એટલે નિષ્ફળ જવું, કારણ કે તમે ફેંકેલો ઘા ત્યારે તમને જ લાગેલો હોય છે. બીજાને નમાવવા જતાં તમે જ ઘૂંટણિયે પડ્યા હો છો, ત્યારે લક્ષ્ય ચૂકેલા એવા તમે બીજાને નીંદતા હો છો. હારેલા પણ તમે બીજાને નમાલા માનતા હો છો. ક્રોધાવેશમાં આવેલા તમે ભાન

( અનુસંધાન પાના નં. ૨૨ પર)

# સત્સંગ સૂરભિ :

## બીજું કોણ સમર્થ એવું દેવા !

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

ગામડે ગામડે થી ફરીને નિત્યાનંદ, મુક્તાનંદ, સ્વરૂપાનંદ વગેરે સંતો પોતાના મંડળો લઈને મહારાજ આગળ આવ્યા.

મહારાજે પૂછયું, "કેટલા મનુષ્યને સત્સંગ કરાવ્યો ? લોકમાં મનુષ્ય કેવાંક લાગ્યા?"

ત્યારે સ્વરૂપાનંદ સ્વામી બોલી ઉઠયા "મહારાજ ! દેશ-દેશાંતર બહુત ફીરા મગર મનુષ્ય તો એક લિંબતરૂ કે નીચે યહ (મહારાજ) એક હિ દેખનેમે આતા હૈ !"

મહારાજે ભાવિ દુષ્કાળની શાંતિ માટે અને હરિભક્તોની કાળ થકી રક્ષા થાય તેવા હેતુથી ત્યાં આગળ નિત્યાનંદમુનિ પાસે ભાગવત કથા કરાવી. કથા પુરી થઈ ત્યારે પાછળથી આવેલ બધા સંતોને પણ રૂદ્રાક્ષનો એક એક પારો બંધાવ્યો.

ત્યાંથી મહારાજ સંત મંડળ સાથે સારંગપુર પધાર્યા. અહીં ગામે ગામેથી સંતો તથા હરિભક્તોને બોલાવી ફૂલદોલ નો ઉત્સવ કરવાનું નક્કી કર્યુ.

ફાગણ સુદી પૂનમનો રૂડો દિવસ હતો. ચંદ્ર આજે સોળે કળાએ ખીલી ઉઠેલો. મંદ મંદ સમીર વાતો હતો. મહારાજે આવી સોહામણી રાતે ગામ બહાર હોળી પ્રગટાવી. ગામે ગામથી સંતો હરિભક્તો આવેલા, મહારાજ પધાર્યા. હોળીમાં દૂધની ધારા મહારાજે હોમી. પાંચ પ્રદક્ષિણા કરી હોળીનું પૂજન કર્યુ. નાળીયેર હોમ્યું.

પછી માણકી ઉપર બેસીને ત્યાં હોળી પાસે એકઠા થયેલા સર્વે સંતો હરિભક્તોને મહારાજે નિયમ આપ્યો કે "હોલિકા તો સતીદેવી કહેવાય. માટે આજથી સૌ નિયમ લ્યો કે કોઈએ હોળીના ઉત્સવમાં અપશબ્દ ન ઉચ્ચારવા. બિભત્સ રિવાજો બંધ કરવા, હોળીમાં ગવાતા ફટાણા ન ગાવા, છાતી ન કૂટવી, ભગવાનના ભક્તને આવી રીતે ન છાજે. સત્સંગીઓએ હવેથી મુક્તાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ વગેરે સંતોએ રચેલા "હોરીના પદો ગાવા."

આવો સુંદર ઉપદેશ દઈ ગામમાં પાછા આવતી વખતે મુકતાનંદ, પ્રેમાનંદ આદિક સંતોને હીંડોળાના, ફૂલદોલનાં અને હોળીના પદો રચવાની આજ્ઞા કરી. અંતઃશત્રુઓ પર પ્રહાર કરતા હોળીના પદો રચાવ્યા. આ રીતે ધર્મ ને સમાજ સાથે સાંકળી ને સમાજના દૂષણો દૂર કર્યા. સાથે સાથે સારી પ્રથાઓ પણ પાડી. અનંતકોટી બ્રહ્માંડનો અધિપતિ છે એવું એકવાર ભૂલી જઈએ અને સમાજને સુધારવાની આવી આગવી સૂઝને પણ જો ધ્યાનમાં લઈએ તો પણ જણાઈ આવે કે આવી નોખી પધ્ધતિથી જ મહારાજ સૌના અંતરમાં વસી જતા. સ્હેજે સ્હેજે એમની મનોહર મૂર્તિ જોનારને સાંભરી આવતી.

મહારાજે ધર્મ, નીતિ અને ભકિતને આ રીતે લોકજીવનમાં વણી લીધાં.

ધૂળેટીના દિવસે મહારાજ સખા સંગે રંગે રમ્યા. સૌના વસ્ત્રો ઉપર ગુલાલ છાંટયો. સૌને રંગથી રસબસ કરી દીધા. મહારાજ આપવા બેસે પછી શું બાકી રહે? પછી એ રંગ હોય કે સંગ હોય ! એકવાર મહારાજે નક્કી કર્યુ એટલે બસ ! "જેરામ કહે સ્વામી સ્હેજે રે મળિયા વાતની વાતે વ્હાલો અઢળક ઢળ્યા !"

ત્યાર પછી ગામ બહાર નારાયણ ધરે ન્હાવા પધાર્યા. મહારાજ અને સંતો ન્હાયા અને એટલે નારાયણધરાનું પાણી પણ રતુમડું બની ગયુ.

નાહીને ગામમાં પાછા આવતા હતા ત્યાં ગઢડેથી ગુણાતીતાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી આવ્યા. મહારાજને પગે લાગ્યા. મહારાજે પૂછયું "કહો સંતો, અમારા સારૂ શું ભેટ લાવ્યા છો ?" એમ કહી તેમના ફૂલોના હારતોરા અંગીકાર કર્યા.

અહીં ઉત્તર ગુજરાતથી ખાસ મહારાજના દર્શને આવેલ બાઈ-હરિભક્તો એ મહારાજ આગળ અતિ નમ્ર બનીને ફગવા માગ્યા.

*મહાબંલવત માયા તમારી,*
*જેણે આવરિયા નરનારી*
*એવું વરદાન દિજીએ આપે,*
*એહ માયા અમને ન વ્યાપે*
*..............બંધાઈએ,*

"હે મહારાજ ! અમો આપની માયામાં બંધાઈએ નહિ, કામ ક્રોધાદિ વ્યાપે નહિ, આપનું સ્વરૂપ નિર્દોષ ભાસે અને ક્યારેય કોઈનો અભાવ અવગુણ આવે નહિ તેવું વરદાન આપો."

બાઈભકતોની આવી અદ્‌ભૂત માંગણીથી મહારાજ અતિ પ્રસન્ન થયા. મહારાજ કહે "જાવ ! આજથી તમો મારી માયામાં મુંઝાશો નહી, અને મને સદાય અદોષ સમજશો. તમને કામ ક્રોધાદિક ક્યારેય નહિ વ્યાપે. અને દેશ કાળ ને ક્રિયાએ કરીને પણ તમો મારી મૂર્તિને ભૂલશો નહિ !"

કેટલી સુંદર આપ-લે થઈ ! બાઈઓના ભોળા ભાવથી શ્યામસુંદર અતિ પ્રસન્ન બન્યા છે. મહારાજે રાજી થઈ એવા દિવ્ય ફગવા (આર્શીવાદ) આપ્યા.

*"દીધા દાસને ફગવા એવા,*
*બીજું કોણ સમર્થ એવું દેવા,*
*એમ રમ્યા રંગભર હોળી,*
*હરિ સાથે હરિજન ટોળી"*

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)


## કળિયુગના યોગી

- શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)

કોણ કહે છે કળિયુગમાં યોગીપુરુષો જન્મતા નથી ? અંબરીષ, જનક, અને ધૃવ જેવા આધ્યાત્મિક પુરુષોની પરંપરામાં નામ લખાય તેવા ભક્તો સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરીને સંસારમાં જીવતા હતા છતાં સંસાર એને ડુબાડતો નહીં. ઠાકોરજીનું વચન છે ને -

"સંસારમાં સરસો રહે, મન મારી પાસ;
સંસાર જેને લોપે નહીં, તેને જાણું મારો દાસ."

વાત છે નેનપુર ગામના દેવજીભાઈની. શ્રીજીમહારાજ છતાં બનેલી આ ઘટના છે. કુટુંબમાં ત્રણ જણ. દેવજીભાઈ એમના પત્ની અને અઢારેક વર્ષનો એકનો એક દીકરો. ખેતી કરી ગુજરાન ચલાવતા હતા. કોણ જાણે શું બન્યું ! અઢાર વરસનો યુવાન દીકરો, કંઈક થોડીજ માંદગીમાં અક્ષરનિવાસી થઈ ગયો. અગ્નિસંસ્કારાદિક વિધિ પતાવી દેવજીભાઈ અને એના પત્ની બેય બેઠા. હવે શું કરીશું ? આ વાતની જાણ થશે, સગા-સંબંધીઓ આવશે, બીજાઓ પણ આવશે. રડારોડ કરશે અને આપણને ભગવાન ભૂલાવશે. જે કાંઈ થયું છે, એતો આપણા ઈષ્ટદેવની ઈચ્છાથી થયું છે. આપણો દીકરો આપણી જોડે અઢાર વરસ જ રહેવાનો હશે, પછી એ જવાનો હશે એટલે એ ગયો. સ્વામિનારાયણ ભગવાન એને લઈ ગયા. એમના પત્ની કહે છે, સાચી વાત છે. આપણો દીકરો કેટલો ભાગ્યશાળી ! અક્ષરધામમાં જવા માટે આપણે ભજન કરીએ છીએ, એ પણ ભજન- ભક્તિ કરતો હતો. ભગવાન પાસે આપણા કરતા વહેલો પહોંચી ગયો. પુત્ર- મૃત્યુ પછી દંપતિને આવા વિચાર આવે ખરા ! પતિ- પત્નીનું કેટલુ ધૈર્ય ! કેવી એની વિચારશક્તિ !

બંને વિચારે છે કે સંસારના આ બધા રિવાજોથી બચવા શું કરીશું ? એટલે દેવજીભાઈના પત્ની કહે છે, એક કામ કરોને આપણું ખેતરતો ગામથી ઘણું દૂર છે. આપણે કોઈને જાણ કરવી નથી. ખેતરમાં છાપરુ છે ત્યાં તમે રહેજો અને હું મહારાજ પાસે ગઢપુર જતી રહું. ત્યાં સાંખ્યયોગી બહેનોની સાથે રહીશ. એકાદ મહિના પછી તમે આવજો પછી આપણે અહીં આવીશું. એક- બે મહિના પછી બધું ભૂલાઈ ગયું હશે.

ખરી વાત તો હવે આવે છે. દેવજીભાઈના પત્ની ગઢપુર પહોંચ્યા. લીમડાના વૃક્ષ નીચે સભા ચાલતી હતી. એવું નયનરમ્ય વાતાવરણ હતુ. સ્વામિનારાયણ ભગવાન લીમડાના થડ પાસે વેદિકા ઉપર બિરાજેલા. એકબાજુ સંતો, એકબાજુ હરિભક્તો અને દરબારની ઓસરીમાં બહેનો બેઠેલાં. અને આ બહેને આવીને નમસ્કાર કર્યા. ભગવાન અંતર્યામી છે, બધું જાણે છે પણ, સભાજનોને ખબર પડે કે, આ બહેન કોણ છે ? એટલુ જ નહીં, એમની સ્થિતિ કેવી છે ! એટલે મહારાજે એ બહેનને પૂછયુ કે "અમારા ભગત સુખી છે ને ?" ત્યારે કોઈ સામાન્ય બહેન હોત તો ત્યાંને ત્યાં પોક મુકત. પણ, આ બહેને કહ્યું "હા, મહારાજ ! ભગત તો સુખી જ હતા પણ તમે એવી દયા કરી કે તે વધુ સુખી બન્યા." બધાને એમ થયુ કે શું થયુ હશે ! આર્થિક સાંસારિક કોઈ લાભ થયો હશે -તો વધુ સુખી બન્યા હશે ! સભામાં કોઈને ખ્યાલ ન આવ્યો. બધાને સભામાં જણાવવા ખાતર મહારાજે ચોખવટ કરાવી કે "વધુ સુખી થયા એટલે શું ?"

મહારાજ ! તમારો દીધેલો એકનો એક દીકરો હતો. એ અઢાર વરસનો થયો એટલે ભગતને ચિંતા રહેતી કે હવે આના માટે સંસારમાંથી ક્યાંક પાત્ર શોધવું પડશે. એવો કાંઈક જીવ આવે ઘરમાં તો સારુ કે સત્સંગમાં વૃધ્ધિ થાય. એટલે સારુ પાત્ર મળે એની ચિંતા ભગતને હતી પણ, મહારાજ હવે એ ચિંતા તમે છોડાવી દીધી. તમે ભગતને ચિંતામુક્ત કરી દીધા. એટલે ભગત વધુ સુખી થયા. શ્રીજીમહારાજ કહે છે, "બહેન, તમે સ્પષ્ટ કહો, ભગત ચિંતામુક્ત કેવી રીતે થયા ?" મહારાજ ! અઢાર વરસના દીકરાને તમે ધામમાં લઈ ગયા એટલે ભગતની ચિંતા ટળી ગઈ.

હવે, સ્વામિનારાયણ ભગવાને સભાજનોને સંભળાવ્યું ખ્યાલ આવ્યો ને ! તમે પણ ગૃહસ્થ છો અને અમારા આ દેવજી ભક્ત પણ ગૃહસ્થ છે. એમનો એકનો એક દીકરો ધામમાં ગયો તોય કહે છે કે, બસ ભગવાનની ઈચ્છા. એને પરણાવવાનો હતો. આ હતુ - તે હતુ. પાત્ર શોધતા હતા એ બધી ચિંતા મટી ગઈ. ભગવાનનું ભજન કરીશુ.

દીકરો ભગવાનના ધામમાં ગયો, આપણે પણ ધામમાં જ જવાનું છે, એ

ભાગ્યશાળી તે વહેલો ગયો. સંસારની દ્રષ્ટિએ આ મોટી વિપત્તિ ગણાય. છતાંય જેના હૈયામાં સમભાવ રહે તે ભક્ત સાચો.

એટલે જ તો બ્રહ્માનંદસ્વામીએ કહ્યુ છે કે,

"જગનું સુખ-દુઃખ રે,
માયિક મિથ્યા કરી જાણે;
તન ધન જાતા રે,
અંતરમાં શોક ન આણે."

સ્વામિનારાયણ ભગવાન વચનામૃત માં કહે છે કે - જેણે આવા દ્વન્દ્વ જીતી લીધા, સુખ દુઃખ માં જેને સમભાવ હોય, એ વખતે જેનું મગજ કન્ટ્રોલમાં હોય, જેને સમાનતા રહેતી હોય એને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી એતો છતે દેહે ભગવાનના ધામમાં બેઠો છે.

●

## વાંચ્યા વગર વિદ્યા મળે ?

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

મિત્રો ! તમારે સારા ટકાએ પાસ થવું છે ? જીંદગીમાં આગળ વધવું છે ? તો આટલું ધ્યાન રાખજો.

આળસ, મોહ, ચપળતા, વાતોડિયાપણું, ઉદ્ધતાઈ, અભિમાન અને લોભ વિદ્યાર્થીઓના એ સાત દોષ ગણાય છે. એ સાત દોષ છોડે તોજ વિદ્યા સફળ થાય.

જો આટલી વાતોનું ધ્યાન રાખ્યું તો જંગલમાં રહે તો એકલવ્ય પણ વિશ્વ વિખ્યાત બની ગયો.

એકલવ્ય એક ભીલ હતો. તેને ગુરુદ્રોણ પાસે વિદ્યા અભ્યાસ કરવો હતો. પણ દ્રોણ ગુરુ તો રાજકુમારોના ગુરુ હતા. તેમના આશ્રમમાં મોટા મોટા રાજ-મહારાજાઓના કુંવરો જ અભ્યાસ કરવા આવતા. તેમને જ પ્રવેશ મળતો બીજાને નહીં. આ કારણે એકલવ્યને એડમીશન ન મળ્યું. પણ એકલવ્યએ દ્રઢ નિર્ધાર કર્યો મારે તો દ્રોણગુરુ પાસે જ વિદ્યા ભણવી છે. બીજા પાસે નહિ. એ સમયે બીજા કેટલાય આશ્રમોમાં વિદ્યા અભ્યાસ ચાલતો. પણ એકલવ્યએ બીજા કોઈ ગુરુ ન કર્યા. મારે તો એક દ્રોણાચાર્યને જ ગુરુ કરવા છે. હું એમની પાસેથી જ ધર્નુવિદ્યા શીખીશ. એકલવ્ય દ્રઢ નિર્ધાર કરી જંગલમાં ગયો. જંગલમાં કોઈ નદી કિનારા પાસે જઈ ત્યાંની માટી લીધી. એ માટીમાંથી સુંદર એવી રૂપાળી આકૃતિ બનાવી. ઝાડના પાનની આકૃતિની અંદર આંખ-નાક બનાવ્યા. બસ હવે આજ મારા ગુરુ દ્રોણાચાર્ય. મને આમાંથી જ જ્ઞાનની પ્રાપ્તિ થશે.

એકલવ્યએ આળસનો ત્યાગ કર્યો. એકલવ્ય ક્યારે પણ સવારે વહેલા ઉઠવામાં આળસ ન કરતો. ભીલ હોવા છતાં સ્નાન આદિક પવિત્ર ક્રિયા કરતો. પછી ગુરુની પૂજા કરતો. ત્યારબાદ પોતાનું મન એકાગ્ર કરી ગુરની બનાવેલી મૂર્તિમાં જોડી દેતો. દરરોજનો આ ક્રમ એકલવ્ય માટે બની ગયો. તેમાં જરાપણ આળસ નહિ. જંગલમાં ક્યારેય પણ બીજે ફરવા જવાનો મોહ ન રાખતો. ખાવા-પીવામાં જે મળે તે જમી લે પણ સારૂ કાંઈ મળે તેવો મોહ પણ ન રાખતો. જંગલના જંગલી ફળ ખાઈને ચલાવી લેતો. કોઈ પણ જાતની ચપળતા તે ન રાખતો. ચપળતા એટલે ચંચળતા, જ્યારે પોતાનો અભ્યાસ કરતો હોય ત્યારે તે બીજે આડાઅવળા ડાફોડીયા ન મારતો. એકાગ્રતાથી પોતાનો અભ્યાસ કરતો સર્વ રીતે ચંચળતા છોડી હતી.

તમને એમ થશે કે ક્યારેક તેના મિત્રોને મળવા તો જતો હશેને ? ના એવી ભૂલ ન કરતા તેણે તો દ્રઢ નિર્ધાર કર્યો હતો કે મારે તો વિદ્યા ભણવી છે. માટે જ જંગલમાં દૂર દૂર ચાલ્યો ગયો. કોઈની સાથે વાત નહિ ચીત નહિ. સંપૂર્ણ વાતોડિયાપણું તેણે છોડ્યું. નહિતર તેને પણ સારા મિત્રો મળે. પણ પોતાનો ધ્યેય પોતાનું લક્ષ્ય શું છે. એમ વિચારી આ બધું બંધ કરી દીધું.

આટલી નિષ્ઠા રાખી અને ગુરુમાં મન જોડ્યું ત્યારે ગુરુ સાથેંનું કનેકશન એક થયું. દ્રોણગુરુના હૃદયમાંથી બધું જ જ્ઞાન એકલવ્યમાં આવ્યું. ગુરુની સાથે એકતા થઈ તો હૃદયમાં રહેલી વિદ્યા ચુંબકીય તરંગોથી ખેંચાઈ આવી. હવે એકલવ્ય સર્વશ્રેષ્ઠ ધર્નુધારી થઈ ગયો. તે અદ્‌ભુત પરાક્રમી બની ગયો. અનહદ્‌ વેધક શક્તિઓ તેનામાં આવી. તે પણ પાછી કેવી તમને ખબર છે ?

એ જ જંગલમાં એકવાર દ્રોણ ગુરુ ફરવા નીકળ્યા. સાથે પોતાના શિષ્યો હતા. અર્જુન, ભીમ, દુર્યોધન, દુશાશન વગેરે પાંડવો, કૌરવો તથા બીજા અન્ય રાજકુમારો સાથે હતા. તેમની સાથે એક કૂતરું હતું. જ્યાં જંગલમાં આગળ વધ્યા ત્યાં આ એકલવ્યનું સ્થાન આવ્યું. એકલવ્યને જોઈ આ કૂતરું ભસવા લાગ્યું. પછી તો એકલવ્યે એવી રીતે બાણ છોડ્યું કે કૂતરું ભસતું બંધ થઈ ગયું. કૂતરાને લોહી પણ ન નીકળ્યું. અને મોં સીવાઈ ગયું. આવી અદ્‌ભુત કળા જોઈ બધાને નવાઈ લાગી. આ કેવી અદ્‌ભુત વિદ્યા ! ગુરુદ્રોણને પણ નવાઈ લાગી ! તેથી પૂછ્યું કે તું કોણ છે અને આવી અદ્‌ભુત વિદ્યા ક્યાંથી શિખ્યો ? ત્યારે એકલવ્યે ગુરુને વંદન કરી કહ્યું. ગુરુદેવ આ આપના આશીર્વાદથી થયું. મેં આવા ઉત્તમ જ્ઞાનની પ્રાપ્તિ તમારી પાસેથી જ કરી છે. ત્યારે દ્રોણાચાર્યે કહ્યું તદ્‌ન ખોટી વાત છે.

મેં તને ક્યારે પણ વિદ્યા ભણાવી નથી. પણ ગુરુદેવ હું તો આપની પાસેથી જ આ વિદ્યા ભણ્યો છું. જુઓ આ તમારી પ્રતિમાં દ્વારા આ વિદ્યા મને પ્રાપ્ત થઈ. નમ્રતાથી કહ્યું કે ગુરુદેવ તમારા આશીર્વાદથી થયું. ત્યારે દ્રોણાચાર્યને એકલવ્યની કસોટી કરવાનું મન થયું. જો તું મારી પાસેથી જ વિદ્યા ભણ્યો હોય તો તારે મને ગુરુ દક્ષિણા તો આપવી પડે. હા ગુરુદેવ કેમ નહીં તમે જે માગશો તે આપીશ. ત્યારે દ્રોણ ગુરુએ એકલવ્ય પાસે જમણા હાથના અંગુઠાંની દક્ષિણા તરીકે માગણી કરી. તરત જ છરીથી પોતાના જમણા હાથનો અંગુઠો છેદીને આપી દીધો. એવો લોભ ન રાખ્યો કે અંગુઠા વિના હું ધનુષ્ય બાણ કેવી રીતે ચલાવીશ: આનું નામ સાચુ શિષ્યત્વ.

ધનુર્ધારી તો ઘણા હતાં પણ એકલવ્ય આખી દુનિયામાં પ્રસિધ્ધ બની ગયો. અદ્યાપિ તેની કીર્તિ ગવાતી રહી છે.

એટલે જ નિષ્કુળાનંદ સ્વામીએ પણ કહ્યું છે કે

"મન ગમતું મેલી કરી,
રહે આજ્ઞા અનુસાર,
તેજ શિષ્ય સાચા ખરા,
બીજા સર્વે સંતાપનાર."

મિત્રો ! આપણે પણ સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલી ગુર પરંપરામાં આવી નિષ્ઠા રાખીશું તો ગુરુ-ગોવિંદની પ્રસન્નતા પ્રાપ્ત થશે.

અમારે અને નરનારાયણને સીધો મેળાપ છે.

( પાના નં. ૧૪નું ચાલું)

તેઓ ભક્તોને સદા ઉપબોધતા હોય છે. કે, "પૂજા સમયે મનને મૂર્તિમાં એકાગ્ર કરવું - પૂજા કરતાં કોઈ સાથે વાતચીત, વાવ વિવાદ ન કરવા. આમ કરવું એ તો શ્રીહરિનું અપમાન છે. પૂજા દરમ્યાન વાતચીત કરવી તે એક અશિસ્ત છે. શ્રદ્ધા રાખી શ્રીજીમહારાજે દર્શાવેલ પથ પર ચાલવાથી આપણને કેટલો મોટો લાભ જગતનિયંતાને પ્રત્યક્ષ મળવાનો પ્રાપ્ત થાય છે તે પર વિચાર કરીએ તો આપણા રોમેરોમ પુલકિત થઈ જશે. માટે આ સંસાર સાગરમાંથી આ જીવરૂપી નાવડીને તારવા શ્રીહરિની આજ્ઞા મુજબ ચિત્ર પાષાણાદિક ભાવ ટાળી અક્ષરધામનું અખંડ સુખ પ્રાપ્ત કરીએ.

## ક્રોધની કાળાશ.....

( પાના નં. ૧૮નું ચાલું)

વિનાના હો છો. સૌથી મોટો ચાંડાળ ક્રોધ છે.

ટૂંકમાં કહીએ તો,

- તમારો પરિચય આપવાની તમને ઉતાવળ તે ક્રોધ છે.
- તમારા અધિકાર તળેથી તમારું નીકળી જવું, એ પણ ક્રોધ છે.
- તમારી જબરાઈની તમારા માથે સવારી તે ક્રોધ છે.

તમારી નબળાઈ પર અંતે તમારું ચડી બેસવું એ પણ ક્રોધ છે.

"અહમ્નો ભાર"

"બેસ, બેસ દેડકી, ગાવું હોય તો ગા, ખાવું હોય તો ખા, નહિ તો જા, મારે પાંચ શેર કામ ને અધમણ આરામ બાકી છે, તું તો બોલ્યા કરે, ને આકાશ પેટમાં ફુલાવ્યા કરે, મારે તો સાત લાખ સપના ને વીસ લાખ વાસના બાકી છે. તું તારે ડોલ્યા કર, ને ગળ્યાં કર જીવડા, મારે તો અનંત ગાઉના મરવા ને અનંત જનમવા બાકી છે."

## નિહાળો એ મૂર્તિ શ્રી નરનારાયણદેવની

"અમદાવાદ ! નરનારાયણદેવની મૂર્તિ નિહાળવા મળે,
પ્રભુએ પધરાવેલ મૂર્તિના ચરણ મહીં, શિર ઝુકાવવા મળે.

આપત્તિ આખીયે ઉમ્રની ભૂલાવવા મળે,
'શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ' નિર્માણ નિહાળવા મળે.

દૃષ્ટિ પૂજ્ય આચાર્યશ્રીની પડે છે અહીં અમી ભરી,
ઘેરા જખ્મો જીવન તણા સહુ રૂઝાવવા મળે.

અરે ! મંદિર-મહીં આરતીની જ્યોત ઝળહળી !
અનાયાસે થોડી ક્ષણો મંદિર-મધ્યે વિતાવવા મળે.

થોડીવાર થાળ આવે, પડદો પડે તો જાય ચાલતો' રહે,
આંખો ખૂલે તો, નયનરમ્ય નરનારાયણદેવ નિહાળવા મળે.

હે શ્રીજી ! નસીબ અમારા કે બાથમાં લઈ મૂર્તિ પધરાવી !
અરે ! આનંદમાં આગંતુકોને જીવન ગુજારવા મળે !


જો એકવાર દર્શનનો અલભ્ય લાભ મળે !
તો મૂર્તિના સુખે સુખી જીવન વિતાવવા મળે !

હે શ્રીહરિ ! અમારા અહોભાગ્ય કે ભવ્ય મૂર્તિ મળી,
ખરેખર અનુયાયીઓના જીવનની આ યાત્રા ફળી !"

*(પ્રો. મહાદેવ ધોરિયાણી)*

# ??????????????પ્રશ્નપેટી??????????????

***સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી***
***(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)***



**પ્રશ્ન : ૧** ગુરુના દર્શને ક્યારેય ખાલી હાથે ન જવું. આવું સૂચન શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં કહ્યું છે ?

**પ્રશ્ન : ૨** ભગવાનના ચરણના ચિહ્નોના નામ જણાવો ?

**પ્રશ્ન : ૩** વિશેષ નિયમના નામ આપો. તે શે માં બતાવ્યા છે ?

**પ્રશ્ન : ૪** ભગવાન સ્વામિનારાયણે પોતાનાં ગુરુ કોને કર્યા અને તેમની પાસેથી ક્યા બે વરદાન માગ્યા ?

**પ્રશ્ન : ૫** ચાર આશ્રમના નામ જણાવો ?

**પ્રશ્ન : ૬** કુસંગીના નામ જણાવો ?

**પ્રશ્ન : ૭** સન્યાસીના નામ જણાવો ?

## જુલાઇ-૨૦૦૬ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) શિક્ષાપત્રી શ્લોક ૧૪૬.

(૨) ભગવાનને પ્રસન્ન રાખવા માટે ચાર સાધનોનો ખ્યાલ રાખવો (૧) પોતાના વર્ણાશ્રમનાં ધર્મમાં અચળ નિષ્ઠા (૨) આત્મનિષ્ઠા (૩) ભગવાન વિનાના સર્વે પદાર્થમાં અરૂચિ હોવી (૪) ભગવાનના માહાત્મ્ય સહિત નિષ્કામ ભક્તિ.

(૩) સ્વામિનારાયણ ભગવાને બ્રહ્માનંદ સ્વામીને ધોતલી આપી હતી તે ધોતલી "ગઢડા ગામના રહીશ જેઠામેરનાં પત્ની" એ સૂતર કાંતી તેની ધોતલી બનાવીને સહજાનંદ સ્વામીને આપી હતી.

(૪) સહજાનંદ સ્વામીએ અમદાવાદમાં જ્યારે સૌ પ્રથમ મંદિર કરવાનો સંકલ્પ કર્યો ત્યારે "૯૯ વર્ષના પટ્ટે" જમીન મળી હતી. ત્યારે તે વખતના અંગ્રેજ જનરલ ગાર્ડન સાહેબને નીચેની ચાર કડી સંભળાવી હતી.
બંદે બહુત ન કીજીએ અંતર મેં અભિમાન, અપના કિયા ન હોત હૈ, કરતા હક સુલતાન,
કરતા હક સુલતાન હુકમ બિન પાન ન ડોલે, મગરૂરી મે મૂર્ખ કાહિકું બક બક બોલે.
દાખલ બ્રહ્માનંદ પલક મેં હિ કાલ ગ્રંસં દે, અંતર મેં અભિમાન બહુત કીજે નહિ બંદે.

(૫) સ્વામિનારાયણ ભગવાને નિત્યાનંદ સ્વામી પાસે કથાનો આરંભ કરાવ્યો હતો.

(૬) સંવત ૧૯૪૪ના વૈશાખ વદી-પને બુધવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રાંતિજ મંદિરની પ્રતિષ્ઠા થઈ હતી.

(૭) શ્રી હરિલીલા સુધાકરનામના ગ્રંથની રચના "સદ્‌ગુરુ બ્ર. કૃષ્ણાનંદજી સ્વામી"એ કરી છે.

૧. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા-કડી)
૨. અરવિંદાબેન એન. ભાવસાર (ચાંદલોડીયા)
૩. અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૪. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૫. શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૬. ભાવેશ હરિભાઈ પટેલ (અંજાર)
૭. અલ્પેશ નરસિંહભાઈ પટેલ (નડીયાદ)
૮. સહદેવ રાધેશ્યામભાઈ પટેલ (દેશવાલીયા-એમ.પી.)
૯. જયેશ પરસોતમભાઈ પટેલ (કુંજાડ)
૧૦. ઘનશ્યામભાઈ મૂળજીભાઈ પટેલ (સાપાવાડા)
૧૧. માણેકલાલ મણીલાલ, શિલ્પાબેન મણીલાલ (દહેગામ)
૧૨. સાકરબેન નટવરભાઈ પટેલ
૧૩. બૂટીયા રણછોડભાઈ (બળોલ)
૧૪. જિજ્ઞેશ લક્ષ્મણભાઈ ચાવડા (બળોલ)
૧૫. ચંદ્રસિંહ કે. ચાવડા (અમદાવાદ)
૧૬. રેખાબેન મુકેશભાઈ માંડાણી (અમદાવાદ)

**નોંધ** : પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.

# ।। ભક્તિસુધા ।।

## "શુરવીર ભક્ત કેસર મિયા"

- સાં.યો. કમળાબા-કોકિલાબા (સુ.નગર)

ભગવાન સ્વામિનારાયણ અને એમના સંતોએ સમાજમાં ઠેરઠેર વિચરીને સમાજના અજ્ઞાન અંધારા ઉલેચી જ્યારે ધર્મ, સદાચાર અને ભક્તિનો પુનિત પ્રકાશ પાથરવો શરૂ કર્યો ત્યારે પણ કાંઈક આવું બન્યું હતું. સમાજના વિવિધ ક્ષેત્રે રહેલા આસુરી અને દુષ્ટ તત્વો દાઝી ઉઠ્યા હતા. પોતપોતાની રીતે સંપ્રદાયની વગોવણી કરવામાં એણે કાંઈ બાકી રાખ્યું ન હતું. સંતોને ખૂબ હેરાન કરતા, માર મારતા, રાંધેલા અનાજમાં ધૂળ નાખતા. ખૂબ હેરાન પરેશાન કરતા છતાં પણ સંતોએ ક્ષમા રાખી ખૂબ સહન કર્યું છે. દુઃખથી ડરીને પાછો પગ ભર્યો નથી. શૂરવીરતાથી કામ કર્યું છે અને આ સત્સંગ ફેલાવ્યો છે.

વઢવાણ રાજ્યના કારભારી ભાણજી મહેતાથી સંપ્રદાયની વધતી જતી સુવાસ સહન નહોતી થતી. એ સ્વામિનારાયણ ભગવાનની ખૂબ નિંદા કરતો.

એકવાર એવું બન્યું કે એક બ્રાહ્મણ ગઢડા જવા નીકળ્યો. એણે ભાણજી મહેતા પાસે પૈસા માગ્યા કે મારે ગઢડા સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરવા જવું છે, તો મને થોડા પૈસાની જરૂર છે. તો આપ સહાય કરો. અજાણ્યા બ્રાહ્મણની વાત સાંભળી કારભારી ભાણજી મહેતા તપી ગયો અને કહ્યું કે, "તને શરમ નથી આવતી મારી પાસે રૂપિયા માંગતા. તારો સ્વામિનારાયણ ભલે ગમે તેવો મોટો હોય, ચમત્કારી હોય. તું ભગવાન માનતો હોય તો ભલે. હું તો એને મોચી માનું છું. અને તું એને મોચી માનીને ગાળો દે તો હું તને પાંચ રૂપિયા આપું." આ બ્રાહ્મણ ઘડીક અચકાયો પણ રૂપિયાની લાલચે ગાળો દેવા તૈયાર થઈ ગયો. ત્યાં તો મહેતાનો કારભારી કેશરમિયા નવા સત્સંગી થયેલા, મુસ્લિમ હતા. ખૂબ શૂરવીર હતા. તેનાથી આ ખમી ન શકાયું. તેણે બ્રાહ્મણને ગાળ દેતા અટકાવ્યો. અરે, તું બ્રાહ્મણ થઈને પૈસાની લાલચે મારા સ્વામિનારાયણ ભગવાનને ગાળ દેતા શરમાતો નથી. જો ગાળ દઈશ તો હું તને ભોં ભેગો કરી દઈશ. ત્યા ભાણજી મહેતાએ બ્રાહ્મણને પાનો ચડાવતા કહ્યું. "એ બોલે એટલું જ છે. બાકી એના કહ્યે શું થવાનું છે. હું બેઠો છું ને." તું તારે દે ગાળો ! અને બ્રાહ્મણે ગાળો દેવા માંડી. તુરત જ કેશરમિયાએ મ્યાન સોતી તલવાર ઝીકી દીધી. બ્રાહ્મણ તો ત્યાંનો ત્યાંજ પડી ગયો અને ભાણજી મહેતાએ કેશરમિયાને નોકરીમાંથી કાઢી મૂક્યા. કેશરમિયા જવાની તૈયારીમાં હતા ત્યાં રાણી સાહેબને જાણ થતાં માણસ મોકલી મળવા બોલાવ્યા. કેશરમિયાએ બધી હકીકત રાણી સાહેબને કહી. રાણીને થયું કે આ કાંઈ રાજકીય ગુનો નથી. અને રાણીએ મહેતાને સમજાવ્યા અને કેશરમિયાને રાખ્યા. કેશરમિયા આનંદમાં આવ્યા અને પ્રભુનો પાડ માન્યો. અને હવેથી ભાણજી મહેતો સ્વામિનારાયણનું વાંકુ બોલતો બંધ થઈ ગયો.

એકવાર વઢવાણની હદમાં ઘાડ પાડી પગેરું શોધીને વાર પાછી આવતી હતી. તેમાં કેશરમિયા પણ હતા. રસ્તામાં ગઢપુર આવ્યું. કેશરમિયાને થયું કે મારા ભગવાનના દર્શન કરતો આવું. આમ કેશરમિયાએ કહ્યું, "તમારે આવવું હોય તો ચાલો નહિ તો અહીં ઉભા રહો અગર ચાલતા થાઓ. હું ભેળો થઈ જઈશ." એમાં એક બે જણે કહ્યું કે દર્શન કરવા જઈએ અને તારા ભગવાન તને કાંઈક આપે તો એ ખરા. ચાલ અમો પણ ભેળા આવીએ. કેશરમિયા કહે એ તો ભગવાન છે. તેથી એમની પાસે ભેટ મુકવાની હોય. કશુ માંગવાનું ન હોય. એમાં એક જણ કહે જો તને વગર માંગ્યે સોનાની ઉતરી પહેરાવો તો અમે માનીએ કે તારા ભગવાન સાચા. કેશરમિયા કહે ભાઈ ભગવાન મને ઉતરી આપે તો જ સાચા એવું નથી. એ તો સાચા જ છે. આમ વાતો કરતાં સૌ દાદાના દરબારમાં પહોંચ્યા. મહારાજ લીંબતરુ નીચે બિરાજમાન હતા. આસપાસ ભક્તજનો બેઠા હતા. તેવામાં આ લોકો આવ્યા. ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ચરણ સ્પર્શ કર્યા. તુરત જ મહારાજે વરદ્ હસ્ત મસ્તકે મૂકી પોતાના કંઠમાંથી સોનાની ઉતરી પહેરાવી અને કહ્યું, "કેશરમિયા લ્યો આ સુવર્ણ ઈલ્કાબ. સાથે આવેલાઓને પણ મહારાજે પોતાની ડોકમાંથી કાઢી ગુલાબના હાર બધાને પહેરાવ્યા. મહારાજે કેશરમિયાને કહ્યું તમને મહેતાજીએ નોકરીમાંથી કાઢી મૂક્યા. એની વાત કરો. કેશરમિયાએ બધી વાત કરી. મહારાજ કહે, "અલ્યા કેશરમિયા, અમને ગાળ દીધી એમાં અમને ક્યાં ગુમડા થઈ ગયા. તમે ઉતાવળા ન થયા હોત તો, આ તો ઠીક રાણીએ તમને રાખ્યા નહિતર નોકરી વગર શું કરત ?' મહારાજનાં આવા

વચન સાંભળી કેશરમિયાએ કહ્યું, "મહારાજ ! ભાણજી મહેતો મને નોકરમાંથી કાઢી મૂકત તો હું ગમે ત્યાંથી પેટ ભરત અને રોટલો ન મળત તો પેટ ફોડી નાખત પણ મારાથી તમને ગાળો બોલે એ કેમ સહન થાય ?" કેશરમિયાનો આવો શૂરવીરતા ભર્યો જવાબ સાંભળી મહારાજ રાજી થયા. મહારાજ કહે તમે એકાંતિક ભક્ત ખરા. મહારાજ ખૂબ રાજી થયા અને કેશરમિયા ચાલતા થયા. રસ્તામાં પેલા કહેવા લાગ્યા "કેશરમિયા તું ખરો અને તારા ભગવાન સ્વામિનારાયણ પણ ખરા. તને સોનાની ઉતરી પહેરાવી અને અમને બધાને ગુલાબના હાર પહેરાવ્યા. પોતાની ડોકમાં એક જ હાર હતો એ કાઢે બીજાને પહેરાવે ત્યાં તો કોણ જાણે એમની ડોકમાં બીજો હાર આવી જાય. આવું જોઈ અમને નવાઈનો પાર ન રહ્યો."

આમ, આપણે પણ કેશરમિયાં જેવું નિષ્ઠાવાળું થવું. આ ભગવાનનું કે આચાર્ય મહારાજનું કોઈ ઘસાતુ બોલે તો શૂરવીર થઈ જવાબ આપવો. કેશરમિયાની જેમ કોઈથી દબાયા વગર જવાબ આપવો તો મહારાજ આપણા ઉપર ખૂબ રાજી થશે.

●

## કઠલાલના ડોશી

- ધ્વની પટેલ (હરભોલાનાથ પાર્ક)

લોયાના ત્રીજા વચનામૃતમાં શ્રીજી મહારાજે વાત કરી જે. "જેને ભગવાનનો અને સંતનો મહાત્મય જ્ઞાનને સહિત નિશ્ચય હોય તેનાથી ભગવાનને અર્થ અને સંતને અર્થે શું ન થાય? એને અર્થ કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે, અને સ્ત્રી હોય ને પુરુષનો ત્યાગ કરે." એમ કહીને પછી સર્વ હરિભક્તની વાર્તાઓ એકબીજા કેડે કરી. તે ઉપર ગામ "કઠલાલના ડોશી" તરીકે જેમનો ઉલ્લેખ મહારાજે કર્યો છે. તેમનું નામ હતું રામબાઈ, જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. ગામમાં પોતે એક જ સત્સંગી હતા. એક વખત કૂવે પાણી ભરવા ગયાં ત્યારે બીજા બહેનોએ વાત કરી કે તમારા સ્વામિનારાયણ હમણાં જ આ બાજુ ગયા.

સાંભળતા વેંત માથે પાણીનું માટલું અને વૃદ્ધ એવાં ડોશીમાં દોડવા લાગ્યા. થોડે દૂર ગયા ત્યારે ઘોડાની ઘુંમરમાં વિંટાયેલા મહારાજ ચાલ્યા જતા જોયા અને બૂમો પાડવા લાગ્યા કે મહારાજ !! ઉભા રહો, ઉભા રહો.

ડોશીમાની બૂમો સાંભળી મહારાજ ઉભા રહ્યા. ડોશી આવી ગયા તો ખરાં પણ એક અવસ્થા અને વળી માથે પાણીનું માટલું એટલે શ્વાસ ભરાઈ ગયો તે બેસી ગયા. થોડીવાર હાથ જોડીને કહે, મહારાજ ! મારુ ઘર ટાળીને આમ બારોબાર શા માટે ચાલ્યા જાઓ છો ? ડોશીમા અમારે ઉતાવળ છે એટલે, મહારાજે કહ્યું.

સારું પ્રભુ, આ ગામમાં હું એકલી છું. એટલે મને મૂકીને ચાલ્યા જાઓ છો. પણ આખું ગામ સત્સંગી હોત તો તમને જાવ દેત ? હવે આ માટલામાંથી જળપાન કરો અને પછી તમારા ચરણ એમાં બોળો. મહારાજે તેમ કરીને પૂછ્યું કે આ પાણીનું શું કરશો ? મહારાજ ગામના કૂવામાં નાખીશ. પ્રસાદીનું પાણી દરેકના પેટમાં જવાથી સૌના અંતર પવિત્ર થશે. અને આખું ગામ સત્સંગી થશે. પછી બારોબાર કેવી રીતે જાઓ છો ? તે જોઈશ.

ડોશીને કેટલું માહાત્મ્ય છે ! એ જોઈને મહારાજ બહુ રાજી થયા અને ડોશીમાએ પાણી કૂવામાં નાખ્યું. પછી ગામમાં સત્સંગ થયો. શ્રીહરિએ લોયાના ત્રીજા વચનામૃતમાં આ ડોશીમાના માહાત્મ્યને યાદ કર્યું છે.

આપણે દરરોજ ભગવાનનો પ્રસાદ તથા ભગવાનને ધરાવેલું પાણી લઈએ છીએ. પરંતુ આપણે કઠલાલના રામબાઈ જેવો મહિમા ક્યારે સમજાશે ? ભગવાન શ્રીહરિને પ્રાર્થના કે આવો મહિમા આપણને પણ સમજાય.

●

## સાચું જ્ઞાન (માયાનું સ્વરૂપ)

- સાં.યો. કુંદનબા ગુરુ કંચનબા (મેડા)

હે વહાલા ભક્તો ! ગયા અંકમાં આપણે જીવના સ્વરૂપનું જ્ઞાન મેળવ્યું, અને તેને પચાવ્યું. હવે આપણે માયાના સ્વરૂપનું જ્ઞાન મેળવીએ.

જે માયા છે તે અનાદિ છે, દરેક જીવાત્માઓનું જન્મક્ષેત્ર છે. નિત્ય છે. ચેતનપણું અને મૂઢપણું આ બન્ને સ્વભાવ માયાની અંદર રહેલા છે. અર્થાત્ ચિતજડાત્મિક છે. ગાઢ અંધકારરૂપ છે તથા પરમાત્માની શક્તિ છે. તેમજ કાર્યરૂપે સ્થૂળ અને કારણ રૂપે સૂક્ષ્મ સ્વરુપવાળી છે. તથા સત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રણ ગુણવાળી છે. ઉત્પન્ન થતી નથી માટે અજા કહેવાય છે.

હે ભક્તો ! તમે જ્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં હોય કે કીર્તન બોલતાં હોય ત્યારે ભગવાન સિવાયનું બીજું કાંઈ પણ યાદ આવે કે સંકલ્પો થાય તેને જ માયા કહેવાય. અર્થાત્ ધ્યાન કરતા હોઈએ ત્યારે સ્ત્રી, બા-બાપુજી, રૂપિયા, પુત્રી, પુત્ર ઈત્યાદિક કંઈ પણ યાદ આવે તે સર્વેને માયારુપ સમજવા.

હે ભક્તો ! શિક્ષાપત્રીમાં શ્રીહરિએ કહ્યું છે કે - અહમ્ અને મમત્વની કરાવનારી માયા છે. અહમ્ એટલે હું,

હું મોટો વક્તા છું, હું મોટો ત્યાગી છું, હું મોટો શેઠ છું, હું મોટો ધનવાન છું, હું મોટો પ્રેસિડેન્ટ છું, હું મોટી પતિવ્રતા છું, તથા હું મોટો ભક્ત છું. આ રીતનો જેને અહંકાર છે તે માયાને આધિન છે એમ જાણવું. આ લોકના મનુષ્ય આ મારા કુટુંબીઓ છે, આ મારી પત્ની છે, આ મારો બંગલો છે, આ મારા પુત્રો છે, આ રીતે મારું મારું કહીને જીવન ગુમાવી દે છે. હે ભક્તો ! આપણે જેમ મારું મારું કહીએ છીએ તેમ આપણા ઘરમાં રહેતાં ઉંદરો પણ મારું મારું કરતા હોય છે. હે મારા વહાલા ભક્તો આપણે ઉંદરો જેવા નથી બનવું, આપણે તો ભગવાનના એકાંતિક ભક્ત બનવું છે તેથી આપણે મારું મારું ના બદલે આ બધું પ્રભુનું જ છે, આપણે તો પ્રભુના દાસ છીએ, એવું કહેવાનું છે અને એવી રીતે વર્તવાનું છે.

હું અને મારું, તું અને તારું આજ માયા છે. મારાપણાની બુદ્ધિ છે એજ માયાનું રુપ છે. માયામાં બહુ જોર છે તેણે મોટા મોટાને પણ વશ કર્યા છે. અનાદિ કાળથી માનવનું માયા સાથે યુદ્ધ થતું આવ્યું છે. જીવાત્મા મોહ છોડી પરમાત્મા પાસે જાય તે માયાને ગમતું નથી. તે મનને ચંચળ સમજાવીને પછી કુટંબ પરિવાર અને બંગલારુપી અંધારા કૂવામાં જીવાત્માને ફેંકે છે. જીવમુક્ત છે. પરંતુ માયાએ તેને બાંધ્યો છે. તેથી વિષયો છોડી શકતો નથી એટલે જડચેતનની ગાંઠમાં ફસાયો છે. માયા માણસને બે રીતે મારે છે. ઘરની બધી અનુકૂળતા હોય તો ભક્તિ કરવા દેતી નથી અને વધારે ભેગું કરવાની ઈચ્છા થાય છે તથા પ્રતિકુળતા હોય તો હૈયું બાળ્યા કરે છે. સંસારમાં માયાએ એવું આકર્ષણ કર્યું છે કે પંચવિષયોના સુખો સારાં લાગે છે.

સારંગપુરના ૧૪માં વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું કે - એક તો પ્રમાદ અને બીજો મોહ એ બેયનો જે ત્યાગ કરે તે સર્વ પ્રકારે ભગવાનની માયાને તરી રહ્યો છે અને પ્રમાદ અને મોહ એનું જ નામ માયા છે. પ્રમાદ એટલે મોક્ષને અર્થે કશું ન કરે અને દેહના સુખો સારું સતત પ્રયત્નો કરે પરંતુ તેમાં આળસ ન આવે અને ભજન ભક્તિ કરવામાં આળસ આવે તેને પ્રમાદી કહેવાય છે. મોહ એટલે જેમાં સુખ છે તેમાં સુખ નથી જણાતું અને જેમાં દુઃખ છે તેમાં દુઃખ નથી જણાતું. અર્થાત્ હરિભજનમાં સુખ છે પરંતુ સુખ નથી મનાતુ અને પંચવિષયોમાં દુઃખ રહેલું છે છતાં પણ તેમાં સુખ મનાય છે. એનું જ નામ મોહ છે. હે ભક્તો આપણે અહં, મમત્વ, પ્રમાદ અને મોહરૂપી માયા જાળમાં ગૂંચવાઈ ગયા છીએ તો પણ એકબીજાને કહીએ છીએ કે અમો માયાના બંધનમાં કદી પણ ન બંધાઈએ, અમો તો માયાને ઓળખીએ છીએ એટલે તેનાથી દૂર જ રહીએ. પરંતુ તે તો આપણી ખોટી ભ્રાંતિ છે. કેમ કે કોઈ અહમ્ માં બંધાયેલા છે, ઘણા મમતાથી બંધાયેલા છે, ઘણા પ્રમાદમાં બંધાયેલા છે અને ઘણા મોહમાં બંધાયેલા છે. આવુ દુષ્ત્યજ માયા છે. આ જીવાત્મા માયારૂપી કોઠીમાં પેસીને વિષયો ભોગવી તેની વાસનાથી જાડો થઈ ગયો છે. પરંતુ જ્યારે તે જીવાત્મા સંપૂર્ણ વિષયોને છોડશે ત્યારે જ તે માયારૂપી કોઠીમાંથી બહાર નીકળી શકશે.

હે ભક્તો ! સનકાદિકોએ કામને જીત્યો, પરંતુ ક્રોધને આધિન થયા. ગૃહસ્થો ને માયા કામમાં ફસાવે છે અને ત્યાગીને કીર્તિમાં ફસાવે છે. ભગવાનની આ ત્રણ ગુણવાળી અલૌકિક માયા તરવી ઘણી મુશ્કેલ છે. આ માયાને તો ભગવાનના એકાંતિક ભક્તો જ તરી શકે છે. બીજા નહિ.

આપણે ભગવાનનું માહાત્મ્ય સારી પેઠે સમજીને ભગવાનનો અતિ દૃઢ આશરો રાખીશું તો આ માયાને તરી જઈશું. દૃઢ આશરો કોને કહેવાય ? તો જેને ભગવાનો દૃઢ આશ્રય હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ તે દુઃખ થકી રક્ષાના કરનારા ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે, એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય.

હે ભક્તો ! આપણે પણ આ માયાને તરવી છે અને ભગવાનના એકાંતિક ભક્ત બનવું છે. તે માટે આપણે શું કરવું જોઈએ ? તો હે ભક્તો ! આપણને શ્રીજીમહારાજે શિક્ષાપત્રી, સત્સંગી-જીવન વગેરે શાસ્ત્રોમાં જે જે આજ્ઞા કરી તેને શિર સાટે પાળી મહારાજના વચન પ્રમાણે જીવન જીવવું પડશે. જગત સંબંધી પંચવિષયોને ત્યજી ભગવાન સંબંધી પંચવિષયોને ભોગવવા પડશે. તન, મન અને ધન સર્વે સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં સમર્પિત કરી મહારાજ જેમ રાજી રહે તેમ રહેવું પડશે. ભગવાનને ભગવાનના સંતો-ભક્તો સાથે હેત-પ્રેમથી બંધાવું પડશે.

હે ભક્તો ! સર્વના કર્તા, સર્વના કારણ, એવા સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની એકાંતિક ભક્તિ કરીને અક્ષરધામમાં મહારાજની મૂર્તિનું અખંડ અને અવિનાશી સુખ પ્રાપ્ત કરવુંજ છે. એવું આજથી અને અત્યારથી જ નક્કી કરી શ્રીજી મહારાજનો દૃઢ આશરો રાખી પરમાત્માનું ભજન શરૂ કરી દેજો.

●

# સત્સંગ સમાચાર

**અમદાવાદ મંદિરમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ**

અષાઢ સુદ વ્યાસ પૂર્ણિમાના શુભ દિને સમસ્ત સત્સંગના ધર્મગુરુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું પૂજન કરવા ઘણી-મોટી સંખ્યામાં સંતો અને હજારોની સંખ્યામાં હરિભક્તો પધાર્યા હતા. શ્રી નરનારાયણદેવની શૃંગાર આરતી પોતાના વરદ્ હસ્તે ઉતારીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી પ્રસાદીના સભામંડપમાં વિશાળ સ્ટેજ પર સુવર્ણ સિંહાસને વિરાજમાન થયા હતા. હજારો સંત હરિભક્તો પોતાના ગુરુવર્યના દર્શન કરી આનંદિત થયા હતા.

સૌ પ્રથમ વિદ્વાન વિપ્રોએ વેદમંત્રો દ્વારા સ્વસ્તિવાચન કરી પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન કર્યું હતું. અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી શા.સ્વામી નિર્ગુણદાસજીએ ગુરુપૂર્ણિમાનો શાસ્ત્રોક્ત મહિમા વર્ણવી સૌને સુંદર વાત જણાવી હતી. ત્યારબાદ પ્રથમ પૂ. લાલજી મહારાજશ્રી તથા ગુરુવર્ય પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ મંગલ આશિર્વચન પાઠવ્યા હતા. ત્યારબાદ પ્રથમ પૂ. સંતોએ અને વિશાળ સંખ્યામાં પધારેલ હરિભક્તોએ પુષ્પમાળા અને હૃદયના ભાવ સાથે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દર્શનાર્થે પધારેલ હરિભક્તોની લાંબી લાઈનો લાગી હતી. ખરેખર ભાવસભર પ્રસંગમાં સૌને આનંદની પ્રાપ્તિ થઈ હતી. સભાનું સંચાલન સત્યપ્રકાશ સ્વામીએ કર્યું હતું. દરવર્ષની ગુરુપૂર્ણિમાએ ગુરુ સ્થાને બિરાજમાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરવાનું હજારો હરિભક્તો ચૂકતા નથી. *(ધર્મપ્રકાશ સ્વામી)*

**પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૯મો જન્મોત્સવ ધામધુમથી ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પુત્ર રત્ન અને સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૯મો જન્મોત્સવ, અષાઢ વદ-૧૦ના શુભ દિને ભારે ધામધુમથી ઉજવાયો.

શ્રી નરનારાયણદેવની શણગાર આરતી પોતાના વરદ્ હસ્તે ઉતારીને પોતાના દાદા નિવૃત આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી સભા મંડપમાં સુંદર આસને વિરાજમાન થયા ત્યારે પૂ. સંતો અને હરિભક્તો ઉપરાંત અત્રે ખાસ ઉપસ્થિત થયેલ સહજાનંદ ગુરુકુળના વિદ્યાર્થીઓએ તાળીઓનો હર્ષનાદ કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી આશીર્વાદ મેળવ્યા હતા.

પૂ. મહંત સ્વામીની અનઉપસ્થિતિમાં શા. સત્યપ્રકાશ સ્વામી સભાનું સંચાલન સંભાળતા હતા. પ્રથમ વિદ્વાન વિપ્રોના સ્વસ્તિવાચન પછી મોટા સંતો અને વડીલ હરિભક્તોએ પુષ્પમાળા પહેરાવીને પૂજન કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આરતી ઉતારી હતી. સભામાં નાના-નાના સંતોએ પોતાના વકતવ્ય દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે શુભેચ્છા પાઠવી હતી.

પ.પૂ. લાલજી મહારાજશ્રી પોતાના આશીર્વાદ પ્રવચનમાં "અધમ ઉદ્ધારણ અવિનાશી તારા" એ કીર્તનનું ગાન કર્યું હતું. જેથી સૌ ખૂબ રાજી થયા હતા. સભાના અધ્યક્ષસ્થાને બિરાજેલા પ.પૂ. મોટા મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આમ અતિ આનંદથી જન્મોત્સવની ભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

*(વિશ્વવલ્લભદાસજી)*

**અક્ષરમહોલ વાડીમાં પ્રાર્થના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા**

જેતલપુર ધામના મહાન તીર્થરૂપ અક્ષરમહોલ વાડીમાં શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા પૂ. પી.પી. સ્વામી અને મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી સંપ્રદાયમાં અને ગુજરાતી પદ્ય સાહિત્યમાં જેમનું નામ લેતાજ લોકજીભે કવિશ્રી દલપતરામનું નામ પહેલું આવે. જેમને કવિવર્ય બ્રહ્માનંદ સ્વામીની અતિ કૃપા હતી. તેવા કવિશ્રીના વંશના પરિવારો હાલ પણ 'કવિ'ની અટકથી ઓળખાય છે. જેમણે અહીં સુંદર, સેવા કરી પ્રેરણા લેવા જેવું ઉદાહરણ પુરૂ પાડ્યું છે. તેવા કલાબેન કવિના પરિવારો શ્રી દેવિકાબેન વસંતભાઈ ત્રિવેદી (શિકાગોવાળા)એ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી વિદ્યાર્થી સંતો-ભૂદેવો અભ્યાસ સાથે ભગવાનની પ્રાર્થના-પૂજા-અર્ચન સરસ રીતે કરી શકે તે માટે મહંત કે.પી. સ્વામીના માર્ગદર્શનથી ખૂબજ સારું યોગદાન આપેલ છે. જે પ્રાર્થના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધુમથી સંપન્ન થઈ હતી. જેમાં વિદ્વાન સંતો, પાઠશાળાના પ્રાધાનાધ્યાપકશ્રી અને અન્ય શિક્ષકગણ અને વિદ્યાર્થી સંતો ઉપસ્થિત હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પ્રાર્થના મંદિર અને પાઠશાળા અને છાત્રાલયની વિવિધ પ્રવૃતિ જોઈ અતિ પ્રસન્ન થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. *(શાસ્ત્રી સ્વામી હરિઓમપ્રકાશદાસજી, સંચાલકશ્રી)*

**કાંકરિયા રામબાગ મંદિરમાં હિંડોળા દર્શન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અને મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને કોઠારી આનંદ સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી અત્રે આપણા મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ સમક્ષ વિવિધ પ્રકારના અવનવા હિંડોળા શ્રધ્ધાળુ હરિભક્તોના સહકારથી કરવામાં આવે છે. પૂજારી સ્વામી દેવકૃષ્ણદાસજી અને સંત મંડળ ઠાકોરજીને લાડ લડાવીને અવનવા શણગાર ધરાવીને હરિભક્તોને દર્શનનું સુખ આપે છે.

*(સાધુ યજ્ઞપ્રકાશદાસ)*

**ધોળકા શ્રી મોરલી મનોહરદેવના સાનિધ્યમાં ભવ્ય હિંડોળા દર્શન**

સર્વોપરિ શ્રીહરિની કૃપા અને શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત સ્વામી જગતપ્રકાશદાસજી અને મહંત વિષ્ણુપ્રસાદદાસની પ્રેરણાથી શ્રધ્ધાળુ ધર્મપ્રેમી હરિભક્તોના યજમાન પદે ઠાકોરજી સમક્ષ બિસ્કીટ, કઠોળ, ચોકલેટ, ફૂટ, શાકભાજી, સૂકામેવા આદિ વિવિધ પ્રકારના ભવ્ય હિંડોળા સંતમંડળ અને ધોળકા સત્સંગ મંડળના સેવા-ભાવનાથી કરવામાં આવે છે. હરિભક્તો હિંડોળા દર્શન કરી ખૂબજ દિવ્યતા અનુભવતા હતા. ખરેખર દર્શન અલૌકિક હતા.

*(ધોળકા સત્સંગ મંડળ)*

**નારાયણઘાટ મંદિરમાં કલાત્મક ભવ્ય હિંડોળા મહોત્સવ**

સર્વોપરિ શ્રી નરનારાયણદેવની પ્રાકટ્ય ભૂમિ સર્વોપરિ તીર્થધામ નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દિવ્ય કલાત્મક ભવ્ય હિંડોળા દર્શન તા. ૧૬-૭-૦૬ના રોજ પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે દર્શનાર્થે ખુલ્લા મુકવામાં આવ્યા.

આ પ્રસંગે પ્રાસંગિક સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વાદ આપતા કહ્યું કે, સંતોએ ખૂબજ મહેનત કરી છે. શ્રી ગોવિંદભાઈ બારસીયા આદિ ભક્તોની સેવા સહકારથી આવું ભગીરથ કાર્ય સંપન્ન થયું. ત્યારબાદ નૂતન ભોજનાલયનું પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ઉદ્ઘાટન વિધિવત થયું. તેજ દિવસે સાંજે સમસ્ત સત્સંગના પ્રાણ પ્યારા પ.પૂ. લાલજી મહારાજશ્રી ઠાકોરજીને ઝુલાવવા ખાસ પધાર્યા અને દર્શન કરી ખૂબજ રાજી થયા. આ પ્રસંગે મહંત સાધુ ઘનશ્યામપ્રકાશદાસે સુંદર વ્યવસ્થા કરી હતી.

*(સાધુ ભક્તિકેશવદાસ)*

**મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. પી.પી. સ્વામીની પ્રેરણાથી અત્રેનું સંત મંડળ શા. સ્વામી ઉત્તમપ્રિયદાસજી અને મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી અહીં મંદિરમાં દર શનિવારે અને દર એકાદશીના સત્સંગ સભાનું આયોજન કરેલ છે. જેમાં શ્રીહરિની કથાવાર્તા કીર્તન આદિ કરવામાં આવે છે. હરિભક્તો રસ પૂર્વક ભાગ લેશે. તા. ૨૫-૬-૦૬ના રવિવારના પ.ભ. અજયભાઈ સોનીને ત્યાં સત્સંગ સભાનું સુંદર આયોજન થયુ હતું. જેમાં મહંત સ્વામી અને શા. ઉત્તમ સ્વામી આદિ સંતોએ નવધા ભક્તિ ઉપર દ્રષ્ટાંત સહિત કથા કરી હતી. વિસનગર સત્સંગ મંડળ દ્વારા કીર્તન ભક્તિ કરીને સૌને હરિરસમાં તરબોળ કર્યા હતા.

*(બાબુભાઈ એન. ચૌધરી)*

**ટોરડા ધામમાં સત્સંગિભૂષણ જ્ઞાનયજ્ઞ**

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા પ્રવર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની દિવ્ય તીર્થધામ જન્મભૂમિ ટોરડા ખાતે ભક્તિ શાસ્ત્ર સત્સંગિભૂષણ સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન થયું હતું. ગં.સ્વ. સાકરબહેન રણછોડભાઈ જેઠવા (ગાંધીનગર)ની જીવતચર્યા પ્રસંગે આયોજીત પારાયણના વક્તાપદે પ્રસિધ્ધ કથાકાર શા. હરિજીવનદાસજી એ પોતાની સુમધુર શૈલીમાં કથામૃતનું પાન કરાવ્યું હતું.

ટોરડા મહંત સ.ગુ. કૃષ્ણપ્રસાદદાસજી સ્વામીનું આયોજન, પ્રેરણા અને વ્યવસ્થાથી આ પ્રસંગ ખૂબજ શોભી ઉઠ્યો હતો. જેઠવા પરિવારે કથા શ્રવણની સાથે યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીની જન્મભૂમિના દર્શન-અને સેવાનો અમૂલ્ય લ્હાવો લીધો હતો. તા. ૪-૬-૦૬ પૂર્ણાહુતિના દિવસે સંતોની ઉપસ્થિતિમાં પારાયણની ધામધુમથી પૂર્ણાહુતિ થઈ હતી. સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. મંદિરના પાર્ષદોએ સુંદર સેવા બજાવી હતી. *(સચિન ભગત, ટોરડા)*

**શ્રી સ્વામિનારાયણ મંદિર નવાવાડજ**

અહીં આપણા મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી નવા વાડજના હરિભક્તોના સંતાનો ધો.-૧૦ અને ૧૨માં પ્રથમ ત્રણ નંબરથી ઉતિર્ણ થનારને પ.ભ. નવિનભાઈ પરીખ તરફથી ઈનામ આપવામાં આવેલ. આ પ્રસંગે હરિભક્તોએ ઉત્સાહ પ્રેરક પ્રવચન કરેલ. હરિભક્તો ચાતુર્માસમાં વિશેષ નિયમો લઈ શ્રીહરિનું ભજન સ્મરણ કરે છે. અને દરેક ઉત્સવો ધામધુમથી ઉજવે છે.

*(શંભુદાનભાઈ હી. પટેલ)*

**પોખરા (નેપાળ)માં ભવ્ય હિંડોળા**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને અત્રેના સંત સ્વામી, શ્રીજી સ્વામી અને સ્વામી લોકનાથ દાસજીની પ્રેરણાથી આપણા પોખરા મંદિરમાં લવીંગ-મરી-દિવાસળી અને ધાન્યના કલાત્મક હીંડોળાના દર્શન ત્યાંની સ્થાનિક ધાર્મિક પ્રજાજનોને અને યાત્રિકોને કરાવ્યા હતા.

આગામી જન્માષ્ટમીના અત્રે ભવ્યરથ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

*(શ્રીજી સ્વામી પોખરા)*

**ધનબાદ (બિહાર)**

અત્રે ધનબાદ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨૩મો પાટોત્સવ અષાઢ સુદ-૧૩ના ધામધુમથી ઉજવાયો હતો. આ પ્રસંગના ઉપલક્ષમાં કથા પારાયણ ઠાકોરજીનો પાટોત્સવ-અન્નકૂટ સંતો દ્વારા થયા હતા. હરિભક્તોએ સારી સેવા કરીને દર્શનનો લાભ લીધો હતો. *(લલીતભાઈ ગાંધી, સ્વા.સત્સંગ મંડળ)*

**નાથદ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ અંગે**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા નાથદ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ કારતક સુદ-૯ના રોજ દર વર્ષે થશે. જેની સૌ હરિભક્તોએ નોંધ લેવી.

*(મહંત સ્વામી, નાથદ્વારા)*

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### ચરાડવામાં ૨૨૪ દિવસની અખંડ ધૂન્ય

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ૨૨૫ મા પ્રાકટ્યોત્સવની (રજત દ્વિશતાબ્દી જન્મોત્સવ)ની ઉજવણી સંપ્રદાયમાં ઘણાં મંદિરોમાં ધામધુમથી થઈ રહી છે. આપણા ચરાડવા મંદિરમાં અ.નિ.સ.ગુ. સ્વામી વિજ્ઞાનદાસજીના સંતમંડળ દ્વારા "૨૨૫ દિવસ એટલે ૫૪૦૦ કલાક અખંડ શ્રી સ્વામિનારાયણ" મહામંત્રની ધુન્યનું વિશાળ આયોજન કરવામાં આવ્યું છે. તા. ૯-૭-૨૦૦૬ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ચરાડવા પધારીને મંદિરમાં વિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવની ૨૫૦૦ દિવેટની વિરાટ આરતી પોતાના વરદ્ હસ્તે ઉતારી. જેના દર્શન કરી ભક્તજનો ખૂબ આનંદિત થયા. ધૂન્યના પ્રારંભ પહેલા પ્રાસંગિક સભામાં વિદ્વાન સંતો અને વડીલ હરિભક્તોએ ધૂન્યના સુંદર આયોજનને બિરદાવ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રાજી થઈને આશીર્વાદ પાઠવ્યા હતા અને વિશાળ આયોજન બદલ મહંત સ્વામી જીષ્ણુચરણદાસજીને રાજીપાનો હાર પહેરાવ્યો હતો.

દેશ-વિદેશથી પધારેલા હરિભક્તોની ઉપસ્થિતિમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પોતાના કરકમળો દ્વારા મંગલદિપ પ્રગટાવીને ધુન્યનો પ્રારંભ કરાવ્યો હતો.

પૂજારી દિવ્યપ્રકાશ સ્વામી અને નિલકંઠ સ્વામીએ ભગવાનને સુંદર શણગાર ધારણ કરાવ્યા હતા. શાસ્ત્રી વ્રજવલ્લભ સ્વામી, શાંતિપ્રકાશ સ્વામી, દાસ સ્વામી ઉપરાંત મૂળીધામ, મકનસર, ધ્રાંગધ્રા, હળવદ વગેરે ધામોથી પધારેલા સંતોએ સફળતા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

તા. ૯-૭-૨૦૦૬ થી પ્રારંભ થયેલ મહામંત્ર ધૂન્ય તા. ૧૯-૨-૦૭ સુધી બ્રહ્મનાદથી ગુંજતી રહેશે.

દેશ-વિદેશના સૌ હરિભક્તોને આ ઉત્સવમાં પધારવા લાભ લેવા ચરાડવા મહંત સ્વામીનું રૂડું આમંત્રણ છે. ટેલીફોન દ્વારા વિગતો મેળવી ભજન-મહોત્સવમાં દિવ્ય લાભ પ્રાપ્ત કરવો. *(શા. સત્યપ્રકાશદાસજી)*

## વિદેશ સત્સંગ સમાચાર

### સીડની (I.S.S.O. ઓસ્ટ્રેલીયા)

#### શ્રી સ્વામિનારાયણ મંદિર

સર્વોપરિ શ્રીજી મહારાજ તેમના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અહીં આપણા હરિભક્તો આપણા સીડની મંદિરમાં ઠાકોરજીની સેવા પૂજા-સત્સંગ વગેરે શ્રીજી મહારાજ અને પૂ. મહારાજશ્રીના રાજીપા અને જીવના કલ્યાણ અર્થે કરે છે. તા. ૧૩-૫-૦૬ના અમદાવાદના આપણા મેયરશ્રી અમિતભાઈ શાહ આપણા મંદિરે ખાસ સમય લઈને દર્શનાર્થે પધાર્યા હતા. હરિભક્તોએ તેમનું પુષ્પહાર પહેરાવી બહુમાન કર્યું હતું. તેઓ મૂળ સંપ્રદાયની પ્રવત્તિ અને મૂળ સંપ્રદાયના મંદિરમાં દર્શન કરી ખૂબજ પ્રભાવિત થયા હતા.

અત્રે થયેલ સભાના યજમાનો

તા. ૨૧-૫-૦૬ના રોજ પ.ભ. ડૉ. કિરણભાઈ અમીન, તા. ૨૮-૫-૦૬ પ.ભ. ભાલચંદ્ર ભાવસાર તા. ૪-૬-૦૬ પ.ભ. હંસાબેન વાધજી યાણી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી માંવજીભાઈ ભૂડીયા (સુખપર કચ્છ) આપણા મંદિરમાં સેવા-પૂજાની પ્રવૃત્તિ કરે છે. *(તેજશ બી. પટેલ)*

### શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (I.S.S.O., U.K.)

આપણા લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞાથી તા. ૨૫-૬-૨૦૦૬ના રોજ સવારના ૧૦થી બપોરના ૨-૦૦ સુધી સમૂહ મહાપૂજાનું આયોજન કરવામા આવેલ. શ્રી રસિકભાઈ જાનીએ શાસ્ત્રોકત રીતે સુંદર વિધિ કરાવી હતી. અ.સૌ. માધુરીબેન બાબુભાઈ સાંઢાએ યજમાન પદ નો લાભ લીધો હતો. અહીં ઠાકોરજીને અદ્‌ભુત ચંદનના વાઘા ધરાવીને દર્શન કરાવેલ. જેના યજમાન પ.ભ. તરૂણભાઈ ફરસુરામભાઈ ત્રિવેદી હતા. તા. ૧૧-૭-૦૬ના ગુરુપૂર્ણિમાના રોજ સભામંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ની તસવીરનું પૂજન અર્ચન આરતી હરિભક્તોએ ક્રમશઃ કરીને સભામાં ધર્મવંશી આચાર્ય એજ આપણા સૌના ગુરુ છે. જેમનું પૂજન અર્ચન કરવું એ આપણી સૌની ફરજ છે. એમ અનેક દૃષ્ટાંત સાથે શાસ્ત્ર પ્રમાણ સહિત હરિભક્તોએ વિવેચન કરેલ. હરિભક્તોએ દરેક પ્રસંગમાં મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો.

*(હેમરાજભાઈ ચોટલીયા)*

### કોલોનીયા (I.S.S.O., U.S.A.)

#### શ્રી સ્વામિનારાયણ મંદિર.

આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત સ્વામી દેવપ્રસાદદાસજી અને શાસ્ત્રીસ્વામી ઈશ્વરજીવનદાસ ની પ્રેરણાથી દેવપોઢી અગિયારસના સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રીસ્વામી એ ચાતુર્માસના નિયમો વિશે સરસ સમજણ પૂરી પાડી હતી. વામનજીની કથા સુંદર રીતે વર્ણવી હતી. આઈ. એસ. એસ. ઓ. સંચાલિત "સેવા"ની ટીમે આપણા મેડિકલ ક્લિનિકમાં અનેક નામાંકિત ડોકટરોએ અનેક દર્દીઓને ચેકઅપ કરી યોગ્ય સારવાર પુરી પાડી હતી. જેમાં આપણા યુવક મંડળના સક્રિય કાર્યકરોએ ખૂબ સારી સેવા બજાવી હતી. મહંત સ્વામી દેવસ્વામી અને ઈશ્વરસ્વામીએ ડોકટરોનું અને ગુજરાત દર્શનના તંત્રીશ્રી સુભાષભાઈ ઉપાધ્યાયનું બહુમાન કર્યુ હતુ. કોલોનીયા મંદિરનો આગામી પાટોત્સવ ઓગસ્ટમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ના વરદ્ હસ્તે ધામધુમથી ઉજવવામાં આવશે તેની જાહેરાત કરવામાં આવી હતી. છેલ્લે જનમંગલપાઠ અને ઠાકોરજીની આરતી થાળ નિયમ મુજબ કરી સૌ વિદાય થયા હતા.

*(પ્રવિણભાઈ શાહ)*

# શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

| | | |
|---|---|---|
| ૧૦૧-૦૦ | શ્રી જયરાજભાઇ એમ. પટેલ શ્રીજી પ્રસન્નાર્થ | સેટેલાઇટ |
| ૧૦૧-૦૦ | શ્રી રમણલાલ અમૃતલાલ મોદી ચિ. અપેક્ષાને પી.ટી.સી.માં ૮૦% આવ્યા તે નિમિત્તે | હિંમતનગર |
| ૧૦૧-૦૦ | શ્રી ઋચિતાબેન મહેશભાઈ ગોપાળભાઈ ધો. ૧૦માં ૯૩% એ પાસ થયા તે નિમિત્તે | ડુંગરી (ઈડર) |
| ૧૫૧-૦૦ | શ્રી હિરલ મુકેશભાઈ જોબનપુત્રા જુનાગઢ આર્યુવેદ કોલેજમાં ફર્સ્ટક્લાસ પાસ થયા તે નિમિત્તે | મોરબી |
| ૧૦૧-૦૦ | શ્રી જેઠાલાલ એમ. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | ડુમાણા |
| ૧૦૦-૦૦ | શ્રી નટવરસિંહ નથુસિંહ ચાવડા ચિ. ઈન્દ્રજીતસિંહ તથા કૃતિકા કુંવરબાના લગ્ન પ્રસંગે | માણેકપુર |
| ૧૦૧-૦૦ | શ્રી રમેશચંદ્ર ત્રિભોવનદાસ કોઠારી જન્મદિન નિમિત્તે | મેમનગર |
| ૧૧૦-૦૦ | શ્રી મુકેશભાઈ હરિભાઈ બારભાયા શ્રીજી પ્રસન્નાર્થે | રાયપુર (છતીસગઢ) |
| ૧૦૧-૦૦ | શ્રી નરેન્દ્રભાઈ ભગવાનદાસ ચિ. સ્મિતા ધો.-૧૦માં પાસ થઈ અને જન્મદિન પ્રસંગે | ઈટાદરાવાળા |
| ૧૦૧-૦૦ | શ્રી હેમંતભાઈ શશીકાન્તભાઈ કા. ચારધામ યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઈ તે નિમિત્તે | સેટેલાઈટ |
| ૧૦૧-૦૦ | શ્રી કોમલબેન મુકેશભાઈ પટેલ ધો.-૧૦માં ૭૮% આવ્યા તે નિમિત્તે | સોજા |
| ૧૧૧-૦૦ | શ્રી પશીબેન ખેમચંદભાઈ પટેલ ચિ. હેતલબેન બી.એડમાં ૮૨% ટકાએ પાસ થાય તે નિમિત્તે | સોજા |
| ૧૧૧-૦૦ | શ્રી પશીબેન ખેમચંદભાઈ પટેલ ચિ. કિંજલબેન પી.ટી.સી.માં ૮૧% એ પાસ થયા તે નિમિત્તે | સોજા |
| ૧૦૦-૦૦ | શ્રી કાંતિભાઈ વાસુદેવભાઈ વિઠ્ઠલભાઈ શ્રીજી બંગલો લીધો તે નિમિત્તે | વિદ્યાનગર |
| ૧૦૧-૦૦ | શ્રી તેજેન્દ્ર હસમુખલાલ પરમાર મોબાઈલ અને બાઈકની ખરીદી નિમિત્તે | અમદાવદ |
| ૧૦૧-૦૦ | શ્રી રજનીકાંત અમૃતલાલ પાટડીયા ચિ. વિરેન્દ્રને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે | મોરબી |
| ૧૦૧-૦૦ | શ્રી જીવાભાઈ મહાદેવભાઈ મોરી અને બબુબેન જીવાભાઈ મોરી ઉત્તર ભારત યાત્રા નિમિત્તે | ડેડીયાસણ |
| ૧૦૧-૦૦ | શ્રી અંબારામભાઈ અમથાભાઈ તથા તેમના ધર્મપત્નિ ચંપાબેન સાથે ઉત્તર ભારત યાત્રા નિમિત્તે | ડેડીયાસણ |
| ૧૦૧-૦૦ | શ્રી કા.પ. જયાબેન રમેશભાઈ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે | મુંબઈ |
| ૧૦૧-૦૦ | શ્રી નવિનચંદ્ર નાનદાસ પટેલ નવા ફલેટમાં રહેવા ગયા તે નિમિત્તે | મોખાસણ |
| ૨૦૧-૦૦ | શ્રી હીરાભાઈ જોઈતારામ પટેલ તા. ૨૮-૬-૦૬ અક્ષરવાસ નિમિત્તે | મોખાસણ |
| ૧૦૫-૦૦ | શ્રી જીગર પંકજભાઈ ઠક્કર ધો.-૧૨માં ૮૦% આવ્યા તે નિમિત્તે | મેઘાણીનગર |
| ૧૦૧-૦૦ | શ્રી વિનોદકુમાર બાબુલાલ પટેલ ચિ. શ્રિયાના જન્મ પ્રસંગે | મારૂસણા |
| ૧૦૧-૦૦ | શ્રી ચિમનલાલ મણીલાલ કાછીયા પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | મલાડ-મુંબઈ |
| ૧૦૧-૦૦ | શ્રી ગૌરાંગ રાજેન્દ્રભાઈ જોષી શ્રીજી પ્રસન્નાર્થે | |
| ૨૦૦-૦૦ | શ્રી વસંતભાઈ નારણભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | બીલીયા |
| ૧૫૧-૦૦ | શ્રી અંકિતકુમાર નટવરલાલ ઠક્કર શ્રીજી પ્રસન્નાર્થે | વિરમગામ |
| ૧૧૧-૦૦ | શ્રી વિષ્ણુભાઈ ભક્તિદાસ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | કલોલ |
| ૧૦૧-૦૦ | શ્રી દેવચંદભાઈ સોની તેમના માતુશ્રી ચંપાબેન કે. સોનીના તા. ૧૨-૬-૦૬ના અક્ષરવાસ નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦-૦૦ | અ.સૌ. શારદાબેન ગોવિંદભાઈ સ્વામિનારાયણ ચિ. સરોજબેનના લગ્ન પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી રાજેશકુમાર નવિનચંદ્ર સોની મારૂતિવાન લાવ્યા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | જયદિપ ઘનશ્યામભાઈ ચાવડા અને ચિ. અ.સૌ. જયાના જન્મ દિન પ્રસંગે શ્રીજી પ્રસન્નાર્થે (બળોલવાળા) | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી નારણભાઈ શીવાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | સોજા |
| ૧૦૦-૦૦ | શ્રી ગોરધનભાઈ શીવાભાઈ પટેલ તેમના માતુશ્રી કમળાબેનના સ્મરણાર્થે | કુબડથલવાળા |
| ૧૫૧-૦૦ | શ્રી મિતેષકુમાર વિજયભાઈ ભાવસાર સગાઈ પ્રસંગે | લાંઘણજ |
| ૧૦૧-૦૦ | પટેલ સુરેશકુમાર ભરતભાઈ મુલચંદભાઈ બિયારણ પાસ થયું તે નિમિત્તે | સાપાવાડા |
| ૧૦૧-૦૦ | શ્રી દિપાલીબેન ભરતભાઈ મુલચંદભાઈ ધો.-૧૦માં પાસ થયા તે નિમિત્તે | સાપાવાડા |
| ૧૦૧-૦૦ | શ્રી હરિલાલ કુંવરજી ટાંક ચિ. નિશા ધો.-૧૦માં સારા ગુણે ઉતિર્ણ થવા નિમિત્તે | (જીરાગઢ) અંધેરી |
| ૧૦૧-૦૦ | શ્રી નાનજીભાઈ જેશંગભાઈ પરમાર તા. ૧૮-૬ માસિક પુણ્ય તિથિ નિમિત્તે | બળોલ-ભાલ |
| ૧૦૦-૦૦ | શ્રી અમિત અરવિંદભાઈ પટેલ નવું કાઈનેટીક સ્કુટર લાવ્યા તે નિમિત્તે | પાલડી |
| ૧૦૦-૦૦ | શ્રી લીલાબેન અને અરવિંદભાઈ યુ. પટેલ દક્ષિણ ભારતની યાત્રા નિમિત્તે | ઉવારસદવાળા |
| ૨૦૧-૦૦ | શ્રી હિનાબેન નિલેશભાઈ દયાળજીભાઈ ટાંક પુત્ર જન્મ પ્રસંગે | (જીરાગઢ) સુરત |
| ૧૦૧-૦૦ | શ્રી ઘનશ્યામભાઈ સોમાભાઈ અમીન ચિ. સત્સંગની સગાઈ નિમિત્તે | અમદાવાદ |

| | | |
|---|---|---|
| ૧૦૧-૦૦ | શ્રી નિલેશકુમાર દયાળજીભાઈ ટાંક બાળ મંડળના ૨જા વર્ષમાં પ્રવેશ નિમિત્તે | સુરત |
| ૨૦૧-૦૦ | શ્રી કંચનબેન નરસિંહભાઈ પરમાર ચિ. ઘનશ્યામભાઈની સગાઈ નિમિત્તે | બારડોલી |
| ૧૦૧-૦૦ | શ્રી છગનભાઈ રવજીભાઈ સાપરીયા ગુરુ પૂર્ણિમા નિમિત્તે | વલસાડ |
| ૧૦૧-૦૦ | શ્રી નિલકંઠ છગનભાઈ સાપરીયા ગુરુપૂર્ણિમા નિમિત્તે | વલસાડ |
| ૧૦૧-૦૦ | શ્રી જયેન્દ્રભાઈ છગનભાઈ સાપરીયા ગુરુપૂર્ણિમા નિમિત્તે | વલસાડ |
| ૧૦૧-૦૦ | શ્રી જયંતીલાલ સુખલાલ વેગડ ગુરુપૂર્ણિમા નિમિત્તે | વલસાડ |
| ૨૦૧-૦૦ | શ્રી નિલકંઠ છગનભાઈ સાપરીયા કોલેજમાં જી.એસ. તરીકે ચૂંટાયા તે નિમિત્તે | વલસાડ |
| ૧૦૧-૦૦ | શ્રી હરિસંગ ગટોરભાઈ પરમાર અર્જુન ધો.-૧૦માં પાસ થયો તે નિમિત્તે | બળોલ-ભાલ |
| ૧૦૧-૦૦ | શ્રી જેઠાલાલ શાંતિભાઈ ચાવડા નવી એર્ટનો ગાડી લીધી તે નિમિત્તે | (ધૂળકોટ) અમદાવાદ |
| ૨૫૧-૦૦ | શ્રી રમેશભાઈ મેઘજીભાઈ જોગાણી (ફોટોગ્રાફર) નવો કેમેરો લાવ્યા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦-૦૦ | શ્રી લીલાબેન ગોરધનભાઈ પટેલ નવું મકાન લીધું તે નિમિત્તે | અમદાવાદ |
| ૨૦૦-૦૦ | શ્રી મહેશકુમાર પ્રભુલાલ કાચા લગ્ન પ્રસંગે | ધૂળકોટ |
| ૫૦૦-૦૦ | શ્રી કેતન નરસીભાઈ ચિ. પ્રિયાના જન્મ પ્રસંગે શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે | ધૂળકોટ |
| ૧૦૧-૦૦ | શ્રી પ્રભાબેન અમૃતલાલ ચોટલીયા ચિ. મનીષાના લગ્ન પ્રસંગે | જીરાગઢ (સુરત) |
| ૧૦૧-૦૦ | શ્રી શંભુભાઈ ઈશ્વરલાલ પટેલ ચિ. રોહિતને બી.એડ્.માં એડમીશન મળ્યુ તે નિમિત્તે | મારૂસણા |
| ૧૦૧-૦૦ | અ.નિ. જ્યોત્સનાબેન રમેશચંદ્ર બાબરભાઈ પટેલ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે | નાંદોલ |
| ૧૦૦-૦૦ | શ્રી સુરજીતસિંહ એમ. પુરી ચિ. પૌત્ર મૌલિકના જન્મદિન પ્રસંગે | અમદાવાદ |
| ૫૦૧-૦૦ | શ્રી મહેશભાઈ ચકુભાઈ ગોહેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૯માં પ્રાકટ્યોત્સવ દિન પ્રસંગે | સુરત |
| ૧૦૧-૦૦ | શ્રી રાજુ મોહનજીભાઈ ચૌહાણ ધો.-૧૦માં ૯૨% એ પાસ થયા તે નિમિત્તે | સુરત (જામસર) |
| ૧૦૧-૦૦ | શ્રી ભરતકુમાર લક્ષ્મણભાઈ પટેલ પુત્ર જન્મ પ્રસંગે | સાઢલી |
| ૧૦૧-૦૦ | શ્રી ઈતીબેન રામાભાઈ પટેલ અક્ષરવાસ નિમિત્તે (૧૩-૫-૦૬) | રનેલા (પંચમહાલ) |
| ૧૦૧-૦૦ | શ્રી જગદીશ મોહનભાઈ રામપરીયા શ્રીજી પ્રસન્નાર્થે | જીરાગઢ |
| ૧૦૧-૦૦ | શ્રી રમેશ જીવરાજ વરૂ પુત્રીના જન્મ પ્રસંગે | જીરાગઢ |
| ૫૦૧-૦૦ | શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ગુરુ પૂર્ણિમા નિમિત્તે | ખણુસા |
| ૧૦૧-૦૦ | શ્રી બાબુભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | મીરારોડ |
| ૧૦૧-૦૦ | શ્રી અશોકકભાઈ ડાહ્યાભાઈ પટેલ આફ્રિકા ગયા તે નિમિત્તે | મણીયોર (ઈડર) |
| ૧૦૧-૦૦ | શ્રી ઘનશ્યામભાઈ પથાભાઈ મોરી પુત્ર જન્મ પ્રસંગે | કાલીયાણા |
| ૧૦૧-૦૦ | શ્રી મનોજભાઈ અને નયનભાઈ પાંચોટીયા પાસ થયા તે નિમિત્તે | ઊંઝા |
| ૧૦૧-૦૦ | શ્રી દયાળજીભાઈ નરસિંહભાઈ ચિ. હેતલ ધો.-૧૨માં ૬૫%એ પાસ થઈ તે નિમિત્તે | જીરાગઢ |
| ૧૦૧-૦૦ | શ્રી મૈત્રીબેન ઉર્વિબેન કાંતિલાલ પાંચોટીયા પાસ થઈ તે નિમિત્તે | જીરાગઢ |
| ૧૦૧-૦૦ | શ્રી માવજીભાઈ રણછોડભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | મુંબઈ |
| ૧૦૧-૦૦ | શ્રી રાજેન્દ્રભાઈ માવજીભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | મુંબઈ |
| ૧૦૧-૦૦ | શ્રી રમેશભાઈ માવજીભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | મુંબઈ |
| ૧૦૧-૦૦ | શ્રી ધ્રુવિનકુમાર રાજેન્દ્રભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | મુંબઈ |
| ૧૦૧-૦૦ | શ્રી વિવેકકુમાર રાજેન્દ્રભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | મુંબઈ |
| ૧૦૧-૦૦ | શ્રી વરુણકુમાર રમેશભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | મુંબઈ |
| ૧૦૧-૦૦ | શ્રી રમાબેન જયેશભાઈ રામપરીયા શ્રીજી પ્રસન્નાર્થે | મુંબઈ |
| ૧૦૧-૦૦ | શ્રી અમીબેન પરેશભાઈ પટેલ શાળામાં બેસાડ્યા તે નિમિત્તે | મોટા ઉભડા |
| ૧૦૦-૦૦ | શ્રી જીનાન્સ ચિરાગકુમાર પટેલ ગુરુપૂર્ણિમા નિમિત્તે | ખેરોલ |
| ૧૦૧-૦૦ | શ્રી રાજવીરસિંહ નરેન્દ્રસિંહ વાઘેલા જન્મ નિમિત્તે | ગોધાવી |
| ૧૦૧-૦૦ | કાછીયા જીલ દક્ષેશભાઈ જન્મદિન નિમિત્તે | મુંબઈ |
| ૧૦૧-૦૦ | પટેલ હર્ષિલ ચંદ્રકાન્તભાઈ ધો.-૮માં પ્રથમ નંબરે પાસ થયા તે નિમિત્તે | વહેલાલ |
| ૧૦૧-૦૦ | પટેલ નૈમિષા પ્રભુદાસ શ્રીજી પ્રસન્નાર્થે | કોઠંબા |
| ૧૦૧-૦૦ | શ્રી શંકરલાલ ઈશ્વરલાલ પંચાલ ચિ. ગૌરવ ટી.વાય.બી.એસ.સી.માં પાસ થયા તે નિમિત્તે | તલોદ |
| ૧૦૧-૦૦ | શ્રી જસવંતસિંહ જીવણજી ડાભી તેમના પુત્રને પોલીસ ખાતામાં નોકરી મળી તે નિમિત્તે | ડાગંરવા |
| ૨૦૨-૦૦ | શ્રી સુનીલકુમાર શાંતિલાલ પટેલ કોમ્પ્યુટર લીધું અને નોકરી મળી તે નિમિત્તે | રતનપુર |

| | | |
|---|---|---|
| ૧૦૧-૦૦ | શ્રી અ.નિ. રસિકભાઇ ભઇજીભાઇ પટેલ ત્રીજી પુણ્યતિથે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી ગીરીશભાઈ રામાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૨૦૧-૦૦ | શ્રી હીરજીભાઈ ગોવિંદભાઈ પોરીયા નવી ગાડી લીધી તે નિમિત્તે | (ધૂળકોટવાળા) સુરત |
| ૨૦૧-૦૦ | શ્રી મહેન્દ્રભાઈ જે. પટેલ જન્મ દિન નિમિત્તે | અમદાવાદ |
| ૧૩૧-૦૦ | શ્રી ચંદ્રકાંત ભોગીલાલ જન્મતિથિ અને યશ-કમલની પરીક્ષાની સફળતા નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી આયુષીબેન અને ભવ્યાબેન જન્મદિન નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી કંચનબેન પોપટલાલ શેઠ પૌત્ર અર્પિત ધો.-૧૦માં પાસ થયો તે નિમિત્તે | મોરબી |
| ૧૦૧-૦૦ | શ્રી જીતેન્દ્રભાઈ અમૃતલાલ મોદી ચિ. ડિમ્પલને એમ.બી.બી.એસ.માં એડમીશન મળ્યું તે નિમિત્તે | નરોડા |
| ૧૦૧-૦૦ | શ્રી હિતેશભાઈ પી. રાવલ પુત્ર જન્મ પ્રસંગે | કાલીયાણા |
| ૧૦૧-૦૦ | ઠક્કર જીગર પંકજભાઈ સી.એ.પી.ઈ.આઈ.માં પાસ થવા નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી બાબુભાઈ શામળભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | ખેરોલ |
| ૧૫૧-૦૦ | શ્રી ધર્મેશ મહેન્દ્રકુમાર પટેલ ઓસ્ટ્રેલીયા ભણવા નિમિત્તે | વિહારવાળા |
| ૧૦૦-૦૦ | એક હરિભક્ત નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ | શ્રી ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે | મલાડ-મુંબઈ |
| ૧૦૧-૦૦ | શ્રી હિતેશકુમાર રમેશચંદ્ર ભાવસાર સગાઈ નિમિત્તે | અમદાવાદ |
| ૧૫૧-૦૦ | શ્રી હિંમતનગર બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના ચરણ કમળ સમીપથી એક હરિભક્ત | હિંમતનગર |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**અષાઢ સુદ-૧** પ.ભ. રામજીભાઇ ગોવિંદભાઇ હાલાઇ. **અષાઢ સુદ-૨** ઘનશ્યામ ટિમ્બર્સ (સરખેજ ગાંધીનગર). **અષાઢ સુદ-૩** પ.ભ. હંસાબેન (અમેરિકા). **અષાઢ સુદ-૭** પ.ભ. રમેશચંદ્ર વિરચંદ પરીખ. પ.ભ. સ્વ. ચંચળબેન રાવજીભાઈ પટેલ (અમદાવાદ). **અષાઢ સુદ-૧૨** અ.નિ. પ.ભ. મુળચંદભાઈ કેશવલાલ. અ.નિ. પ.ભ. પરીખ માણેકલાલ કેશવલાલ. **અષાઢ સુદ-૧૩** કાન્તાબેન (હ. સાં. સુંદરબા). **અષાઢ સુદ-૧૪** પ.ભ. બાબુભાઈ રણછોડભાઈ ઠક્કર.

**અષાઢ વદ-૨** પ.ભ. બાલાભાઈ શ્યામજીભાઈ પટેલ (ચાંદલોડિયા). અ.નિ. પ.ભ. વલ્લભભાઈ દલજીભાઈ તથા પ.ભ. મણિબેન વલ્લભભાઈ. **અષાઢ વદ-૩** યશ દિપેશકુમાર ચોકસી(ભરૂચ). **અષાઢ વદ-૫** શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર). પ.ભ. ધનલક્ષ્મીબેન માણેકલાલ ભાવસાર. **અષાઢ વદ-૬** પ.ભ. મરઘાભાઈ ચતુરભાઈ પટેલ. પ.ભ. ભલાભાઈ મોહનદાસ પટેલ (જમીયતપુરાવાળા). **અષાઢ વદ-૧૩** પ.ભ. બાબુલાલ મુળચંદદાસ (ડાંગરવા).

## છપૈયાધામમાં રજત દ્વિશતાબ્દી જન્મ જયંતી મહોત્સવ પ્રસંગે દર્શને આવનાર દેશ-વિદેશના હરિભક્તોને સૂચન

સર્વોપરિ તીર્થધામ છપૈયામાં ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના રજત દ્વિશતાબ્દી જન્મ જયંતી મહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અધ્યક્ષતામાં તા. ૨૫-૧૦-૨૦૦૬ થી ૨૭-૧૦-૨૦૦૬ દરમ્યાન ઉજવાશે. જેથી આ પ્રસંગે દર્શનાર્થે આવનાર હરિભક્તો માટે ઉતારાની ઉત્તમ વ્યવસ્થા કરેલી છે. જેથી અગાઉ નીચેની વિગતો સાથેની માહિતી તા. ૩૦-૯-૨૦૦૬ સુધીમાં નીચેના હરિભક્તો પૈકી એકને મોકલવા સૂચન છે. જેથી આપના માટે અમે યોગ્ય વ્યવસ્થા કરી શકીએ.

નામ-સરનામું-ફોન નં., કુલ સંખ્યા, ક્યા વિસ્તારથી આવવાના છો, છપૈયા કઈ તારીખે પહોંચશો, છપૈયા કેટલા દિવસનું રોકાણ, પ્રવાસ માર્ગની સંપૂર્ણ વિગત.

| | | | |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ભાવસાર પંકજભાઈ | મો. ૯૯૨૫૮૪૮૨૪૯ • (રહે.) (૦૭૯) ૨૭૬૨૦૪૯૯ |
| ૨. | મહેસાણા (કુકરવાડા) | પટેલ ભક્તિભાઈ | મો. ૯૪૨૬૫૭૨૬૦૬ • (રહે.) (૦૨૭૬૩) ૨૫૩૦૮૫ |
| ૩. | પંચમહાલ (કોઠંબા) | કાછીયા અશ્વિનભાઈ | મો. ૯૯૭૯૪૨૨૫૦૦ • (રહે.) (૦૨૬૭૪) ૨૩૦૫૨૪ |
| ૪. | સાબરકાંઠા (અરોડા) | પટેલ નવનીતભાઈ | મો. ૯૮૭૯૭૫૦૪૩૯ • (રહે.) (૦૨૭૭૮) ૨૪૦૪૩૯ |
| ૫. | મૂળી (સુરેન્દ્રનગર) | ઝાલા શૈલેન્દ્રસિંહ | મો. ૯૮૨૫૩૮૬૩૭૦ • (રહે.) (૦૨૭૫૨) ૨૮૩૮૮૫ |
| | (હળવદ) | જોબનપુત્રા ચિરાગભાઈ | મો. ૯૮૨૫૧૬૮૭૮૧ • (રહે.) (૦૨૭૫૮) ૨૬૦૧૫૮ |
| ૬. | ભૂજ | - | |

સદર માહીતી સમયસર મોકલી મહોત્સવના આયોજનને સફળ બનાવવા સહકાર આપવા વિનંતી.

નોંધ : મહોત્સવ દરમ્યાન સ્વયં સેવક તરીકે સેવામાં રસ ધરાવનાર હરિભક્તોએ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદનો સંપર્ક કરવો.



કાંકરિયા મંદિરમાં શોભાયમાન ભવ્ય હિંડોળા દર્શન



જીવાપર (હાલાર-મૂળીદેશ) મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે મહાપૂજાની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



ધોળકા મંદિરમાં ભવ્ય હિંડોળા દર્શન



ચરાડવા મંદિરમાં ધૂન પ્રસંગે લાભ લેતા ગામો ગામના હરિભક્તો.




નારાયણઘાટ મંદિરમાં નૂતન ભોજનાલય પ.પૂ.મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ખુલ્લુ મુકાયું



નારાયણઘાટ મંદિરમાં કલાત્મક ભવ્ય હિંડોળા દર્શન.

permitted to Post AHME.P.S.O. On 11th of Every Month



ચરાડવા મંદિરમાં રજત દ્વિ શતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં
૨૨૫ દિવેટની ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. મહારાજશ્રી



ગુરૂપૂર્ણિમાના અમદાવાદ મંદિરમાં સત્સંગી બહેનો પણ સંપ્રદાયની ચૂસ્ત મર્યાદામાં દૂરથી
પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના દર્શનનો લાભ લઈ રહ્યા છે.

Praful Kha[illegible]i